અદેવ- ૪૬૯

# આદિજાતિ આશ્રમશાળા યોજના: મૂલ્યાંકન અભ્યાસ


**અભ્યાસ કર્તા**

ડૉ. રવીન્દ્ર પંચોલી

દેવચંદ વહોનીયા

**સંપાદક**

ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય



૨૦૧૧ – ૨૦૧૨

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ – ૩૮૦૦૧૪


૪૬૯

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | આશ્રમશાળા : મૂલ્યાંકન યોજના | ૧ - ૧૫ |
| ૨ | આશ્રમશાળા પૂર્વભૂમિકા | ૧૬ - ૨૯ |
| ૩ | સાહિત્ય સમીક્ષા | ૩૦ - ૪૫ |
| ૪ | આશ્રમશાળા કલેવર | ૪૬ - ૬૦ |
| ૫ | આશ્રમશાળા વ્યવસ્થાના વિવિધ અંગો | ૬૧ - ૬૭ |
| ૬ | તારણો - સૂચનો | ૬૮ - ૭૦ |

# કોઠાની વિગત



| કોઠા નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧.૧ | આશ્રમશાળાઓની દાયકાવાર અને જિલ્લાવાર કરેલ વહેંચણીની માહિતી | ૬ |
| ૧.૨ | જિલ્લાવાર અને દાયકાવાર પસંદ થયેલ આશ્રમશાળાઓની સંખ્યાની માહિતી | ૯ |
| ૨.૧ | દસ દસ વર્ષના ગાળામાં સ્થપાયેલ પ્રાથમિક આશ્રમશાળા અને ઉ.બુ. આશ્રમશાળાઓની માહિતી | ૨૧ |
| ૨.૨ | ૨૦૦૧-૨૦૧૦ના દાયકામાં સ્થપાયેલ આશ્રમશાળાઓ | ૨૨ |
| ૨.૩ | રાજયમાં અનુસૂચિત જનજાતિના બાળકો માટે જિલ્લાવાર આશ્રમશાળા (વર્ષ) | ૨૩ |
| ૪.૧ | આશ્રમશાળા મકાનની સ્થિતિ | ૪૭ |
| ૪.૨ | વિવિધ સુવિધાઓ | ૪૮ |
| ૪.૩ | સંસ્થા તરફથી અપાતી સગવડો | ૪૯ |
| ૪.૪ | માન્ય સંખ્યાની માહિતી | ૫૧ |
| ૪.૫ | વર્ષ ૨૦૧૦-૧૧ની કુલ સંખ્યા તેમજ હાજર સંખ્યાની માહિતી | ૫૨ |
| ૪.૬ | કુલ સંખ્યાનું સામાજિક વર્ગ પ્રમાણે વર્ગીકરણ | ૫૩ |
| ૪.૭ | કર્મચારીની સંખ્યા અને લાયકાત | ૫૪ |
| ૪.૮ | કર્મચારીઓની સંખ્યા | ૫૪ |
| ૪.૯ | શિક્ષકોની શૈક્ષણિક લાયકાત | ૫૫ |
| ૪.૧૦ | વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ | ૫૮ |
| ૪.૧૧ | ગુણોનું મૂલ્યાંકન | ૫૯ |
| ૫.૧ | કુલ શૈક્ષણિક અનુભવ | ૬૨ |
| ૫.૨ | આશ્રમશાળાના શિક્ષકો અને આચાર્યની પરિસર અંગે માહિતી | ૬૩ |
| ૫.૩ | વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ | ૬૪ |
| ૫.૪ | ઘરના અન્ય સભ્યોને પડતી મુશ્કેલીઓ | ૬૫ |
| ૫.૫ | વિદ્યાર્થીઓ કયાં સુધી અભ્યાસ કરવા માગે છે | ૬૬ |

# પ્રકરણ-૧

## આશ્રમશાળા : મૂલ્યાંકન યોજના


૧.૦.૦ પ્રસ્તાવના

૧.૧.૦ મૂલ્યાંકન શા માટે ?

૧.૨.૦ અભ્યાસના હેતુઓ

૧.૩.૦ આદિવાસી વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળા શા માટે ?

૧.૪.૦ સંશોધનના પ્રશ્નો

૧.૫.૦ અભ્યાસનો વિસ્તાર (નિદર્શન)

૧.૬.૦ માહિતી એકત્રીકરણનાં ઉપકરણો

૧.૭.૦ પ્રોજેક્ટકાર્ય પદ્ધતિ

૧.૮.૦ અભ્યાસની મર્યાદા

૧.૯.૦ અનુભવો

# પ્રકરણ-૧

# આશ્રમશાળા : મૂલ્યાંકન યોજના

## ૧.૦.૦ પ્રસ્તાવના

એકવીસમી સદી માટેના આંતરરાષ્ટ્રીય કમિશનના શિક્ષણ અંગેના યુનેસ્કોના અહેવાલ Learning the tresure within (શિક્ષણ : ભીતરનો ખજાનો) માં ''માનવના જીવનમાં આજીવન કામમાં આવનારા શિક્ષણના ચાર સ્તંભોની રજૂઆત કરી છે. જેમાં, (૧) જાણવા માટેનું શિક્ષણ (૨) સર્જન માટેનું શિક્ષણ (૩) સહજીવન માટેનું શિક્ષણ અને (૪) અસ્તિત્વ માટેનું શિક્ષણનો સમાવેશ થાય છે.[૧] એટલે કે જેનાથી બાળક સમજણ માટેના સાધનો પ્રાપ્ત કરી શકે, જેનાથી બાળક પોતાની આસપાસના પર્યાવરણમાં સર્જનાત્મક રીતે કામ કરી શકે, જેનાથી બાળક તમામ માનવીય પ્રવૃત્તિઓના ક્ષેત્રે અન્ય લોકો સાથે સહકાર અને ભાગીદારી કરતાં શીખી શકે તેમજ સારી રીતે કેમ જીવવું, બહેતર જીવન કેમ બનાવવું તે શીખી શકે તેવું શિક્ષણ બાળકને આપવાથી આવનારી સદીના પડકારોને પહોંચી શકાય તેવું આયોગનું માનવું છે. શિક્ષણને એક અનિવાર્ય આદર્શરૂપે ગણાવતા અહેવાલમાં જણાવ્યું છે કે, ''ભાવિના ગર્ભમાં રહેલા જે પડકારોનો સામનો કરવાનો છે તેને પહોંચી વળવા માટે શાંતિ, સ્વાતંત્ર્ય અને સામાજિક ન્યાયના આદર્શોને સિધ્ધ કરવા માટે શિક્ષણ એક અનિવાર્ય મૂડી છે એમ માનવજાત સમજે છે. કેળવણી પ્રત્યેની ઉપરોક્ત માન્યતાને આયોગ ટેકો આપે છે કે વ્યક્તિના અને સમાજના વિકાસમાં શિક્ષણે મહત્વનો ભાગ ભજવવાનો છે. અલબત્ત આયોગ ચોક્કસ માને છે કે શિક્ષણ પોતે બધી સમસ્યાનો કોઈ જાદુઈ કે ચમત્કારીક ઉકેલ નથી, પરંતુ શિક્ષણમાં એ સામર્થ્ય જરૂર છે કે સુસંવાદિતા ભરેલ સંપોષિત વિકાસ સાધવાની શક્તિ તેનાથી કેળવી શકાય છે.''[૨] આ શક્તિઓને કેળવવાની મહત્તમ જરૂરિયાત વંચિત વર્ગોમાં છે, જેમાં આદિવાસી સમાજ સમાવિષ્ટ છે તે સુવિદિત છે.

૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે સમગ્ર દેશની વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ ૬૪.૯% છે, જયારે દેશની અનુસૂચિત જનજાતિની વસ્તીમાં સાક્ષરતાનું પ્રાણ ૪૭.૧% છે. જુદા જુદા રાજયો, યુનિયન ટેરીટરી સહિત કુલ ૩૫ પ્રદેશોનું અલગ અલગ સાક્ષરતા પ્રમાણ જોતાં ગુજરાતનું સ્થાન તેમાં ૧૭મા ક્રમે આવે છે. જયારે અનુસૂચિત જનજાતિ ધરાવતાં જુદા જુદા રાજયો, યુનિયન ટેરીટરી સહિતના કુલ ૩૦ પ્રદેશોમાંથી ગુજરાત ૧૯મા ક્રમે જોવા મળે છે. ટૂંકમાં, દેશના સમગ્ર સાક્ષરતાની સરખામણીમાં અનુસૂચિત જનજાતિઓમાંનું સાક્ષરતા પ્રમાણ તથા દેશમાં સાક્ષરતાની બાબતે ગુજરાતના સ્થાનની રીતે પણ અનુસૂચિત જનજાતિઓ ઘણાં પાછળ છે. ઉપરાંત છેલ્લા પાંચ દાયકાથી રાજયની

(૧) અનુવાદક દીપક પ્રતાપરાય મહેતા : શિક્ષણ : ભીતરનો ખજાનો, વર્ષ ૨૦૦૦, પૃ.૪૪

(૨) અનુવાદક દીપક પ્રતાપરાય મહેતા : શિક્ષણ : ભીતરનો ખજાનો, વર્ષ ૨૦૦૦, પૃ.૧

વસ્તીમાં અને અનુસૂચિત જનજાતિની વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ ઉત્તરોત્તર વધતુ ગયું છે, છતાં બન્ને વચ્ચેનો શરૂઆતનો જે સાક્ષરતા તફાવત હતો તે તો વધતો ગયો અને દરેક દશકાઓમાં લગભગ ૨૨% જેટલો બન્ને વચ્ચેનો સાક્ષરતા પ્રમાણ તફાવત આજે પણ છે. જેમ કે, ૧૯૬૧માં રાજયની સામાન્ય સાક્ષરતા ૩૦.૪૫% હતી અને અનુસૂચિત જનજાતિઓમાં સાક્ષરતા ૧૧.૬૯% હતી જે બંને વચ્ચેનો સાક્ષરતાનો તફાવત ૧૮.૭૬% નો હતો. જયારે ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજયની કુલ વસ્તીમાં ૬૯.૧૪% સાક્ષરતાની સામે અનુસૂચિત જનજાતિઓમાંની સાક્ષરતા ૪૭.૭૪% છે. જે બન્ને વચ્ચે ૨૧.૪૪% નો સાક્ષરતા તફાવત જોવા મળે છે.

ઉપરાંત શિક્ષણનો વ્યાપ એ આદિવાસીઓની વિવિધ જાતિઓમાં સરખો જોવા મળતો નથી. વિવિધ જાતિઓ વચ્ચેના શિક્ષણના દરમાં ઘણો જ તફાવત જોવા મળે છે. જેમ કે, ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કેટલીક અનુસૂચિત જનજાતિઓ ૪૦%કરતાં પણ ઓછું શિક્ષણ ધરાવે છે. જેમાં ભરવાડ, રબારી, ચારણ (ગીર વિસ્તારના), કાથોડી-કાતકરી, કોલઘા, નાયકા-નાયકડા, પઢાર, રાઠવા, વારલી અને કોટવાળિયા જનજાતિઓનો સમાવેશ થાય છે. જયારે બરડા, બાવચા, ચૌધરી, ઢોડિયા, ગામિત, કુનબી, પટેલીયા, પોમલા, સીદ્દી વગેરે જનજાતિઓમાં ૫૦% કરતાં પણ વધારે સાક્ષરતા દેખાઈ આવે છે. આદિવાસીઓમાં શિક્ષણની ગુણવત્તા પણ ઘણી નબળી જોવા મળે છે. શિક્ષિત આદિવાસીઓમાં લગભગ મોટાભાગના લોકોએ પ્રાથમિક શિક્ષણ જ મેળવેલું જોવા મળે છે. જેમકે, ગુજરાતમાં ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ આદિવાસી વસતીના માત્ર ૦.૯૮ ટકા વસ્તી જ ઉચ્ચ શિક્ષણ મેળવેલ જોવા મળી હતી.

આદિવાસી સમુદાયમાં શૈક્ષણિક પછાતપણાનું મુખ્ય કારણ એ છે કે આદિવાસી વસ્તીનો મોટો ભાગ જંગલ વિસ્તારમાં છે. પહાડી વિસ્તારમાં છે. મેદાન-વિસ્તારોમાં જેટલા પ્રમાણમાં શૈક્ષણિક સગવડો ઉપલબ્ધ છે તેના પ્રમાણમાં જયાં આદિવાસીઓ વસે છે તે જંગલો અને પહાડોના વિસ્તારોમાં શૈક્ષણિક સગવડો ઘણી ઓછી છે. ઉપરાંત બિનઆદિવાસીઓ શિક્ષણ લેવા તરફ જેટલા પ્રેરાયેલા છે તેટલા પ્રમાણમાં આદિવાસીઓ શિક્ષણ લેવા તરફ પ્રેરાયેલા નથી. આ શૈક્ષણિક પછાતપણું તેમના સમગ્ર પછાતપણાનો એક ભાગ છે. લગભગ દરેક આધુનિક રાજયતંત્રે અને ભારતે પણ ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના સિધ્ધાંતને અપનાવ્યો છે. વળી, ભારતે તો બંધારણ દ્વારા જ ફરજિયાત અને મફત પ્રાથમિક શિક્ષણનું વચન આપ્યું છે. આથી બધા જ આદિવાસી બાળકોને શૈક્ષણિક તકો મળી રહે તેવી વ્યવસ્થા કરવાની જવાબદારી રાજયની છે. પરંતુ પછાત વિસ્તારોમાં શાળાઓ સ્થાપવા અને ચલાવવામાં રાજય પહોંચી નથી વળતું તેમ કહી ખાનગી-સ્વૈચ્છિક સંસ્થાઓને પણ શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવા દેવામાં આવે છે. આદિવાસીઓના શિક્ષણમાં આવી સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો નોંધનીય રહ્યો છે. તેઓએ આવા વિસ્તારમાં આશ્રમશાળાઓ ખોલી કેટલાયને

શિક્ષણ અભિમુખ કર્યા છે અને શિક્ષણમાં જે પણ ધીમો વધારો થઈ રહ્યો છે તે આશ્રમશાળાને લીધે છે તેમ જ આ સમાજના પરિવર્તનમાં પણ આશ્રમશાળાનું યોગદાન મહત્વનું છે તે સ્પષ્ટપણે જોઈ શકાય છે.

આશ્રમશાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે અને એ માટે તેમને સરકારી અનુદાન મળે છે. આશ્રમશાળાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે એક એવી માન્યતા બંધાઈ કે આદિવાસીઓના પ્રાથમિક શિક્ષણના વ્યાપ અને વિકાસ માટે આશ્રમશાળા એક સફળ સાધન છે. તેમ છતાં આ આશ્રમશાળાઓ વિશે કેટલીક ફરિયાદો સાંભળવા અને જાણવા મળે છે જેમ કે,

- ગામડે ગામડે પ્રાથમિક શાળાઓ છે તો આશ્રમશાળાની આવશ્યકતા શા માટે ?
- સ્વૈચ્છિક સંસ્થાઓને પોતપોતાનાં હિતો હોય છે અને તેઓ આદિવાસી શિક્ષણના પ્રશ્નનું અર્થઘટન પોતપોતાનાં હિતોને અનુરૂપ કરે છે. તેથી જ આદિવાસી શિક્ષણનો પ્રશ્ન વિવાદાસ્પદ બન્યો છે.
- આશ્રમશાળાઓ આદિવાસીઓને આદિવાસી રાખવા માટે જ છે. તેથી આશ્રમી કે બુનિયાદી તત્વોનો વિરોધ કરવો જોઈએ.
- ૧૯૯૪ પછી આશ્રમશાળાનો વહીવટ આદિજાતિ વિકાસ વિભાગને સોંપાતા શૈક્ષણિક ગુણવત્તાનાં સ્તરમાં ઘટાડો થયો છે.
- આશ્રમશાળાઓનો લાભ ખાસ પ્રકારના વર્ગના બાળકોને જ મળે છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ જોડે પાયાની સુવિધાઓ ન હોવા છતાં પણ આશ્રમશાળા સ્થાપવા મંજૂરી આપી દેવામાં આવે છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓમાં સેવાની ભાવના હોય તે આવશ્યક છે, પરંતુ હાલની સંસ્થાઓ સેવાના ઉદ્દેશને ભુલી જઈ વ્યવસાયને વધુ પ્રાધાન્ય આપતા થયા છે.

આશ્રમશાળાઓની સફળતા કે એ અંગેની ફરિયાદોને ધ્યાનમાં લઈ લાંબાગાળાની દ્રષ્ટિએ આશ્રમશાળાનો વિકાસ કેટલો આવશ્યક છે અને તેમાં સુધારાવધારાને કેટલું સ્થાન છે તે વિશે વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરવાનું અનિવાર્ય લાગે છે. આ સંદર્ભમાં હાલમાં ચાલતી આશ્રમશાળાઓની સ્થિતિ વિશે પૂરતો ખ્યાલ મેળવી શકાય અને તેની સાથે તેના વિકાસને રુંધતા અને નડતા પ્રશ્નો સમજી શકાય તેમ જ તેને હલ કરવાના માર્ગો વિચારી શિક્ષણના વિકાસમાં વેગ વધારી શકાય તે વિશે વર્તમાન સમયમાં આશ્રમશાળાઓ અંગે અભ્યાસ કરવો આવશ્યક તેમજ અનિવાર્ય છે. આવા અભ્યાસના તારણો અને સૂઝાવોને નજરમાં રાખી ભવિષ્યમાં શરૂ થનાર આશ્રમશાળામાં એનું ધ્યાન રખાય તો અભ્યાસ સાર્થક લાગે અને જનસમુદાયમાં જે શંકા કે ફરિયાદો ઉઠે છે તેનો પણ અંત આવશે.

### ૧.૧.૦ મૂલ્યાંકન શા માટે ? :

આદિવાસી વિસ્તારમાં શિક્ષણના વિકાસમાં આશ્રમશાળાનો ફાળો અમૂલ્ય છે અને આદિવાસી વિદ્યાર્થીઓ માટે તે આર્શીવાદરૂપ છે. આમ છતાં છેલ્લા કેટલાક વર્ષોથી બૃહદ સમાજમાં એવી ચર્ચા થાય છે કે હવે ગામડે-ગામડે પ્રાથમિક શાળાઓ શરૂ થતાં આશ્રમશાળાની જરૂરિયાત રહી નથી. સાથે એવું ચર્ચાય છે કે હવે આવી સંસ્થાઓ ખોલવા પાછળ સેવાકાર્ય ગૌણ બનવા માંડ્યુ છે. સંસ્થાને આર્થિક સધ્ધરતા કરવામાં વધુ રસ છે અને તેથી તે ભૌતિક વિસ્તારણ પર વધુ ધ્યાન આપે છે. વળી, ૧૯૯૪ પછી આશ્રમશાળાનો વહીવટ આદિજાતિ વિકાસ વિભાગને સોંપાયો છે જેથી આશ્રમશાળાના શિક્ષણની ગુણવત્તામાં વખતો વખત ઘટાડો થવા માંડ્યો છે અને તેથી જ આજે સંસ્થાઓ સરકાર તરફથી મળતા અનુદાનનો ઉપયોગ શિક્ષણના વિકાસ માટે નહિ પરંતુ પોતાની આર્થિક સધ્ધરતા વધારવા પાછળ કરી રહ્યા છે. ઉપરાંત એવી પણ ચર્ચા થાય છે કે પાયાના નીતીનિયમોનું પાલન ન કરવા છતાં પણ સરકાર દ્વારા આશ્રમશાળા સ્થાપવાની મંજૂરી સંસ્થાઓને આપવામાં આવે છે. સરકારની આ નીતિને કારણે છેલ્લા કેટલાંક વર્ષોમાં આશ્રમશાળાઓની સંખ્યામાં ઘણો જ વધારો થયો છે. પરંતુ આ વધારાને કારણે શું આદિવાસી બાળકોના ગુણવત્તાલક્ષી શિક્ષણમાં વધારો થયો છે ? એ એક મુખ્ય પ્રશ્ન છે.

બીજી તરફ એવું પણ કહેવાય છે કે હાલમાં સરકારશ્રી તરફથી મળતી વિદ્યાર્થીદીઠ નિભાવગ્રાન્ટમાં બાળકોને પૂરતી સુવિધાઓ આપવી અશક્ય છે. વળી, શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં શિક્ષણ અંગે માળખાકીય સુવિધા છે તે સુવિધા આશ્રમશાળાઓ માટે બિલકુલ નહિવત છે અને આશ્રમશાળાઓમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓમાં જોવા મળતો અસંતોષ દેખિતી રીતે શિક્ષણના પરિણામ ઉપર અસર કરે છે. તેથી જ શું સરકારશ્રીની ગ્રાન્ટ આપવાની નીતિમાં તેમજ આશ્રમશાળા અંગેના નીતિનિયમોમાં ફેરફાર થવો જોઈએ ? એ પણ એક મહત્વનો પ્રશ્ન છે.

ઉપરોક્ત બાબતોની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે તે અંગેનો અભ્યાસ તેમજ નિરીક્ષણ આવશ્યક છે. તેથી જ ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા ગુજરાતની આદિજાતિ માટે ચાલતી આશ્રમશાળાના સંદર્ભે સર્વગ્રાહી અભ્યાસીય અભિપ્રાય આપવા જણાવાયુ હોવાથી આશ્રમશાળાઓનું મૂલ્યાંકન કરવું આવશ્યક છે.

### ૧.૨.૦ અભ્યાસના હેતુઓ :

(૧) આશ્રમશાળાથી આદિવાસી શિક્ષણમાં શું પરિવર્તન આવ્યું છે તે જાણવું.

(૨) આદિવાસી શિક્ષણના વિકાસ અને ઉત્તેજન માટે આશ્રમશાળાઓનું માળખું તેમજ વ્યવસ્થાતંત્ર તપાસવું. ઉપરાંત ઉપલબ્ધ શાળાકીય સુવિધાઓની તપાસ તેમજ પર્યાપ્તતા તપાસવી.

(૩) વિદ્યાર્થીઓની તેમના ધોરણ પ્રમાણેની લાયકાત તપાસવી.

(૪) આશ્રમશાળાથી તેમાં રહેતા વિદ્યાર્થીઓને સંતોષ છે કે નહિ તે જાણવું.

(૫) આશ્રમશાળા અભ્યાસમાં અપવ્યયનું પ્રમાણ જાણવું.

(૬) જુદીજુદી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો કેવી રીતે અમલ થાય છે તેની સમીક્ષા.

(૭) શૈક્ષણિક પ્રવૃત્તિઓને વધુ અસરકારક બનાવવા નીતિ વિષયક ભલામણો કરવી.

(૮) આશ્રમશાળાઓ ચલાવવા સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનની ઉપલબ્ધતા તેમજ તેના ઉપયોગની યોજના તપાસવી.

(૯) આશ્રમશાળાની સમસ્યાઓ અને તેના સંભવિત ઉકેલો વિચારવા.

**૧.૩.૦ આદિવાસી વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળા શા માટે ? :**

ગુજરાતનો પૂર્વપટ્ટીય વિસ્તાર જયાં ૧૨ જિલ્લા, ૪૩ તાલુકા, ૫,૮૦૦થી વધુ આદિવાસી ગામો છે ત્યાંની ભૌગોલિક સ્થિતિને કારણે ત્યાંની શિક્ષણની કામગીરી કરવા માટેની જરૂરિયાત જુદી છે. ઉપરાંત આદિવાસીઓમાં સ્થળાંતરનું પ્રમાણ ઘણું જ વધારે જોવા મળે છે. મોટોભાગ સ્થળાંતરિત થતો હોવાથી તેમના બાળકોના શિક્ષણનો પ્રશ્ન તેમજ તેમની સારસંભાળનો પ્રશ્ન ખૂબ જ મોટો છે. વળી, આદિવાસી ગામો ૧ કે ૨ કિલોમીટરથી શરૂ કરી ૧૦ થી ૧૨ કિલોમીટરમાં પથરાયેલા જોવા મળતા હોય છે. તેવા સંજોગોમાં ગામમાં ફક્ત પ્રાથમિક શાળા હોય તો તે પૂરતું નથી. દૂર આવેલી પ્રાથમિક શાળામાં પહોંચવું પણ બાળક માટે શક્ય નથી. તેથી જ ઉપરોક્ત સંજોગોને ધ્યાનમાં રાખતા આદિવાસી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે આશ્રમશાળા જરૂરી છે. આજે ગુજરાતમાં આશ્રમશાળા શરૂ થયે ૯૦ વર્ષ થઈ ગયા છે. ઈ.સ. ૧૯૨૨માં પંચમહાલના મીરાખેડીમાં પ્રથમ આશ્રમશાળા સ્થપાઈ. ત્યારબાદ સ્વતંત્રતા પછી ઈ.સ.૧૯૫૧-૫૨માં આશ્રમશાળા યોજના અમલમાં આવી અને આદિવાસી વિસ્તારમાં શિક્ષણ માટેના ઉત્તમ વિકલ્પ તરીકે રાજયભરમાં વિવિધ આશ્રમશાળાઓ સ્થપાઈ અને આજે પણ આદિવાસીઓ માટે શિક્ષણ મેળવવાના એક ઉત્તમ વિકલ્પ તરીકે આશ્રમશાળાઓ કામ કરી રહી છે.

**૧.૪.૦ સંશોધનના પ્રશ્નો :**

(૧) આદિવાસી વિસ્તારમાં શિક્ષણ અંગેની આશ્રમશાળાઓની જીવનદષ્ટિ (તત્વજ્ઞાન) શું છે ?

(૨) હાલની આશ્રમશાળાઓ કેટલા અંશે તેના સિધ્ધાંતોની પૂર્તિ કરે છે ?

(૩) આશ્રમશાળા શિક્ષણની ક્ષમતા તેમજ ગુણવત્તા વધારવાની પદ્ધતિની શોધ.

**૧.૫.૦ અભ્યાસનો વિસ્તાર (નિદર્શન) :**

રાજયમાં ૨૦૧૦ સુધીમાં કુલ ૫૪૭ આશ્રમશાળાઓ સ્થાપવામાં આવી છે. જે પૈકી ૪૫૦ પ્રાથમિક આશ્રમશાળાઓ અને ૯૭ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ છે. આ આશ્રમશાળાઓની દાયકાવાર તેમજ જિલ્લાવાર વહેંચણી કોઠા નં.૧.૧ માં દર્શાવેલ છે.

### કોઠા નં.૧.૧
### આશ્રમશાળાઓની દાયકાવાર અને જિલ્લાવાર કરેલ વહેંચણીની માહિતી

| જિલ્લો | ૫૧ - ૬૦ | | ૬૧ - ૭૦ | | ૭૧ - ૮૦ | | ૮૧ - ૯૦ | | ૯૧ - ૨૦૦૦ | | ૨૦૦૧ - ૨૦૧૦ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. |
| પાટણ | - | - | - | - | - | - | - | - | - | - | ૦૧ | - | ૦૧ | - |
| સાબરકાંઠા | ૦૩ | - | ૦૨ | - | ૦૬ | ૦૨ | ૧૩ | ૦૩ | ૧૬ | ૦૫ | ૦૫ | ૦૩ | ૪૫ | ૧૩ |
| અમદાવાદ | - | - | - | - | - | - | ૦૧ | - | - | - | - | - | ૦૧ | - |
| બનાસકાંઠા | ૦૧ | - | ૦૧ | - | ૦૫ | - | ૦૩ | ૦૧ | ૦૯ | ૦૪ | ૦૩ | ૦૨ | ૨૨ | ૦૫ |
| ભરૂચ | ૦૨ | - | ૦૨ | - | ૦૨ | ૦૧ | ૦૧ | - | - | ૦૧ | ૦૨ | - | ૦૯ | ૦૨ |
| સુરત | ૦૪ | - | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૬ | ૦૫ | ૧૬ | ૦૨ | ૦૧ | ૦૧ | ૩૬ | ૧૩ |
| તાપી | ૦૩ | - | ૦૭ | ૦૧ | ૦૭ | - | ૩૨ | ૦૭ | ૦૫ | ૦૪ | ૦૨ | - | ૫૬ | ૧૨ |
| વલસાડ | ૦૫ | - | ૦૫ | - | ૦૯ | - | ૧૮ | ૦૨ | ૧૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૫૦ | ૦૫ |
| નવસારી | ૦૪ | - | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૧ | ૨૨ | ૦૬ |
| ડાંગ | ૦૧ | - | - | - | - | - | ૦૮ | - | ૦૩ | - | - | - | ૧૨ | - |
| ખેડા | - | - | - | - | - | - | - | - | ૦૧ | - | - | - | ૦૧ | - |
| દાહોદ | ૦૮ | - | ૦૨ | ૦૧ | ૦૭ | ૦૧ | ૧૫ | ૦૫ | ૩૪ | ૧૦ | ૦૪ | - | ૭૦ | ૧૭ |
| વડોદરા | ૦૨ | - | ૦૬ | ૦૧ | ૦૬ | ૦૨ | ૧૧ | ૦૪ | ૧૨ | ૦૪ | ૦૧ | ૦૪ | ૩૮ | ૧૫ |
| નર્મદા | ૦૨ | - | ૦૬ | - | ૦૪ | ૦૨ | ૧૨ | - | ૧૮ | ૦૨ | ૦૩ | ૦૨ | ૪૫ | ૦૬ |
| પંચમહાલ | ૦૨ | - | ૦૪ | - | ૦૬ | - | ૦૪ | - | ૧૬ | ૦૧ | ૦૪ | ૦૨ | ૩૬ | ૦૩ |
| સુરેન્દ્રનગર | - | - | - | - | - | - | - | - | - | - | ૦૧ | - | ૦૧ | - |
| જૂનાગઢ | - | - | - | - | ૦૧ | - | - | - | ૦૧ | - | ૦૧ | - | ૦૩ | - |
| પોરબંદર | - | - | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | ૦૧ | - |
| જામનગર | - | - | - | - | - | - | - | - | ૦૧ | - | - | - | ૦૧ | - |
| કુલ | ૩૭ | - | ૪૫ | ૦૫ | ૫૯ | ૧૪ | ૧૩૦ | ૨૮ | ૧૪૬ | ૩૪ | ૩૩ | ૧૬ | ૪૫૦ | ૯૭ |

રાજયમાં આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં આદિવાસીઓની વસતિનું પ્રમાણ અલગ અલગ જોવા મળે છે. વળી તેમની રહેણી-કરણી પણ અલગ જોવા મળે છે. તેથી તેમની વસતિના પ્રમાણમાં દરેક જિલ્લામાં આશ્રમશાળાઓ સ્થાપવામાં આવી છે કે નહિ તે ઉદ્દેશથી આશ્રમશાળાઓની જિલ્લાવાર વહેંચણી કરવામાં આવી.

''આશ્રમી શિક્ષણનું સંચાલન કરનાર હિતજૂથનું પ્રાથમિક હિત રાજકીય સત્તા છે. જેમ આશ્રમશાળાના સંચાલક હિતજૂથોનું રાજકીય સ્થાન બદલાતું ગયું તેમ તેની અસર આશ્રમી શિક્ષણની સંસ્થાઓના વિકાસ પર પડી છે અને તેમના તબક્કાવાર બદલાતાં જતાં સ્થાનની અસર આશ્રમી શિક્ષણ સંસ્થાઓએ આદિવાસી શિક્ષણમાં ભજવેલી ભૂમિકા તેમજ આશ્રમી શિક્ષણના ધ્યેયો પર પડે છે. તેને લીધે જ જુદા જુદા તબક્કાઓમાં આશ્રમશાળાની ભૂમિકા અને ધ્યેયોમાં પરિવર્તન આવતું જણાય છે.''[૩] પહેલાંની આશ્રમશાળાઓના ધ્યેયમાં બુનિયાદી શિક્ષણ આપવાની સાથે વિદ્યાર્થીઓને કૃષિ સંદર્ભે તાલીમ પણ મળે તેનો સમાવેશ થતો હતો. તેમજ શ્રમ પ્રત્યેની બાળકની સૂગ ઓછી થાય અને તેઓ શ્રમ કરવા પ્રેરાય, ઉપરાંત શ્રમિક માટે તેમના મનમાં આદરભાવ ઊભો થાય તે બાબતોને પણ મહત્વ આપવામાં આવતું હતું. જયારે પછીની આશ્રમશાળાઓ પાસે જમીન હોવી જ જોઈએ તે આગ્રહ ઓછો થઈ ગયો અને ઘણી આશ્રમશાળાઓ પાસે ખેતી માટે જમીન નથી. દા.ત. દાહોદના સંકલિત આદિવાસી વિકાસ કાર્યક્રમ (ITDP) વિસ્તારમાં ૧૧૪માંથી ૪૪ આશ્રમશાળાઓ પાસે કોઈ જમીન નથી. આજ રીતે વલસાડના ITDP વિસ્તારમાં ૬૦ ટકા આશ્રમશાળાઓ પાસે જ જમીન છે.[૪] આ ઉપરાંત ૧૯૯૪ પહેલાં આશ્રમશાળાઓ શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત હતી. જયારે ૧૯૯૪ પછી તેનું સંચાલન આદિજાતિ વિભાગને સોંપવામાં આવ્યું છે.[૫]

આમ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી દાયકાવાર બદલાતા સંદર્ભોને કારણે આશ્રમશાળાના સ્વરૂપમાં અને તત્વમાં બદલાવ આવ્યો છે તેવું ફળીભૂત થાય છે. આ હકીકતને અનુલક્ષીને દાયકાવાર આશ્રમશાળાઓમાં રહેલ તફાવત જાણવાના આશયથી આશ્રમશાળાઓને દાયકાવાર પણ વહેંચવામાં આવી. ત્યારબાદ દરેક જિલ્લાનું તેમજ દરેક દાયકાનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે ૧૦ ટકા પ્રમાણે આશ્રમશાળાઓની પસંદગી કરવામાં આવી. પસંદગી દરમ્યાન,

- સૌ પ્રથમ પ્રત્યેક દસકાવાર પ્રત્યેક જિલ્લાની આશ્રમશાળાઓના નામની યાદી બનાવવામાં આવી.

---

૩. ડૉ. વિદ્યુત જોષી : આશ્રમશાળાઓ એક અધ્યયન, વર્ષ ૧૯૮૦, પૃ.૨૦૨ અને ૨૧૨.

૪. B.L. Kumar : Tribal Education in Gujarat : An Evaluation of Educational Incentive Schemes, June, 2004.

૫. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૪-૩-૯૪નો સરકારી ઠરાવ ક્રમાંક : અમગ-૧૪૯૩/૨૦૪૨/ગ મુજબ.

- ત્યારબાદ જે જિલ્લામાં ફક્ત એક જ આશ્રમશાળા સ્થપાયેલ હતી તે આશ્રમશાળાઓને સહેતુક પસંદ કરવામાં આવી. જેથી તે જિલ્લાનો પણ અભ્યાસના વિસ્તારમાં સમાવેશ થઈ જાય.
- વધેલ આશ્રમશાળાઓમાંથી દરેક દસકા તેમજ જિલ્લાને ધ્યાનમાં રાખી ચિઠ્ઠી ઉપાડી યાદચ્છિક રીતે આશ્રમશાળાઓની પસંદગી કરવામાં આવી.
- પસંદગી કરતી વખતે જુદા જુદા સંચાલક મંડળ દ્વારા ચલાવાતી આશ્રમશાળાઓની પસંદગી થાય તે બાબત ધ્યાનમાં રાખવામાં આવી.
- કેટલાંક જિલ્લામાં કોઈ દાયકામાં એક જ સંચાલક મંડળ દ્વારા એક કરતાં વધુ શાળાઓ સ્થાપવામાં આવી છે. આ સંજોગોમાં તે જિલ્લામાં જે તે દાયકાનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે ઉદ્દેશથી એક જ સંચાલક મંડળની એક કરતાં વધુ આશ્રમશાળાઓની પસંદગી કરવી પડી છે.

આમ કરવાથી મૂલ્યાંકન અભ્યાસ માટે પ્રતિનિધિત્વ જળવાઈ રહેશે અને આશ્રમશાળા વ્યવસ્થા અંગે વિસ્તૃત જાણકારી પણ મળી રહેશે. અભ્યાસમાં દરેક જિલ્લામાં દરેક દાયકામાં પસંદ થયેલ આશ્રમશાળાઓની સંખ્યા કોઠા નં.૧.૨ માં દર્શાવેલ છે. તેમજ પસંદ થયેલ આશ્રમશાળાઓના નામની યાદી પરિશિષ્ટ-૧માં દર્શાવેલ છે.

કોઠા નં.૧.૨

જિલ્લાવાર અને દાયકાવાર પસંદ થયેલ આશ્રમશાળાઓની સંખ્યાની માહિતી

| જિલ્લો | ૫૧ - ૬૦ | | ૬૧ - ૭૦ | | ૭૧ - ૮૦ | | ૮૧ - ૯૦ | | ૯૧ - ૨૦૦૦ | | ૨૦૦૧ - ૨૦૧૦ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. | પ્રા. આ.શા. | ઉ.બુ. |
| પાટણ | - | - | - | - | - | - | - | - | - | - | ૦૧ | - | ૦૧ | - |
| સાબરકાંઠા | ૦૧ | - | - | - | ૦૧ | - | ૦૧ | ૦૧ | ૦૧ | - | ૦૧ | - | ૦૫ | ૦૧ |
| અમદાવાદ | - | - | - | - | - | - | ૦૧ | - | - | - | - | - | ૦૧ | - |
| બનાસકાંઠા | - | - | - | - | ૦૧ | - | - | - | ૦૧ | ૦૧ | - | - | ૦૨ | ૦૧ |
| ભરૂચ | - | - | - | - | - | ૦૧ | ૦૧ | - | - | - | - | - | ૦૧ | ૦૧ |
| સુરત | ૦૧ | - | ૦૧ | - | - | ૦૧ | ૦૧ | - | ૦૧ | - | - | - | ૦૪ | ૦૧ |
| તાપી | - | - | ૦૧ | - | ૦૧ | - | ૦૨ | ૦૧ | ૦૧ | - | ૦૧ | - | ૦૬ | ૦૧ |
| વલસાડ | ૦૧ | - | - | - | ૦૧ | - | ૦૨ | ૦૧ | ૦૧ | - | - | - | ૦૫ | ૦૧ |
| નવસારી | - | - | - | - | - | - | ૦૧ | - | ૦૧ | ૦૧ | - | - | ૦૨ | ૦૧ |
| ડાંગ | - | - | - | - | - | - | ૦૧ | - | - | - | - | - | ૦૧ | - |
| ખેડા | - | - | - | - | - | - | - | - | - | ૦૧ | - | - | ૦૧ | - |
| દાહોદ | ૦૧ | - | - | ૦૧ | ૦૧ | - | ૦૧ | - | ૦૩ | ૦૧ | ૦૧ | - | ૦૭ | ૦૨ |
| વડોદરા | - | - | ૦૧ | - | ૦૧ | - | ૦૧ | ૦૧ | ૦૧ | - | - | - | ૦૪ | ૦૨ |
| નર્મદા | - | - | ૦૧ | - | - | - | ૦૧ | - | ૦૨ | - | - | ૦૧ | ૦૪ | ૦૧ |
| પંચમહાલ | - | - | - | - | ૦૧ | - | ૦૧ | - | ૦૨ | - | - | ૦૧ | ૦૪ | ૦૧ |
| સુરેન્દ્રનગર | - | - | - | - | - | - | - | - | - | - | ૦૧ | - | ૦૧ | - |
| જૂનાગઢ | - | - | - | - | ૦૧ | - | - | - | ૦૧ | - | ૦૧ | - | ૦૩ | - |
| પોરબંદર | - | - | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | ૦૧ | - |
| જામનગર | - | - | - | - | - | - | - | - | ૦૧ | - | - | - | ૦૧ | - |
| કુલ | ૪૦ | - | ૦૫ | ૦૧ | ૦૮ | ૦૨ | ૧૪ | ૦૪ | ૧૭ | ૦૩ | ૦૬ | ૦૨ | ૫૪ | ૧૨ |

**૧.૬.૦ માહિતી એકત્રીકરણના ઉપકરણો :**

માહિતી એકત્ર કરવા નીચે મુજબના ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૧) અનુસૂચિ

(૨) પ્રશ્નાવલિ

(૩) મૂલ્યાંકન કસોટી

(૪) નિરીક્ષણ

(૫) ચર્ચાસભા

**(૧) અનુસૂચિ :**

(૧) આશ્રમશાળા માહિતી પત્રક / અનુસૂચિ (૨) વિદ્યાર્થી પત્રક/અનુસૂચિ

**(૧) આશ્રમશાળા માહિતી પત્રક / અનુસૂચિ :**

આશ્રમશાળા વ્યવસ્થાના સંદર્ભમાં આશ્રમશાળા અંગેની સામાન્ય માહિતી આ પત્રક દ્વારા એકત્ર કરવામાં આવી હતી. જેમાં આશ્રમશાળા શરૂ થયા વર્ષ, સંચાલક સંસ્થા, વિદ્યાર્થીઓ માટેની વિવિધ સુવિધાઓ જેવી કે, રહેઠાણ, ભોજન, રમતગમત વગેરે તદ્ઉપરાંત કર્મચારીઓની માહિતી તેમજ શાળાની તાંત્રીક માહિતીઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ માટે અનુસૂચિને નીચે મુજબના સાત વિભાગોમાં વહેંચવામાં આવી હતી.

(૧) સામાન્ય માહિતી

(૨) ભૌતિક સુવિધાઓ

(૩) રહેઠાણની સુવિધા

(૪) શૈક્ષણિક પાસુ

(૫) શૈક્ષણિક સુવિધાઓ

(૬) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

(૭) વહીવટી બાબતો

આશ્રમશાળા અનુસૂચિમાં ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખીને કુલ ૧૧૯ પ્રશ્નોની/કલમોની રચના કરવામાં આવી. શાળામાં ઉપસ્થિત સંબંધિત વ્યક્તિ પાસેથી માહિતી મેળવી દરેક કલમ/પ્રશ્ન આશ્રમશાળા મુલાકાત લેનાર વ્યક્તિ (ક્ષેત્રકાર્યકર) દ્વારા રૂબરૂ ભરવામાં આવી હતી. જેથી તેની યથાર્થતા જળવાઈ રહે. અનુસૂચિની પ્રાથમિક અજમાયશ દરમ્યાન ગ્રાન્ટને લગતી માહિતી જે તે સંસ્થામાં ઉપસ્થિત કર્મચારીઓ પાસેથી ઉપલબ્ધ

ન હોવાથી ગ્રાન્ટને લગતી પાંચ પ્રશ્નોને / કમલોને અલગ તારવી અંતિમ અજમાયશ વખતે ફક્ત સંચાલક મંડળ અથવા ટ્રસ્ટી પાસેથી તે અંગેની માહિતી મેળવવામાં આવી હતી. પ્રસ્તુત અનુસૂચિની રચના કરતી વખતે સંસ્થાના તજજ્ઞશ્રીઓના અભિપ્રાયોને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.

**(૨) વિદ્યાર્થી પત્રક / અનુસૂચિ :**

આશ્રમશાળા વ્યવસ્થાના લાભાર્થીઓ તે વિદ્યાર્થીઓ છે. સમગ્ર વ્યવસ્થાને સમજવા માટે વિદ્યાર્થીઓની વ્યવસ્થા પ્રત્યેનો દ્રષ્ટિકોણ અતિ અગત્યનો છે. આશ્રમશાળામાં તેને મળતી સુવિધાઓ, તેની સાથે થતું વર્તન, સમૂહજીવનના અનુભવો વગેરે પરથી આ દૃષ્ટિકોણ ઘડાયેલો હોય છે. જે આશ્રમશાળાના સ્વરૂપને સમજવા માટે અત્યંત જરૂરી ગણી વિદ્યાર્થીઓ પાસેથી અનુસૂચિ દ્વારા ક્ષેત્રકાર્યકરોએ સુવિધાઓ, શૈક્ષણિક વાતાવરણ, સમૂહજીવન, બાળકની રૂચિ અને રસ જેવા વિવિધ પાસાઓને લગતા ૨૧ જેટલા પ્રશ્નોના / કલમોના જવાબ મેળવ્યા છે. દરેક શાળામાંથી જુદા જુદા છ વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી છે.

**(૨) પ્રશ્નાવલિ :**

(૧) આચાર્યએ ભરવાનું પત્રક

(૨) શિક્ષકોએ ભરવાનું પત્રક

**(૧) આચાર્યએ ભરવાનું પત્રક :**

પ્રસ્તુત પત્રકમાં શાળાના કર્મચારીઓ તેમજ શૈક્ષણિક સુવિધાઓને લગતી માહિતીનો સમાવેશ કરેલ હતો. ઉપરાંત શાળાના વહીવટમાં મુશ્કેલીઓ તેમજ તેના નિવારણ માટેના ઉપાયો અંગેની જાણકારી આપતી માહિતીઓનો પણ તેમાં સમાવેશ કરેલ છે. આચાર્યશ્રીએ ભરવાના પત્રકમાં કુલ ૩૨ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. આ પત્રક જે તે શાળાના આચાર્યશ્રીઓને જાતે ભરવા આપી દેવામાં આવ્યા હતા. જેથી આચાર્યની વહીવટીય કુશળતાનો સારી રીતે ખ્યાલ આવી શકે.

**(૨) શિક્ષકોએ ભરવાનું પત્રક :**

આશ્રમશાળાના અભિન્ન અંગ સમાન શિક્ષકો પાસેથી આશ્રમશાળામાં ભણાવવામાં પડતી મુશ્કેલીઓ, વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની રૂચિ, શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ વગેરે અંગેની માહિતી આ પત્રક દ્વારા મેળવવામાં આવી હતી. શિક્ષકોએ ભરવાના પત્રકમાં કુલ ૪૨ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. શિક્ષકોની કુશળતા અને

આશ્રમશાળા વ્યવસ્થાની સમજ જાણવાના આશયથી આ પ્રશ્નાવલિ શિક્ષકોને જાતે જ ભરવા આપવામાં આવી હતી. દરેક શાળામાંથી બે શિક્ષકો જેમાં એક મહિલા શિક્ષક અને એક પુરુષ શિક્ષકને પ્રશ્નાવલિ ભરવા આપવામાં આવી હતી. જેની પાછળ જાતિગત અસમાનતા અને સ્ત્રી તરીકે કોઈ ખાસ પ્રકારની મુશ્કેલીઓ અનુભવાતી હોય તો તે ઉજાગર કરવાનો આશય છે.

(૩) **મૂલ્યાંકન કસોટી :**

(૧) ધોરણ-૬ મૂલ્યાંકન કસોટી

(૨) ધોરણ-૭ મૂલ્યાંકન કસોટી

(૩) ધોરણ-૮ મૂલ્યાંકન કસોટી

(૪) ધોરણ-૯ મૂલ્યાંકન કસોટી

આશ્રમશાળાના ફળસ્વરૂપ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતા એટલે કે જે તે ધોરણમાં ભણતા બાળકમાં તે ધોરણ પ્રમાણેનું તેમનામાં કેટલું જ્ઞાન છે તે જાણવાના આશયથી ધોરણ ૬, ૭, ૮ અને ૯ માટે મૂલ્યાંકન કસોટીની રચના કરવામાં આવી હતી. પ્રત્યેક કસોટીમાં ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા અને અંગ્રેજી વિષયને લગતા દસ-દસ, સામાન્યજ્ઞાનને લગતાં છ એમ કુલ ૪૬ વૈકલ્પિક પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. આ દરેક પ્રશ્નમાં એક સાચા ઉત્તર સાથેના ચાર વિકલ્પો આપવામાં આવ્યા હતાં. જેમાંથી વિદ્યાર્થીઓએ સાચા ઉત્તર પર ( ) ની નિશાની કરવાની હતી. કસોટીમાં એક પ્રશ્ન હિન્દીનો અને એક પ્રશ્ન ગુજરાતીનો તેમની લેખનની ક્ષમતા જાણવાના ઉદ્દેશથી મૂકવામાં આવ્યો હતો. પ્રત્યેક કસોટીના ગુણ ૫૦ નિર્ધારીત કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને કસોટી ભરવા માટે ૪૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. દરેક શાળામાંથી પ્રત્યેક ધોરણના દસ-દસ વિદ્યાર્થીઓ યાદચ્છિક રીતે પસંદ કરી કસોટી ભરાવવામાં આવી હતી.

(૪) **નિરીક્ષણ :**

આશ્રમશાળાને લગતી કેટલીક બાબતો એવી હતી કે જે અનુસૂચિ કે મુલાકાત દ્વારા જાણી ન શકાય. તેવા સમયે નિરીક્ષણ એકમાત્ર ઉપાય છે. બાળકોની સ્વચ્છતા, આશ્રમશાળા પરિસરની સ્વચ્છતા, ભોજનની ગુણવત્તા, બાળકોની સમયપાલનની પાબંધી, બાળકોની શિસ્ત, સંસ્થા પાસેના સાધનો, બાળકો અને શિક્ષકોનો સંબંધ (વ્યવહાર), બાળકોનો અંદરો અંદરનો સંબંધ (વ્યવહાર), શાળાની વિવિધ સુવિધાઓ,

શૈક્ષણિક કાર્ય, શૈક્ષણિક સાધનો, આચાર્યની વહીવટી ક્ષમતા વગેરે જાણવા માટે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને આ માટે એક નિરીક્ષણ બિંદુસૂચિ તૈયાર કરવામાં આવી હતી.

નિરીક્ષણ બિંદુસૂચિને ધ્યાનમાં રાખી ક્ષેત્રકાર્યકર દ્વારા સહભાગી અને અસહભાગી નિરીક્ષણ કરવામાં આવ્યું. ભોજન, પ્રાર્થના, શ્રમકાર્ય વગેરેમાં હાજર રહી (સાથ આપી) સહભાગી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જયારે વર્ગશિક્ષણ, બાળકોનો વ્યવહાર, પરિસરનું વાતાવરણ, આચાર્યની વહીવટી ક્ષમતા વગેરે જેવી અનેક બાબતો અંગે અસહભાગી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કરેલ નિરીક્ષણ નોંધ પરથી આશ્રમશાળાદીઠ અહેવાલ તૈયાર કરવામાં આવ્યા છે. અહેવાલમાં નિરીક્ષણ ઉપરાંત થયેલ અનુભવોની નોંધ પણ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં આશ્રમશાળાઓના ગુણાત્મક મૂલ્યાંકન પર ભાર મૂકવામાં આવ્યો છે. ગુણાત્મક મૂલ્યાંકન પરથી આશ્રમશાળાઓનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરવું શક્ય બને છે અને તેથી જ પ્રસ્તુત અભ્યાસમાં હાલની આશ્રમશાળાઓનું ગુણાત્મક દષ્ટિએ યથાચિત્ર રજૂ કરવામાં આશ્રમશાળાદીઠ નિરીક્ષણ પરથી તૈયાર કરેલ અહેવાલને આધાર તરીકે લેવામાં આવેલ છે.

(૫) ચર્ચાસભા :

આશ્રમશાળા સાથે જોડાયેલ વિવિધ સ્તર પર કાર્યરત આશ્રમશાળાના અધિકારીઓ, કર્મચારીઓ, સંચાલકો વગેરેના આશ્રમશાળા સંચાલન, વહીવટ, શિક્ષણ તેમજ ઉત્કૃષ્ટિકરણ વિષયક મંતવ્યો જાણવાના ઉદ્દેશથી એક દિવસીય ચર્ચાસભાનું બે વખત આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ચર્ચાસભામાં અધિકારીઓ તેમજ સંચાલકો સાથે ચર્ચા કરી તેમના મંતવ્યો તેમજ દ્વિતીય ચર્ચાસભામાં શિક્ષકો અને આચાર્ય સાથે ચર્ચા કરી તેમના મંતવ્યો મેળવવામાં આવ્યા હતા. આ મંતવ્યોને આશ્રમશાળાના ગુણાત્મક મૂલ્યાંકન માટે ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

**૧.૭.૦ પ્રોજેકટકાર્ય પદ્ધતિ :**

- પ્રોજેકટની દરખાસ્તમાં દર્શાવેલ ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને માહિતી એકત્ર કરવા માટે ઉપયોગમાં લેવાના ઉપકરણોની પસંદગી કરવામાં આવી.
- પસંદ થયેલ ઉપકરણોમાં અનુસૂચિ, પ્રશ્નાવલિ, નિરીક્ષણ પત્રક વગેરેની રચના માટે અગાઉ થયેલા અભ્યાસોમાં વપરાયેલ ઉપકરણોનો અભ્યાસ કરવામાં આવ્યો અને તેમની રચના કરવામાં આવી.

- ધોરણ-૬, ૭, ૮ અને ૯ની મૂલ્યાંકન કસોટીઓની રચના માટે ગુજરાત રાજય પાઠ્યપુસ્તક મંડળના પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો.
- તૈયાર કરેલ અનુસૂચિ, પ્રશ્નાવલિમાં તજજ્ઞોએ સૂચવેલ અભિપ્રાયોના આધારે જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા.
- પ્રાથમિક અજમાયશ માટે યાદચ્છિક રીતે કુલ ચાર આશ્રમશાળાઓની ઉત્તર, મધ્ય, દક્ષિણ અને સૌરાષ્ટ્ર એમ ચાર ભાગમાંથી પસંદગી કરવામાં આવી.
- પસંદ થયેલ આશ્રમશાળાઓમાં રૂબરૂ જઈ આશ્રમશાળા માહિતી પત્રક તેમજ વિદ્યાર્થી મુલાકાત પત્રકની માહિતી ક્ષેત્રકાર્યકર દ્વારા ભરવામાં આવી.
- આચાર્યશ્રીએ ભરવાની પ્રશ્નાવલિ જે તે આશ્રમશાળાના આચાર્યશ્રીઓને આપી માહિતી મેળવવામાં આવી.
- દરેક શાળામાં કુલ ૨ શિક્ષકો જેમાં એક પુરુષ શિક્ષક અને એક મહિલા શિક્ષકને શિક્ષકોની પ્રશ્નાવલિ આપી માહિતી મેળવવામાં આવી.
- પ્રાથમિક આશ્રમશાળાઓમાં ધોરણ-૬ અને ૭ના દસ-દસ વિદ્યાર્થીઓ તેમજ ઉત્તરબુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ ૮ અને ૯ના દસ-દસ વિદ્યાર્થીઓની મૂલ્યાંકન કસોટી ફક્ત ક્ષેત્રકાર્યકરની હાજરીમાં જ લેવામાં આવી.
- ક્ષેત્રકાર્યકર દ્વારા આશ્રમશાળાનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને નિરીક્ષણને આધારે અહેવાલ બનાવવામાં આવ્યો.
- પ્રાથમિક અજમાયશ દ્વારા મેળવેલ માહિતીને આધારે અનુસૂચિ, પ્રશ્નાવલિ, મૂલ્યાંકન કસોટીમાં જરૂરી સુધારા-વધારા તેમજ ફેરફારો કરવામાં આવ્યા.
- ત્યારબાદ અંતિમ અજમાયશ માટેની આશ્રમશાળાઓની પસંદગી કરવામાં આવી. પસંદગીની પ્રક્રિયા અગાઉ પરિચ્છેદ-૧.૩ માં દર્શાવેલ છે.
- પ્રથમ તબક્કાના ક્ષેત્રકાર્યમાં સાબરકાંઠા, બનાસકાંઠા અને દાહોદ આ ત્રણ જિલ્લાઓની કુલ ૧૮ આશ્રમશાળાઓની માહિતી મેળવવામાં આવી.
- માહિતી મેળવવા આશ્રમશાળાઓમાં રૂબરૂ જઈ પ્રાથમિક અજમાયશ વખતે મેળવેલ માહિતીની જેમ જ માહિતી મેળવવામાં આવી. તેમજ કરેલ નિરીક્ષણ પરથી અહેવાલ લખવામાં આવ્યો.
- દ્વિતીય તબક્કાના ક્ષેત્રકાર્યમાં અમદાવાદ, પોરબંદર, જામનગર, પાટણ, જૂનાગઢ અને ખેડા આ છ જિલ્લાઓની કુલ ૮ આશ્રમશાળાઓની માહિતી મેળવવામાં આવી.

- તૃતીય તબક્કામાં ભરૂચ, સુરત, તાપી, વલસાડ, નવસારી, ડાંગ, વડોદરા, નર્મદા, પંચમહાલ અને સુરેન્દ્રનગર આ દસ જિલ્લાઓની કુલ ૪૦ આશ્રમશાળાઓની માહિતી મેળવવામાં આવી.
- દ્વિતીય અને તૃતીય તબક્કામાં પ્રથમ તબક્કામાં જે રીતે માહિતી મેળવવામાં આવી હતી તે પદ્ધતિને જ અનુસરવામાં આવી હતી.

**૧.૮.૦ અભ્યાસની મર્યાદા :**

- રાજયમાં કુલ ૫૪૭ આશ્રમશાળાઓ આવેલી છે. બધી જ આશ્રમશાળાનું નિરીક્ષણ શક્ય ન હોવાથી પ્રસ્તુત અભ્યાસમાં ફક્ત ૬૬ આશ્રમશાળાઓ જ સમાવવામાં આવી છે.
- સમયની મર્યાદાને કારણે એક આશ્રમશાળામાં ફક્ત એક દિવસ અને એક રાત્રીનું રોકાણ કરીને નિરીક્ષણ કરવામાં આવેલ છે.

**૧.૯.૦ અનુભવો :**

- ભૌગોલિક સાંસ્કૃતિક લોકબોલી જેવા વિશિષ્ટ પ્રશ્નોને ન્યાય આપવા માટે આશ્રમશાળા એક ઉત્તમ વ્યવસ્થા.
- બાળકોમાં સમૂહજીવન અને સહકારની ભાવના જોવા મળી.
- આદિવાસી બાળકોના સર્વાંગીણ વિકાસના પ્રયત્નો લગભગ બધી જ આશ્રમશાળામાં થતા જોવા મળે છે.
- બધી જ આશ્રમશાળાઓમાંથી શિક્ષકો અને આચાર્યો તરફથી પૂરતો સહકાર મળ્યો.
- નવુ શીખવા તેમજ જાણવા માટે વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહી જણાયા.
- જયાં શિક્ષકો આવાસ કરે છે ત્યાં શિક્ષકો સાથે જ હોવાથી અભ્યાસિક પ્રશ્નોનો ઉકેલ વિદ્યાર્થીઓ તાત્કાલિક મેળવી લેતા હતાં.
- ઘણી શાળાઓના કેમ્પસમાં સ્વચ્છતા જોવા મળતી હતી પરંતુ બાળકોમાં સ્વચ્છતાનો અભાવ હતો અને તે અંગે શિક્ષકો પણ નિરુત્સાહી જણાતા હતા.
- ભૌતિક સુવિધાઓના અભાવે રાત્રીના સમયે ઘણી જગ્યા પર શિક્ષકો આશ્રમશાળામાં નિવાસ કરતા ન હતા.
- કેટલીક આશ્રમશાળામાં બાળકો સતત ગેરહાજર રહેતા હતાં.બાળકોની સતત ગેરહાજરીના કારણે એક જ શાળામાં બે થી ત્રણ વાર મુલાકાત માટે જવુ પડ્યું હતું.
- અમુક આશ્રમશાળાઓમાં ફરતે દીવાલ ન હોવાથી બાળકોની સુરક્ષાનો પ્રશ્ન ખૂબ જ જટિલ જણાતો હતો.

- ઘણી જગ્યા પર એક જ કેમ્પસમાં એકથી વધારે સંસ્થાઓ ચલાવાય છે.
- શિક્ષકોના અભાવને કારણે બાળકો ઘણા તાસમાં એકલા બેસી રહેતા જોવા મળતા હતા.
- લગભગ બધે જ વહીવટીય કેન્દ્રીકરણ જોવા મળ્યું હતું. ગ્રાન્ટ અંગેની કોઈ જ માહિતી કર્મચારીઓ પાસેથી મળી ન હતી.
- લગભગ બધે જ જણાવેલ મેનુ મુજબનું ભોજન આપવામાં આવતું ન હતું. તેમજ ભોજનની ગુણવત્તા પણ નબળી હતી.
- ઘણી આશ્રમશાળાઓમાં શિક્ષકોનો બાળકો પ્રત્યેનો વર્તાવ ઈચ્છનીય ન હતો તેમજ બાળકો પણ શિક્ષકો પ્રત્યે આદર રાખતા ન હતાં.
- ઘણી શાળામાં શૈક્ષણિક સાધનોના અભાવે શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય દરમ્યાન શૈક્ષણિક સાધનોનો ઉપયોગ થતો ન હતો.

## પ્રકરણ-૨

# આશ્રમશાળા પૂર્વભૂમિકા


૨.૦.૦ આશ્રમશાળા : ઉદ્‌ભવન અને વિકાસ

૨.૦.૧ પ્રાચીનકાળમાં આશ્રમ વ્યવસ્થા અને શિક્ષણ

૨.૦.૨ સ્વતંત્રતા પહેલા આશ્રમ વ્યવસ્થા અને શિક્ષણ

૨.૦.૩ સ્વતંત્રતા પછી આશ્રમશાળાઓનો વિકાસ

૨.૧.૦ આશ્રમશાળા યોજના

૨.૧.૧ આશ્રમશાળા મંજૂરીની પૂર્વ શરતો

૨.૧.૨ આશ્રમશાળાનું વહીવટી માળખું

૨.૧.૩ આશ્રમશાળા સિધ્ધાંતો

# પ્રકરણ-૨
# આશ્રમશાળા પૂર્વભૂમિકા

## ૨.૦.૦ આશ્રમશાળા : ઉદ્દ્ભવન અને વિકાસ :

### ૨.૦.૧ પ્રાચીનકાળમાં આશ્રમ વ્યવસ્થા અને શિક્ષણ :

પ્રાચીન ભારતમાં આર્યોએ જીવનને ચાર આશ્રમોમાં વહેંચી નાખ્યું હતું. જીવનમાં પ્રથમ પચ્ચીસ વર્ષ બ્રહ્મચર્યાશ્રમના હતાં. આ સમય દરમ્યાન વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા ઋષિમુનિઓના આશ્રમમાં જતા હતા અને ત્યાં રહીને વિદ્યાની ઉપાસના કરતા હતાં. સાધુઓ અને મુનિજનો તેમને શિક્ષણ આપતા હતાં. તે સમયના આશ્રમો કુટુંબ સ્વરૂપના જોવા મળતા, આચાર્ય પિતા તુલ્ય તો આચાર્ય પત્ની માતા સમાન ગણાતા. ત્યાં વિદ્યાર્થીઓને શિક્ષણ માટેના વિષયોનું તથા વ્યવહારિકાનું જ્ઞાન અપાતું. આશ્રમના કામો જેવાં કે પાણી ભરવું, ગાયો ચરાવવી, જંગલમાંથી લાકડા કાપવા, ગુરુસેવા કરવી, ભોજન માટે ભિક્ષા માંગવી વગેરે કાર્યો વિદ્યાર્થીઓ કરતા હતાં.

આ સમયના આશ્રમો લોકાશ્રયે અથવા દાનથી ચાલતા. તેમના ઉપર કોઈની દખલગીરી ન હતી. વળી, આશ્રમમાં દાખલ થવા અંગે ગરીબ-તવંગર, રાજા-પ્રજા જેવા ઉંચ-નીચના ભેદભાવ ન હતાં. વિદ્યાર્થીઓ ગુરુના સાનિધ્યમાં રહીને જ સંસ્કાર મેળવતા હતાં. તે સમયે રહેવા, જમવાના અને અભ્યાસના સ્થળ જુદાં ન હતાં. આશ્રમમાં રહીને ભણવાની એક વિશિષ્ટ વ્યવસ્થા વિકસી હતી. આશ્રમો મોટાભાગે જંગલોમાં પ્રાકૃતિક વાતાવરણના સાનિધ્યમાં ગામ કે શહેરોથી દૂર આવેલ હતાં. વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના આશ્રમ શિક્ષણના હેતુઓ પણ સુંદર હતાં જેમકે,

- બાળકમાં પવિત્ર અને ધાર્મિક જીવન ગાળવાનો ઉત્સાહ આણવો
- ચારિત્ર્યનું ઘડતર
- વ્યક્તિત્વનો વિકાસ કરવો
- પ્રજાની સંસ્કૃતિ જાણવી, તેનો પ્રચાર કરી શકે તેવું વાતાવરણ ઉત્પન્ન કરવું

ટૂંકમાં, બાળકને સમાજનું પવિત્ર અને ઉપયોગી અંગ બનાવવું એ હેતુ આશ્રમ શિક્ષણનો હતો. આ આશ્રમો તે સમયના સમાજ વિકાસના ખૂબજ અગત્યના અંગ હતાં. પરંતુ મધ્યયુગ અને અંગ્રેજોના સમય દરમ્યાન ધીમે ધીમે આ પ્રથા નામશેષ થઈ ગઈ.

### ૨.૦.૨ સ્વતંત્રતા પહેલા આશ્રમ વ્યવસ્થા અને શિક્ષણ :

ભારતમાં બ્રિટીશ શાસન દરમિયાન નંખાયેલ શિક્ષણના પાયામાં કેવળ 'કારકુની કેળવણી' હતી. જે રૂઢિગત શિક્ષણ હતું. તેનો લાભ મધ્યમ અને ઉચ્ચ વર્ગના લોકોએ લીધો. ગાંધીજીને આ વાતની પ્રતિતી થઈ ગઈ હતી કે આ શિક્ષણ નકામું છે અને આઝાદીની લડતમાં વિઘ્નરૂપ છે. તેઓ

રાષ્ટ્રને આવશ્યક અને ઉપયોગી એવું શિક્ષણ આપવાની મથામણમાં હતાં. તેમણે એ માટે રાષ્ટ્રીય કેળવણીનો મુસદો પણ તૈયાર કર્યો. એમાં એમણે સ્વાશ્રયી અને સ્વાવલંબી કેળવણીની હિમાયત કરી. એમણે કેળવણીમાં ઉદ્યોગને પણ અક્ષરજ્ઞાન જેટલું જ મહત્વ આપ્યું. એટલું જ નહિ 'ઉદ્યોગ દ્વારા અક્ષર જ્ઞાન' આપવાની વાત રજૂ કરી.

અમદાવાદમાં કોચરબ આશ્રમમાં, હરિજન આશ્રમમાં અને વર્ધાના સેવાગ્રામમાં ગાંધીજીએ આવી પાયાની કેળવણીના પાયા નાંખ્યા અને એ રીતે દેશમાં હાલના સ્વરૂપે મળતી આશ્રમી શિક્ષણની શરૂઆત થઈ. આવું શિક્ષણ આપતી સંસ્થાઓ આશ્રમશાળા તરીકે ઓળખાઈ.

આઝાદી પૂર્વે પછાત, ઊંડા અને જંગલ વિસ્તારમાં રહેતા લોકોના કલ્યાણ માટે રાજય ચિંતિત ન હતું. ગાંધીજી અને એમના જેવા વિચારવાળા દેશનેતાઓ અને દેશ સેવકોને આવા લોકોના કલ્યાણની વિશેષ ચિંતા હતી અને તેથી તેમના તમામ પ્રયત્નો એ દિશામાં હતાં. તેઓએ રચનાત્મક કાર્યક્રમોની સાથે શિક્ષણને સાંકળીને આવા વિસ્તારોમાં આશ્રમી કેળવણીના પ્રયોગો શરૂ કર્યા. ગાંધીજીની વિચારસરણી પ્રમાણે કામ કરનાર રચનાત્મક કાર્યકરોમાં પૂ.ઠક્કરબાપા, પૂ. જુગતરામ, પૂ. રવિશંકર મહારાજ,પૂ. મનુભાઈ પંચોલી, પૂ. બબલભાઈ મહેતા વગેરે હતાં. આ સૌના પ્રયાસથી ૧૯૨૨માં મીરાખેડી (તા. પંચમહાલ)માં સુખદેવભાઈ દ્વારા આશ્રમની સ્થાપના કરવામાં આવી. આજ સમય દરમ્યાન શ્રી જુગતરામભાઈ દવે અને શ્રી નરહરિભાઈએ સરભોણ (સુરત) માં આશ્રમની સ્થાના કરી. ૧૯૨૮માં વેડછીમાં શાળા શરૂ કરવામાં આવી. જેને 'આશ્રમ ઉદ્યોગશાળા' નું નામ આપવામાં આવ્યું. આ આશ્રમશાળાઓમાં અક્ષરજ્ઞાનની કેળવણી તો અપાતી જ હતી. સાથો સાથ આઝાદીની લડતના કેન્દ્ર તરીકેની ભૂમિકા પણ ભજવાતી હતી.

ઠક્કરબાપાની યોજના પ્રમાણે અન્ય સ્થળોએ પણ શાળાઓ શરૂ કરવામાં આવી. આ પછીના અરસામાં મુંબઈ સરકારના શિક્ષણ ખાતાએ ૧૯૨૮માં સ્ટાર્ટ સમિતિની નિમણૂક કરી. સ્ટાર્ટ સમિતિએ આદિવાસીઓના બાળકોના શિક્ષણ અંગે જણાવ્યું કે,

''ઉંડાણવાળા આદિવાસી ગામડાંઓમાં કે જયાં નાના બાળકો માટે ચાર ધોરણ સુધીની શાળા શક્ય ન હોય ત્યાં તેઓના ઘરની નજીક છાત્રાલયો સાથેની શાળાઓ શરૂ કરવાની જરૂર છે.''[૧]

સ્ટાર્ટ કમિટિએ એવી ભલામણ પણ કરી કે, ''છાત્રાલયો ચલાવવાની જવાબદારી બને ત્યાં સુધી સામાજિક સેવા કરતી સંસ્થાને સોંપવી અને એમને એ કામ માટે જરૂરી નાણાંકીય મદદ કરવી.''[૨]

---

૧. Start Committee Report, Chapter - IV,P.3

૨. વિમલ શાહ : આદિવાસીના પ્રશ્ન (સ્ટાર્ટ સમિતિનો અહેવાલ), પૃ.૨૫

ત્યારબાદ સિમિંગ્ટન સમિતિની રચના કરવામાં આવી અને તે અંગેનો અહેવાલ ૧૯૩૭માં સુપ્રત થયો. તેઓએ પણ પ્રાથમિક શિક્ષણને ફરજીયાત બનાવવાની અને આદિવાસીઓને આદિવાસી બોલીમાં જ શિક્ષણ આપવાની ભલામણ કરી.

આમ, આ બંને સમિતિઓએ આદિવાસીઓમાં શિક્ષણના પ્રસાર અંગે ભલામણો કરી આદિવાસી શિક્ષણ ઉપર ખૂબ જ ભાર મૂક્યો હતો.

### ૨.૦.૩ સ્વતંત્રતા પછી આશ્રમશાળાઓનો વિકાસ :

સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ મુંબઈ રાજયમાં બાબા સાહેબ ખેરની આગેવાની નીચેના પ્રધાનમંડળે આદિવાસી શિક્ષણ પ્રશ્નમાં રસ લઈ સરકારમાં ઠરાવ પસાર કર્યો. જેમાં નોંધ્યું કે ''અનુસૂચિત જનજાતિ અને પછાત વિસ્તારોમાં રહેનાર લોકોના શૈક્ષણિક પ્રશ્નોનો અસરકારક ઉકેલ લાવવાના હેતુસર સરકાર આશ્રમશાળાઓ મંજૂર રાખે. જયાં અનુસૂચિત જનજાતિના બાળકોને મફત રહેવા, જમવાનું આપીને, સેવા-સહકારની ભાવનાવાળા શક્તિશાળી શિક્ષકની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તેઓને પાયાની તાલીમ આપી શકાય.''[3]

આ રીતે આદિવાસી વિસ્તારોમાં સ્વૈચ્છિક સંસ્થાઓને આશ્રમશાળા ખોલવા માટે સરકાર તરફથી પ્રોત્સાહન અપાયું. સરકારે અનુદાન માટેના નિયમો સરળ અને કાળજીપૂર્વકના તૈયાર કર્યા. અનાવર્તક ખર્ચ જેવા કે જમીન, મકાનો, સાધનો અને પશુઓ માટે ૧૦૦ ટકા અનુદાન આપવાનું નક્કી થયું. તેના વિકાસના તબક્કાઓ વિચારવામાં આવ્યા અને સંપૂર્ણ સરકારી અનુદાન મળે તેવી જોગવાઈ થઈ. આ ઉપરાંત સરકાર દ્વારા એવો આગ્રહ રખાયો કે આવી આશ્રમશાળાઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ખોલવામાં આવે. તે જ વર્ષમાં સરકારી દફતરે ત્રણ આશ્રમશાળાઓ નોંધાઈ પછી તેમાં સતત વધારો થતો રહ્યો.

૧૯૫૯માં અંદાજપત્ર સમિતિએ પોતાનો ૪૮મો અહેવાલ આપ્યો અને તેમાં તેમણે શિક્ષણના વિકાસ માટે જણાવ્યું કે, ''સમિતિને લાગે છે કે આશ્રમશાળાઓમાં બાળકોની નાની ઉંમરથી સંભાળ રખાય છે અને તેથી તેમના ઘડતરમાં આ શાળાઓનો ઘણો મોટો ફાળો હોય છે. પ્રમાણમાં ઓછી કિંમતે આ શાળાઓ બાળકોની રહેણીકરણીમાં ફેરફાર લાવે છે અને સંસ્કારી બનાવે છે. આથી આદિવાસીઓ માટે અને અસ્પૃશ્યો માટે આશ્રમશાળાઓ વધારે સંખ્યામાં શરૂ કરવી જોઈએ અને તેનો વહીવટ બિનસરકારી સંસ્થાઓને સોંપવો જોઈએ.''[૪] આશ્રમશાળાના વિકાસમાં તેનાથી પ્રોત્સાહન મળ્યું. રેણુકા રે સમિતિ અને એલ્વીન સમિતિએ પણ આદિવાસીઓમાં શિક્ષણનો વિકાસ થાય તે માટે ઘણા સૂચનો કર્યા.

---

3. Resolution no. BCH 1953 : Education Department, Government of Bombay
૪. વિમલ શાહ, આદિવાસીઓના પ્રશ્નો, અંદાજપત્ર સમિતિનો અહેવાલ, પૃ.૪૮

સમગ્ર મહારાષ્ટ્રમાંથી ગુજરાત છૂટું પડયું ત્યારે ગુજરાતમાં કુલ ૪૧ આશ્રમશાળાઓ હતી.[૫] ત્યાર પછી ૧૯૬૧માં ઢેબરના અધ્યક્ષ હેઠળ જે કમિશન નિમાયુ તેણે પણ કેટલીક ભલામણો કરી. તેમાંથી એક ભલામણ હતી કે, ''આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાઓ વધુ પ્રમાણમાં ખોલવી જોઈએ. તેમજ શિક્ષણમાં ગમે તે એક ઉદ્યોગને દાખલ કરવો જોઈએ. લોકવાર્તાઓ, લોકગીતો તથા લોકનૃત્યોને તેમના શિક્ષણમાં યોગ્ય સ્થાન આપવું જોઈએ.''[૬]

આમ લગભગ બધીજ સમિતિઓએ આદિવાસીઓના શિક્ષણમાં આશ્રમશાળાનું મહત્વ સ્વીકાર્યું છે અને તેની સંખ્યા વધારવા માટે ભલામણો કરી છે. તે અનુસાર ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારોમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા દર વર્ષે નવી આશ્રમશાળાઓ ખોલવાનો આગ્રહ રાખ્યો અને તેથી તેના વિકાસમાં અવરોધકરૂપ પ્રશ્નોને જાણવા તેમજ સમજવા માટે સરકારે ભાણ સમિતિની રચના કરી અને તેની ભલામણોનો સંપૂર્ણપણે સ્વીકાર કર્યો.

શરૂઆતમાં આશ્રમશાળાઓની યોજના આદિવાસી વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો માટે જ ઘડવામાં આવી હતી. પરંતુ ગુજરાત સરકારે ૧૯૭૨માં પછાત વર્ગ બોર્ડની રચના કરી શ્રી એ.આર. બક્ષીના અધ્યક્ષપદે એક કમિશનની નિમણૂંક કરી. આ કમિશને ગુજરાતની ૮૨ કોમોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણી આવી કોમોના બાળકો તેમજ અનુસૂચિત જાતિના બાળકોના શિક્ષણ માટે પણ આશ્રમશાળાઓ સ્થપાવા લાગી.

૧૯૫૩-૫૪ થી ૩ પ્રાથમિક આશ્રમશાળાઓની અને ૧૯૬૩-૬૪ થી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની શરૂઆત થઈ ત્યારથી આશ્રમશાળાઓમાં સતત વધારો થતો રહ્યો છે. ૧૯૫૩ થી ૨૦૧૦ સુધીમાં દસ દસ વર્ષના ગાળામાં સ્થપાયેલ પ્રાથમિક આશ્રમશાળાઓ તેમજ ૧૯૬૩ થી ૨૦૧૦ સુધીમાં દસ દસ વર્ષના ગાળામાં સ્થપાયેલ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની માહિતી નીચે સારણી ૨.૧ માં દર્શાવેલ છે.

---

૫. શિક્ષણ નિયામકની કચેરીના આધારે.

૬. વિમલ શાહ : આદિવાસીઓના પ્રશ્નો, ઢેબર કમિશનનો અહેવાલ, પૃ. ૧૧૩

### સારણી ૨.૧

### દસ દસ વર્ષના ગાળામાં સ્થપાયેલ પ્રાથમિક આશ્રમશાળા અને ઉ.બુ. આશ્રમશાળાઓની માહિતી.

| વર્ષ | પ્રા.આ.શાળા | | ઉ.બુ.આ.શાળા | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧૯૫૧-૧૯૬૦ | ૩૭ | ૮.૨૨ | - | - | ૩૭ | ૬.૭૬ |
| ૧૯૬૧-૧૯૭૦ | ૪૫ | ૧૦ | ૦૫ | ૫.૧૫ | ૫૦ | ૯.૧૪ |
| ૧૯૭૧-૧૯૮૦ | ૫૯ | ૧૩.૧૧ | ૧૪ | ૧૪.૪૩ | ૭૩ | ૧૩.૩૫ |
| ૧૯૮૧-૧૯૯૦ | ૧૩૦ | ૨૮.૮૯ | ૨૮ | ૨૮.૮૭ | ૧૫૮ | ૨૮.૮૮ |
| ૧૯૯૧-૨૦૦૦ | ૧૪૬ | ૩૨.૪૪ | ૩૪ | ૩૫.૦૫ | ૧૮૦ | ૩૨.૯૧ |
| ૨૦૦૧-૨૦૧૦ | ૩૩ | ૭.૩૪ | ૧૬ | ૧૬.૫૦ | ૪૯ | ૮.૯૬ |
| **કુલ** | **૪૫૦** | **૧૦૦** | **૯૭** | **૧૦૦** | **૫૪૭** | **૧૦૦** |

★કમિશ્નર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય આશ્રમશાળા / ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની કચેરીવાર યાદી (તા.૩૧-૩-૨૦૧૦ અંતિત) મુજબ.

ઉપરોક્ત સારણી ૨.૧માં દર્શાવ્યા પ્રમાણે દર દસ વર્ષના દાયકામાં પ્રાથમિક આશ્રમશાળાઓમાં તેમજ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ઉત્તરોત્તર વધારો જ થતો ગયો છે. પરંતુ દરેક દાયકામાં થતા વધારાના પ્રમાણમાં ઘણો જ તફાવત જોવા મળે છે. ૧૯૯૧-૨૦૦૦ની સરખામણીમાં ૨૦૦૧-૨૦૧૦ના દસકામાં પ્રા.શાળાઓ અને ઉ.બુ.આ.શાળાઓમાં વધારો થયો છે. પરંતુ આ વધારો ૧૯૮૧-૧૯૯૦ અને ૧૯૯૧-૨૦૦૦ના દસકાની સરખામણીમાં પ્રમાણમાં ઘણો જ ઓછો છે.

કુલ સ્થપાયેલ આશ્રમશાળાઓમાં ૧૯૮૧-૧૯૯૦ના દસકામાં ૧૫૮ (૨૮.૮૮%) આશ્રમશાળાઓ સ્થપાઈ. જ્યારે ૧૯૯૧-૨૦૦૦ના દસકામાં ૧૮૦ (૩૨.૯૧%) સ્થપાઈ. એટલે કે ૧૯૮૧-૧૯૯૦ની સરખામણીમાં ૧૯૯૧-૨૦૦૦માં ૨૨ આશ્રમશાળાઓ વધુ સ્થપાઈ જેથી કહી શકાય કે તેના પ્રમાણમાં ૪.૦૩% જેટલો વધારો થયો. જ્યારે ૨૦૦૧-૨૦૧૦ના દસકામાં ૪૯ (૮.૯૬%) આશ્રમશાળાઓ સ્થપાઈ જે ૧૯૯૧-૨૦૦૦ની સરખામણીમાં ૧૩૧ જેટલી ઓછી છે. જેથી તેના પ્રમાણમાં ૨૩.૯૫% જેટલો ઘટાડો જોઈ શકાય છે. આમ સારણી પરથી તારણ તારવી શકાય કે, દસ-દસ વર્ષના દાયકામાં સ્થપાયેલ આશ્રમશાળાઓની સંખ્યામાં સમાનતા જોવા મળતી નથી.

૨૦૦૧-૨૦૧૦ના દાયકામાં સ્થપાયેલ પ્રા.આ.શાળાઓ અને ઉ.બુ.આ.શાળાઓની માહિતી સારણી ૨.૨માં દર્શાવેલ છે.

## સારણી ૨.૨

### ૨૦૦૧-૨૦૧૦ના દાયકામાં સ્થપાયેલ આશ્રમશાળાઓ

| વર્ષ | પ્રા.આ.શાળા | | ઉ.બુ.આ.શાળા | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૨૦૦૧-૨૦૦૨ | ૨૭ | ૮૧.૮૨ | ૦૭ | ૪૩.૭૫ | ૩૪ | ૬૯.૩૯ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૦૩ | ૯.૦૯ | ૦૧ | ૬.૨૫ | ૦૪ | ૮.૧૬ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૦૧ | ૩.૦૩ | - | - | ૦૧ | ૨.૦૫ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૦૨ | ૬.૦૬ | - | - | ૦૨ | ૪.૦૮ |
| ૨૦૦૫-૨૦૦૬ | - | - | - | - | - | - |
| ૨૦૦૬-૨૦૦૭ | - | - | - | - | - | - |
| ૨૦૦૭-૨૦૦૮ | - | - | ૦૮ | ૫૦.૦૦ | ૦૮ | ૧૬.૩૨ |
| ૨૦૦૮-૨૦૦૯ | - | - | - | - | - | - |
| ૨૦૦૯-૨૦૧૦ | - | - | - | - | - | - |
| કુલ | ૩૩ | ૧૦૦ | ૧૬ | ૧૦૦ | ૪૯ | ૧૦૦ |

★કમિશ્નર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય આશ્રમશાળા / ઉ.બુ. આશ્રમશાળાઓની કચેરીવાર યાદી (તા.૩૧-૩-૨૦૧૦ અંતિત) મુજબ.

ઉપરોક્ત સારણી ૨.૨માં દર્શાવ્યા પ્રમાણે ૨૦૦૧-૨૦૧૦ના દાયકામાં કુલ ૪૯આશ્રમશાળાઓ સ્થપાઈ. જેમાં ૩૩ પ્રા.આ.શાળાઓ અને ૧૬ ઉ.બુ.આ.શાળાઓ હતી. સારણી પરથી જોઈ શકાય છે કે ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ પછી એક પણ પ્રા.આ.શાળા સ્થાપવામાં આવી નથી. જયારે ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ પછી ફક્ત ૨૦૦૭-૨૦૦૮માં જ ૮ ઉ.બુ.આ.શાળાઓ સ્થાપવામાં આવી છે. તેમજ સૌથી વધુ ૩૪ (૬૯.૩૯%) આશ્રમશાળાઓ ૨૦૦૧-૨૦૦૨માં સ્થપાઈ હતી. આમ, ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીની વર્ષવાર સારણી જોતાં જણાય છે કે અમુક વર્ષે આશ્રમશાળાઓ સ્થપાઈ છે જયારે અમુક વર્ષે એકપણ સ્થપાઈ નથી. આમ, વર્ષવાર સ્થપાયેલ આશ્રમશાળાઓમાં પણ સમાનતા જોવા મળતી નથી.

ઉપરોક્ત વર્ષવાર સ્થિતિ છે એવી જ સ્થિતિ જિલ્લા પ્રમાણે સ્થપાયેલ આશ્રમશાળાઓની પણ છે. કેટલાંક જિલ્લામાં આશ્રમશાળાની સંખ્યા વધુ છે તો કેટલાંક જિલ્લામાં આશ્રમશાળાઓ ઓછી છે. જેની વિગત સારણી ૨.૩ માં દર્શાવેલ છે.

## સારણી નં.૨.૩

### રાજયમાં અનુસૂચિત જનજાતિના બાળકો માટે જિલ્લાવાર આશ્રમશાળા (વર્ષ)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ.શાળા | | ઉ.બુ.આ.શાળા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧. | બનાસકાંઠા | ૨૨ | ૪.૮૯ | ૦૫ | ૫.૧૫ | ૨૭ | ૪.૯૪ |
| ૨. | અમદાવાદ | ૦૧ | ૦.૨૨ | ૦૦ | - | ૦૧ | ૦.૧૮ |
| ૩. | ખેડા | ૦૧ | ૦.૨૨ | ૦૦ | - | ૦૧ | ૦.૧૮ |
| ૪. | સુરેન્દ્રનગર | ૦૧ | ૦.૨૨ | ૦૦ | - | ૦૧ | ૦.૧૮ |
| ૫. | જૂનાગઢ | ૦૩ | ૦.૬૭ | ૦૦ | - | ૦૩ | ૦.૫૫ |
| ૬. | પોરબંદર | ૦૧ | ૦.૨૨ | ૦૦ | - | ૦૧ | ૦.૧૮ |
| ૭. | જામનગર | ૦૧ | ૦.૨૨ | ૦૦ | - | ૦૧ | ૦.૧૮ |
| ૮. | પાટણ | ૦૧ | ૦.૨૨ | ૦૦ | - | ૦૧ | ૦.૧૮ |
| ૯. | સાબરકાંઠા | ૪૫ | ૧૦.૦૦ | ૧૩ | ૧૩.૪૦ | ૫૮ | ૧૦.૬૦ |
| ૧૦. | પંચમહાલ | ૩૬ | ૮.૦૦ | ૦૪ | ૪.૧૨ | ૪૦ | ૭.૩૨ |
| ૧૧. | દાહોદ | ૭૦ | ૧૫.૬૬ | ૨૧ | ૨૧.૬૫ | ૯૧ | ૧૬.૬૩ |
| ૧૨. | વડોદરા | ૩૮ | ૮.૪૪ | ૧૦ | ૧૦.૩૧ | ૪૮ | ૮૭૮ |
| ૧૩. | નર્મદા | ૪૫ | ૧૦.૦૦ | ૦૬ | ૬.૧૯ | ૫૧ | ૯.૩૨ |
| ૧૪. | ભરૂચ | ૦૯ | ૨.૦૦ | ૦૨ | ૨.૦૬ | ૧૧ | ૨.૦૨ |
| ૧૫. | સુરત | ૩૬ | ૮.૦૦ | ૧૩ | ૧૩.૪૦ | ૪૯ | ૮.૯૬ |
| ૧૬. | તાપી | ૫૬ | ૧૨.૪૪ | ૧૨ | ૧૨.૩૭ | ૬૮ | ૧૨.૪૩ |
| ૧૭. | વલસાડ | ૫૦ | ૧૧.૧૧ | ૦૫ | ૫.૧૫ | ૫૫ | ૧૦.૦૫ |
| ૧૮. | નવસારી | ૨૨ | ૪.૮૯ | ૦૬ | ૦૬.૧૯ | ૨૮ | ૫.૧૩ |
| ૧૯. | ડાંગ | ૧૨ | ૨.૬૭ | ૦૦ | - | ૧૨ | ૨.૧૯ |
| | કુલ | ૪૫૦ | | ૯૭ | | ૫૪૭ | ૧૦૦ |

★ કમિશ્નર આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય, આશ્રમશાળા/ઉ.બુ.આશ્રમશાળાઓની કચેરીવાર યાદી (તા.૩૧-૩-૨૦૧૦ અંતિત) મુજબ

ઉપરોક્ત સારણી પરથી જોઈ શકાય છે કે, કુલ ૫૪૭માંથી સૌથી વધુ ૯૧ (૧૬.૬૩%) આશ્રમશાળાઓ દાહોદ જિલ્લામાં આવેલી છે. ત્યાર પછી તાપી જિલ્લામાં ૬૮ (૧૨.૪૩%), સાબરકાંઠા જિલ્લામાં ૫૮ (૧૦.૦૬%) અને વલસાડ જિલ્લામાં ૫૫ (૧૦.૦૫%) આશ્રમશાળાઓ છે. જયારે અમદાવાદ, ખેડા, સુરેન્દ્રનગર, પોરબંદર, જામનગર, પાટણ જિલ્લાઓમાં ફક્ત એક-એક (૦.૧૮%) આશ્રમશાળા આવેલી છે. ઉપરાંત ગુજરાતના કુલ ૨૬ જિલ્લાઓમાંથી ફક્ત ૧૯ જિલ્લાઓમાં જ આશ્રમશાળાઓની સ્થાપના થઈ છે. જયારે બાકીના ૭ જિલ્લા ભાવનગર, રાજકોટ, અમરેલી, કચ્છ, આણંદ, ગાંધીનગર અને મહેસાણાઓમાં રાજયની કુલ વસતિના લગભગ ૦.૨૩% થી ૮.૨૨% જેટલી આદિવાસી વસતિ[૭] હોવા છતાં ત્યાં એકપણ આશ્રમશાળા સ્થપાઈ નથી. આમ, જિલ્લાવાર પણ આશ્રમશાળાઓની સંખ્યામાં અને તેના પ્રમાણમાં ઘણી અસમાનતા છે, તે આના પરથી જાણી શકાય છે.

સમગ્રતઃ આશ્રમશાળાનો વિકાસદર જોતાં ૧૯૫૩માં ૩ આશ્રમશાળાથી શરૂઆત થઈ ૨૦૧૦ સુધીમાં કુલ ૫૪૭ આશ્રમશાળાઓ સ્થપાઈ જે ખૂબ જ પ્રશંસનીય બાબત છે.

**૨.૧.૦ આશ્રમશાળા યોજના**

**૨.૧.૧ આશ્રમશાળા મંજૂરીની પૂર્વ શરતો :**

આશ્રમશાળાની મંજૂરી અંગેના ધારાધોરણો પ્રમાણે દર વર્ષે રાજયના બજેટમાં કરેલી જોગવાઈ મુજબ વિવિધ જાતિઓની વસ્તીના ધોરણે આશ્રમશાળાઓ મંજૂર કરી તેના સંચાલન માટેની અરજી જાહેરાત આપી મંગાવવામાં આવે છે. મળેલી અરજીઓમાંથી જે ટ્રસ્ટ કે સ્વૈચ્છિક સંસ્થા નિયત ધારાધોરણો જાળવી શકે તેમ હોય તેને આશ્રમશાળા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવે છે. નીચેની શરતોને આધિન અરજીઓ મંગાવવામાં આવે છે.[૮]

(૧) સંસ્થા અથવા મંડળ પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ અથવા સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૦ હેઠળ નોંધાયેલ હોવી જોઈએ.

(૨) સંસ્થાએ આશ્રમશાળામાં ભરતી થવા માંગતા ઓછામાં ઓછા ૩૦ બાળકોની યાદી તૈયાર કરવાની રહેશે.

(૩) આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં ૫ કિ.મી.ના અંતરે આવું શિક્ષણ આપતી સંસ્થા (આશ્રમશાળા) હોવી જોઈએ નહિ.

(૪) અરજી કરનાર સંસ્થાએ આશ્રમશાળા માંગી હોય તે સ્થળે જમીન, પાણી, વીજળી તથા સંપૂર્ણ સુવિધાવાળા મકાન ઉપલબ્ધ હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૫) આશ્રમશાળા માટે અરજી કરનાર સંસ્થા આર્થિક રીતે સધ્ધર હોવી જોઈએ.

---

૭ ભીખાભાઈ પટેલ (આદિવાસીઓ - એક દૃષ્ટિક્ષેપ - ૨૦૦૧)


૮. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ તરફથી કરવામાં આવતી જાહેર નિવિદા ૨૦૦૧-૨૦૦૨ના નમૂના પરથી.

(૬) આશ્રમશાળામાં શૈક્ષણિક / બિનશૈક્ષણિક કર્મચારીઓને સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ/નિયમો અનુસાર ફિક્સ પગાર (વેતન) મળવાપાત્ર રહેશે.

**૨.૧.૨ આશ્રમશાળાનું વહીવટી માળખું :**

સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી આશ્રમશાળાઓનું વહીવટી માળખું બે પ્રકારે વહેંચાયેલું જોવા મળે છે. એક સરકારી માળખું અને બીજુ સંસ્થાગત માળખું

(૧) સરકારી માળખું :




સરકારી માળખું મુખ્યત્વે ત્રણ કક્ષાઓમાં વહેંચાયેલું જોવા મળે છે. (૧) રાજયકક્ષા (૨) જિલ્લાકક્ષા અને (૩) તાલુકાકક્ષા. આ દરેક કક્ષાએ રહેલા હોદ્દેદારોએ વિવિધ કામગીરી બજાવવાની હોય છે. જે નીચે મુજબ છે.

**રાજય કક્ષા :**

સરકાર : (૧) આશ્રમશાળાઓને મંજૂરી આપવાની કામગીરી

કમિશ્નર : (૧) આશ્રમશાળાઓને આપવામાં આવતા અનુદાનની મંજૂરી આપવાની કામગીરી

(૨) નાયબ નિયામકના કામોની દેખરેખ રાખવાની કામગીરી

નાયબ નિયામક : (૧) નવી આશ્રમશાળા શરૂ કરવા અરજી મંગાવવાની કામગીરી

(૨) આશ્રમશાળાને મળતા અનુદાનની વિગતો તપાસવી અને મંજૂરી માટે મૂકવાની કામગીરી.

(૩) આશ્રમશાળાના અધિકારીઓના કામની દેખરેખ રાખવી.

**જિલ્લાકક્ષા :**

આશ્રમશાળા અધિકારી : (૧) આશ્રમશાળાઓનું વાર્ષિક નિરીક્ષણ કરવું.

(૨) આશ્રમશાળાઓની આકસ્મિક મુલાકાત લેવી.

(૩) આશ્રમશાળાઓ સરકારી ધારાધોરણો પ્રમાણે વર્તે છે કે નહીં તેની દેખરેખ રાખવી.


(૪) આશ્રમશાળાની મુશ્કેલીઓ સમજવી અને દૂર કરવી.

(૫) શાળા નિરીક્ષકોના કામની દેખરેખ રાખવી.

**તાલુકા કક્ષા :**

શાળા નિરીક્ષક : (૧) આશ્રમશાળામાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું વાર્ષિક મૂલ્યાંકન કરવું.

(૨) **સંસ્થાગત માળખું :**




આશ્રમશાળાની કક્ષાએ શાળાના આચાર્ય વહીવટ સંભાળતા હોય છે. સંસ્થા અને આશ્રમશાળાના જિલ્લાકક્ષાના અધિકારીઓ તરફથી મળતા સૂચનો પ્રમાણે આશ્રમશાળાનો વહીવટ ચલાવવાની જવાબદારી આ આચાર્યની છે. એટલે કે, શાળાકીય તમામ નિર્ણયોનો અમલ કરવાનું કાર્ય આશ્રમશાળાના આચાર્યના શિરે જાય છે. તેની મદદે તેના શાળાના કર્મચારીઓ હોય છે.

**૨.૧.૩ આશ્રમશાળા સિધ્ધાંતો :**

(૧) આશ્રમશાળામાં પ્રથમ વર્ષે ૧૫ કુમાર અને ૧૫ કન્યા હોવા જોઈએ. પછીના દરેક વર્ષે ૧૦ નવા કુમાર અને ૧૦ કન્યા દાખલ કરવાના રહે. જેથી બાળકોની કુલ સંખ્યા ૧૨૦ થઈ શકે.

(૨) આશ્રમશાળામાં નજીકના ગામોમાંથી કુમાર અને કન્યા સપ્રમાણમાં દાખલ કરવા જોઈએ.

(૩) કુમાર અને કન્યા બે અલગ એકમ હોવા જોઈએ. એક પુરુષ શિક્ષકે ગૃહપતિ તરીકેની તેમજ એક મહિલા શિક્ષકે ગૃહમાતા તરીકેની ફરજ બજાવવાની હોય છે.

(૪) આશ્રમશાળામાં સાતથી નવ વર્ષના હોય તેવા બાળકોને પહેલા ધોરણમાં પ્રવેશ આપવાનો હોય છે. જયારે દસ વર્ષ સુધીની ઉંમરવાળાને અગાળના ધોરણમાં પ્રવેશ આપવાનો હોય છે.

(૫) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના વિદ્યાર્થીઓને ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન, ભાષા વગેરે પાકા કરવા કોચીંગ વર્ગો સંસ્થાએ પોતાના ખર્ચે ચલાવવાના રહે છે.

(૬) આશ્રમશાળામાં ૯૦ થી ઓછા વિદ્યાર્થીઓ માટે બે શિક્ષકો, ૯૦થી વધારે અને ૧૨૦ થી ઓછા વિદ્યાર્થીઓ માટે ત્રણ શિક્ષકો અને ૧૨૦ વિદ્યાર્થીઓ માટે ચાર શિક્ષકો નીમી શકાય છે.

સરકારશ્રીએ મંજૂર કર્યા પ્રમાણે આશ્રમશાળામાં નીચે મુજબ કર્મચારીઓ હોવા જોઈએ.

| | **સંખ્યા** |
|---|---|
| શિક્ષક | ૪ |
| કમાટી | ૧ |
| રસોયા | ૨ |
| રસોડાનો નોકર | ૧ |
| **કુલ** | ૮ |

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની રહેવા, જમવા અને ભણવાની સંયુક્ત સુવિધાવાળી આશ્રમશાળાઓમાં લગભગ ૧૨૦ વિદ્યાર્થીઓ હોય છે. આ આશ્રમશાળાઓના નિભાવ અર્થે જરૂરી ગ્રાન્ટ નિયમ પ્રમાણે રાજય સરકારે આપવાની હોય છે.

આશ્રમશાળાઓના નિભાવ અર્થે,

(૧) સ્ટાફ અંગે સરકારી ધોરણ અનુસાર પગારની ગ્રાન્ટ આપવામાં આવે છે.

(૨) આકસ્મિક ખર્ચ રૂા.૩,૫૦૦/- આપવામાં આવે છે. જેમાં કન્ટીજન્સી ખર્ચ, વૈદકીય સહાય, પુસ્તકાલય, મકાન મરામત, ઓડિટ ફીનો સમાવેશ થાય છે.

(૩) લાયબ્રેરી માટે, ધો-૧ થી ૪ માટે રૂા.૩૦૦ અને ધોરણ-૫ થી ૭ માટે રૂા.૫૦૦ ગ્રાન્ટ આપવામાં આવે છે.

(૪) વિદ્યાર્થીદીઠ માસિક રૂા.૬૦૦ નિભાવભથ્થું (ગ્રાન્ટ) ચૂકવવામાં આવે છે. આ નિભાવભથ્થું રહેવા-જમવાની સુવિધાને પહોંચી વળવા માટે આપવામાં આવે છે.

(૧) સ્થાનિક પ્રવાસ કાર્યક્રમો, શિબિર સંમેલન

(૨) કપડાં

(૩) રસોડા માટે

(૪) દીવાબત્તી માટે

(૫) પાણી ખર્ચ માટે

(૬) છાપા મેગેઝીન વગેરે

(૭) સાબુ તથા કેશતેલ

(૮) સફાઈ માટે

(૯) દંતમંજન, બ્રશ વગેરે માટે

(૧૦) છાત્રાલય લેખન સામગ્રી

(૧૧) પાણી ભરવા માટે

(૧૨) છાત્રોને ભોજન માટેના સાધનો (થાળી, વાટકી, પ્યાલો વગેરે)

(૧૩) રસોઈ બનાવવા માટેના સાધનોની રીપેર મજૂરી

(૧૪) છાત્રાલયમાં છાત્રોને સામાન રાખવા માટે ઘોડો-રેંક

(૧૫) શૈક્ષણિક સાધન માટે (અ) છાત્રદીઠ અને (બ) સંસ્થાકીય

આ ઉપરાંત સંસ્થાને અનાવર્તક અનુદાનો પણ આપવામાં આવે છે. જેની માહિતી પરિશિષ્ટ-૧માં આપવામાં આવેલ છે.

---

★ આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨-૧૧-૮૮નો સરકારી ઠરાવ ક્રમાંક અમશ/૧૪૮૮/૬૬૫/ગ- મુજબ

★ તા.૨૪-૩-૯૪ના ઠરાવ મુજબ

## પરિશિષ્ટ-૨

## અનાવર્તક અનુદાનની માહિતી

| | | |
|---|---|---|
| (૧) | મકાન બાંધકામ | જાહેર બાંધકામ વિભાગના એસ.ઓ.આર(SOR) |
| | આદિવાસી વિસ્તાર | મુજબ મકાનની અંદાજી કિંમતના ૯૦ ટકા ગ્રાન્ટ |
| | બિન આદિવાસી વિસ્તાર | મકાનની અંદાજી કિંમતના ૮૦ ટકા ગ્રાન્ટ |
| (૨) | પાણી યોજના : | |
| | (એ) કૂવા બાંધકામ માટે | રૂા. ૬,૦૦૦ |
| | (બી) પાણીની ટાંકી તથા પાઈપલાઈન માટે | રૂા. ૬,૦૦૦ |
| | (સી) ઈલેક્ટ્રીક મોટર માટે ફીટીંગ ચાર્જ સાથે | રૂા. ૧૦,૦૦૦ |
| | (ડી) કૂવો ઉંડો કરવા માટે | રૂા. ૧,૫૦૦ |
| | (ઈ) પત્થર તોડી કૂવો ઉંડો કરવા માટે | રૂા. ૨,૦૦૦ |
| | (એફ) બોરીંગ કરવા માટે | રૂા. ૩,૦૦૦ |
| (૩) | ફર્નિચર (બે તબક્કે) | રૂા. ૪,૦૦૦ |
| (૪) | રમત-ગમત (એક તબક્કે) | રૂા. ૨,૦૦૦ |
| (૫) | કાંતણ ઉદ્યોગ માટે | રૂા. ૩,૩૦૦ |
| (૬) | વાસણ ખરીદી માટે | |
| | પ્રથમ ૬૦ છાત્રોના યુનિટ માટે | રૂા. ૮,૦૦૦ |
| | બીજા ૬૦ છાત્રોના યુનિટ માટે | રૂા. ૭,૦૦૦ અથવા થયેલ ખર્ચ |
| (૭) | ખેતીના સાધનો (૩૦ બાળકોના એક યુનિટ દીઠ રૂા.૨,૦૦૦ લેખે ચાર તબક્કામાં) | રૂા. ૮,૦૦૦ |
| (૮) | બળદ ગાડા માટે | રૂા. ૩,૫૦૦ |
| (૯) | બે બળદની ખરીદી માટે | રૂા. ૩,૦૦૦ |
| (૧૦) | આઠ ગાયોની ખરીદી માટે (૩૦ છાત્રોના એક યુનિટ માટે બે ગાયની ખરીદીના રૂા.૧૫૦૦ - ચાર તબક્કામાં) | રૂા. ૬,૦૦૦ |
| (૧૧) | વીજળી જોડાણ માટે | રૂા. ૫,૦૦૦ ઉચ્ચક અને થયેલ ખર્ચ બેમાંથી જે ઓછું હોય તે |
| (૧૨) | પાંચ એકર જમીન ખરીદી માટે | રૂા. ૧૨,૫૦૦ |
| (૧૩) | તારની વાડ બાંધવા માટે | રૂા. ૪,૫૦૦ ઉચ્ચક અથવા થયેલ ખર્ચ બેમાંથી જે ઓછું હોય તે. |
| (૧૪) | પશુના શેડ માટે | રૂા. ૫,૦૦૦ |
| (૧૫) | શૈક્ષણિક, બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગાર ભથ્થા | ૧૦૦ ટકા સરકારના નિયમ અનુસાર. |

★ આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨-૧૧-૮૮નો સહકારી ઠરાવ ક્રમાંક અમશ/૧૪૮૮/૬૬૫/ગ-મુજબ.

# પ્રકરણ-૩

## સાહિત્ય સમીક્ષા

૩.૦.૦ પૂર્વે થયેલા સંશોધનોનો સાર

૩.૧.૦ પ્રસ્તુત અભ્યાસનું જુદાપણું

# પ્રકરણ-૩

# સાહિત્ય સમીક્ષા

## ૩.૦.૦ પૂર્વે થયેલા સંશોધનોનો સાર :

### અભ્યાસ-૨

| | | |
|---|---|---|
| શીર્ષક | : | ગુજરાતની આશ્રમશાળાઓ (એક મૂલ્યાંકન અભ્યાસ) |
| અભ્યાસક | : | દેસાઈ ભારતીબેન અને અનિલ પટેલ |
| સંસ્થા | : | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર |
| વર્ષ | : | ૧૯૮૧ |

**હેતુઓ :**

(૧) આશ્રમશાળાઓના ઉપયોગ જે તે આશ્રમશાળાની આજુબાજુના ગામડાંઓમાં તથા સ્થાનિક આદિવાસી બાળકો દ્વારા કેટલા પ્રમાણમાં થાય છે તે તપાસવું

(૨) આશ્રમશાળાઓ પાસે શિક્ષકો અને વિદ્યાર્થીઓના પ્રમાણમાં રહેઠાણની સગવડ કેટલી ઉપલબ્ધ છે તે જોવું

(૩) આશ્રમશાળાઓમાં ભણતાં બાળકોની શિક્ષણક્ષેત્રે સ્થગિતતા અને અપવ્યય કેટલા પ્રમાણમાં છે તે તપાસવું

(૪) આદિવાસી શિક્ષણમાં આશ્રમશાળાઓનો ફાળો શું છે ? તે તપાસવું

(૫) આશ્રમશાળાઓની આદિવાસી સમાજ પર પડતી અસરો તપાસવી

(૬) જે આશયથી આશ્રમશાળાઓ સ્થપાય છે તે આશયો પાર પડે છે કે નહિ તે તપાસવું

(૭) આશ્રમશાળાઓની સમસ્યાઓ અને તેના સંભવિત ઉકેલો શોધવા

**નિદર્શ :**

ગુજરાત રાજયના સુરત, ડાંગ, વલસાડ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠા એવા ૮ જિલ્લાઓ કે જયાં આદિવાસીઓની સંખ્યા વધારે છે. તેમાંથી યાદચ્છિક નમૂના પ્રમાણે ધો.૩ થી ૭ની ૨૨ આશ્રમશાળાઓ નમૂના તરીકે પસંદ કરેલ છે.

**ઉપકરણ :**

(૧) મુલાકાત માર્ગદર્શિકા - આશ્રમશાળાના સંચાલક, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓના વાલીઓની મુલાકાત લઈ તેમને આશ્રમશાળા સંબંધિત પ્રશ્નો પૂછી માહિતી મેળવવી.

(૨) પ્રશ્નાવલિ - આશ્રમશાળાને લગતી બધી જ માહિતી પ્રશ્નાવલિના ફોર્મમાં સમાવવી.

(૩) જૂના દફતરો - આશ્રમશાળાના જૂના દફતરો જેવાં કે પરિણામ પત્રકો, રજિસ્ટરનો ઉપયોગ કરી આશ્રમશાળાના શિક્ષણમાં આવતા સ્થગિતતા અને બગાડને શોધવા.

**તારણો :**

(૧) આશ્રમશાળાઓની સમાજ પરિવર્તન ઉપર અસર જોવા મળી છે.

(૨) આદિવાસી બાળકોને આશ્રમશાળાઓ શિક્ષણની તક પૂરી પાડે છે.

(૩) આદિવાસીઓમાં સમયપાલન વધ્યું છે.

(૪) દૂરગામી અસરોમાં સંગીત, નૃત્ય જેવા પરંપરાગત મનોરંજનના સાધનોને બદલે સિનેમા, રેડિયોનો ઉપયોગ આવ્યો છે.

(૫) પૂરતા કપડાં પહેરવા અને સુવ્યવસ્થિત રીતભાત દાખવતા જોવા મળ્યા છે.

(૬) આદિવાસીઓમાં વ્યાવસાયિક પરિવર્તન આવ્યું છે અને અનામત જગ્યાઓ ઉપર સરકારી નોકરીઓમાં જવા લાગ્યા છે.

(૭) બાહ્ય સમાજ સાથેના સમૂહજીવનમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે.

(૮) શોષણ વિમુખતા વધતી જાય છે.

(૯) ખેતીમાં કામ કરવાની પદ્ધતિમાં હજી જોઈએ તેટલો વિકાસ અને પરિવર્તન જોવા મળ્યું નથી.

**અભ્યાસ-૩**

શીર્ષક : આદિવાસી શિક્ષણમાં આશ્રમશાળાની ભૂમિકા સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી શિક્ષણનું વિશ્લેષણ

અભ્યાસક : જોષી વિદ્યુત

સંસ્થા : દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

વર્ષ : ૧૯૮૦

**હેતુઓ :**

(૧) વ્યાપક સમાજમાં અન્ય પરિબળો, સાથે શિક્ષણ શો સંબંધ ધરાવે છે તે તપાસવું.

(૨) ઈ.સ.૧૯૬૨ થી ૧૯૭૮ના સમય દરમ્યાન બદલાતા રાજકીય સંદર્ભોની શિક્ષણ વ્યવસ્થા પર થતી અસરના સંદર્ભમાં આશ્રમશાળાઓનું વિશ્લેષણ કરવું.

(૩) ગાંધીવાદી સંસ્થાઓ તરીકે ઓળખાતી આશ્રમશાળાઓના પ્રશ્નોનો અભ્યાસ કરવો.

**નિદર્શ :**

ઈ.સ. ૧૯૬૪ થી ૧૯૭૭ સુધીમાં અસ્તિત્વ ધરાવતી સુરત જિલ્લાની તમામ આશ્રમશાળાઓ.

**ઉપકરણ :**

(૧) મુલાકાતપત્ર

(૨) પ્રશ્નાવલિ

(૩) સંદર્ભ સાહિત્ય

**તારણો :**

(૧) વિદેશોની પબ્લિક સ્કૂલોમાં જે વ્યવસ્થા જોવા મળે છે તેવી વ્યવસ્થા આશ્રમશાળાઓમાં જોવા મળે છે.

(૨) સ્વતંત્ર સંચાલન મંડળવાળી નિવાસી શાળા છે.

(૩) ઈતર પ્રવૃત્તિઓ માટેની વિસ્તૃત સગવડ છે.

(૪) ચારિત્ર્ય ઘડતર પર ભાર મૂકવામાં આવે છે.

(૫) ઉચ્ચ સંસ્કારો, સારી ટેવો અને આદર્શ જીવનશૈલી તરફની અભિમુખતા જોવા મળે છે.

(૬) સમૂહજીવનની ભાવના જોવા મળે છે.

## અભ્યાસ-૪

શીર્ષક : રાજયમાં આવેલ અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓનો મૂલ્યાંકન અભ્યાસ (૧૯૮૦ પછીની)

અભ્યાસક : અહેવાલ લેખન - શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

સંસ્થા : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

વર્ષ : ૧૯૯૨

**હેતુઓ :**

(૧) આશ્રમશાળામાં આદિવાસી બાળકો માટેની પ્રવેશ પદ્ધતિ જાણવી

(૨) આદિવાસી શિક્ષણમાં આશ્રમશાળાનો ફાળો શું છે તે જાણવું અથવા આશ્રમશાળાથી આદિવાસી શિક્ષણમાં પ્રગતિ થઈ છે કે કેમ તે જાણવું.

(૩) આશ્રમશાળા જે આશયથી સ્થપાય છે તે આશય બર આવ્યો કે કેમ તે જોવું.

(૪) આશ્રમશાળાથી તેમાં રહેતાં બાળકોને સંતોષ છે ખરો ? તે ચકાસવું.

(૫) આશ્રમશાળા પાસે શિક્ષકો અને વિદ્યાર્થીઓના પ્રમાણમાં રહેઠાણની સગવડ કેટલી ઉપલબ્ધ છે તે જોવું.

(૬) આશ્રમશાળાઓ સરકારે બનાવેલ નિયમો પ્રમાણે ચાલે છે કે નહીં તે તપાસવું.

(૭) આશ્રમશાળા અભ્યાસમાં અપવ્યયનું પ્રમાણ જાણવું.

(૮) આશ્રમશાળા સમસ્યાઓ અને સંભવિત ઉકેલો વિચારવા.

**નમૂનો : નિદર્શ :**

૧૯૮૦ પછી શરૂ થયેલ ૧૦૫ આશ્રમશાળાઓમાંથી ૧૦ ટકા લેખે કુલ ૧૦ આશ્રમશાળાઓની પસંદગી કરવામાં આવી હતી. આ માટે રાજયના મુખ્યત્વે ચાર વિભાગ (ઉત્તર, દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર) પાડી દક્ષિણ ગુજરાતમાંથી ૫, ઉત્તર ગુજરાતમાંથી ૨, મધ્ય ગુજરાતમાંથી ૨ અને સૌરાષ્ટ્ર વિસતારમાંથી ૧ એમ કુલ ૧૦ આશ્રમશાળાઓ અભ્યાસમાં લીધી હતી.

**ઉપકરણ :**

(૧) અનુસૂચિ : - આશ્રમશાળાની સામાન્ય માહિતીને આવરી લેતી અનુસુચિ તૈયાર કરવામાં આવી હતી.

- બાળકો અને શિક્ષકોને લગતી વિગતો મેળવવા માટે પણ બાળકોની અનુસૂચિ અને શિક્ષકોની અનુસૂચિ એમ બે અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી.

આમ, પ્રસ્તુત અભ્યાસમાં કુલ ત્રણ અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી.

(૨) મુલાકાત : - આશ્રમશાળાની વ્યવસ્થા સાથે સંકળાયેલ આશ્રમશાળા અધિકારીશ્રી, સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકો, શિક્ષકો, કર્મચારીઓ, બાળકો અને તેમના વાલીઓની શક્ય તેટલી મુલાકાત ગોઠવી ચર્ચા કરવામાં આવી હતી. આ માટે મુલાકાત માર્ગદર્શિકા બનાવી હતી.

(૩) નિરીક્ષણ : - અભ્યાસ દરમ્યાન ઘણી બાબતો નિરીક્ષણથી મેળવવા પ્રયાસ કર્યો હતો. આ માટે નિરીક્ષણ બિંદુની સૂચિ તૈયાર કરી હતી.

**તારણો :**

(૧) જે જે આદિવાસી વિસ્તાર (જિલ્લા)માં આશ્રમશાળાઓ વધુ ખોલવામાં આવી છે ત્યાં આદિવાસી શિક્ષણનું પ્રમાણ વધુ છે.

(૨) ગુજરાતના દરેક જિલ્લામાં આશ્રમશાળાઓનો પ્રમાણસર વિકાસ થયો નથી.

(૩) ગામોમાં ભૌતિક સવલતો હોય તે ગામોમાં જ આશ્રમશાળા શરૂ થાય છે.

(૪) આરોગ્યપ્રદ વાતાવરણમાં આશ્રમશાળાઓ શરૂ કરવા બાબતે મોટા ભાગના સંચાલકો નિષ્ફળ રહ્યા છે.

(૫) બાળકોને રહેવા માટે જે જરૂરી સગવડ હોવી જોઈએ તે ઊભી કરવામાં સંચાલકો નિષ્ફળ ગયા છે.

(૬) મોટાભાગની આશ્રમશાળાઓ પાયાની સુવિધાઓ ઊભી કરી શકી નથી.

(૭) નવી શરૂ થતી આશ્રમશાળા પાસે નિયમ પ્રમાણે જમીન ન હતી.

(૮) આશ્રમશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કરતાં શિક્ષણમાં અપવ્યયનું પ્રમાણ ઓછું છે.

(૯) આશ્રમશાળામાં દાખલ થતા બાળકો તે જ વર્ષમાં આશ્રમશાળા છોડી દેતા નથી, પરંતુ આગળ જતા છોડી દેવાના દાખલા વધુ છે.

(૧૦) શિક્ષકો અન્ય કોઈ કામ ન મળવાથી જ આશ્રમશાળામાં ટકી રહ્યા છે.

(૧૧) આશ્રમશાળામાં બાળકોને પૂરતો અને પૌષ્ટિક ખોરાક મળતો નથી.

(૧૨) ઘણી આશ્રમશાળામાં પીવાના પાણીની સુવિધા પૂરતી ન હોય તેવું જોવામાં આવ્યું.

(૧૩) લગભગ કોઈ આશ્રમશાળામાં પ્રાથમિક સારવારની સુવિધા ન હતી.

(૧૪) આશ્રમશાળા અધિકારી તરફથી સંચાલકોને મકાન અંગે નકશો આપવો જોઈએ અને દરેક સંસ્થા એ જ રીતે મકાન બનાવે તેવી અપેક્ષા રાખવી જોઈએ.

(૧૫) કોઈપણ સંચાલક મંડળને કેટલી મર્યાદામાં આશ્રમશાળા આપવી તેનું ધોરણ નક્કી કરવું જોઈએ.

## અભ્યાસ-૫

શીર્ષક : ધરમપુર તાલુકામાં પ્રાથમિક શિક્ષણ એક અભ્યાસ

અભ્યાસક : નટુભાઈ કે. જોષી

સંસ્થા : ગૂજરાત વિદ્યાપીઠ

વર્ષ : ૧૯૮૭

**હેતુઓ :**

પ્રસ્તુત સંશોધનના અનેક હેતુઓમાંનો એક હેતુ ધરમપુર તાલુકામાં આવેલી આશ્રમશાળાઓની શૈક્ષણિક, વહીવટી અને આર્થિક પરિસ્થિતિની વિગતો જાણી તેમાંથી ઉત્પન્ન થતી સમસ્યાઓનો ઉકેલ શોધવા પ્રયત્ન કરવાનો હતો.

**નિદર્શ :**

ઈ.સ.૧૯૮૫ના ડિસેમ્બર માસ સુધી ધરમપુર તાલુકામાં આવેલી ૨૮૪ પ્રાથમિક શાળાઓ અને ૧૮ આશ્રમશાળાઓનો સમાવેશ પ્રસ્તુત અભ્યાસમાં કરેલ છે.

**ઉપકરણ :**

- પ્રશ્નાવલિ
- અભિપ્રાયાવલિ

**તારણો :**

(૧) મોટાભાગની આશ્રમશાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવે છે.

(૨) બધીજ આશ્રમશાળાઓમાં ખેતી ઉદ્યોગ શીખવવામાં આવે છે.

(૩) મોટાભાગની આશ્રમશાળાઓ પાસે ૧૦ થી ૧૫ એકર ખેતીલાયક જમીન છે.

(૪) બધી જ આશ્રમશાળાઓ પાસે પાણીની ટાંકી, સંડાસ અને મૂતરડી છે.

(૫) મોટાભાગની આશ્રમશાળાઓમાં પ્રયોગનાં સાધનો અને પ્રયોગશાળા નથી.

(૬) એક પણ આશ્રમશાળામાં સહકારી ભંડાર નથી.

(૭) વિજ્ઞાનમેળામાં ભાગ લેનાર આશ્રમશાળાઓની સંખ્યા નહિવત છે.

(૮) સહઅભ્યાસી પ્રવૃત્તિઓ બધી જ આશ્રમશાળાઓમાં થાય છે.

(૯) મોટાભાગની આશ્રમશાળાઓને વિદેશી આર્થિક મદદ મળતી નથી.

(૧૦) શિક્ષકોને નિયમિત પગાર મળતા નથી.

## અભ્યાસ-૬

શીર્ષક : ગુજરાતની નઈ તાલીમ સંસ્થાઓની વર્તમાન સ્થિતિનો સર્વેક્ષણ અભ્યાસ. અહેવાલ-૧ આશ્રમશાળાઓ.

અભ્યાસક : લેખન - સંપાદન
- શ્રી વિનાયક કે. ધોત્રે
- શ્રી જેસંગભાઈ ડાભી
- શ્રી નરોત્તમભાઈ પટેલ

સંસ્થા : ગુજરાત નઈ તાલીમ સંઘ
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

વર્ષ : ૨૦૦૨

**હેતુઓ :**

(૧) ગુજરાત રાજયમાં નઈ તાલીમ શિક્ષણ પદ્ધતિના ઉદ્‌ભવ, વિકાસ, ગુણવત્તા અને પ્રવર્તમાન સ્થિતિનો અભ્યાસ કરવો.

(૨) ગુજરાત નઈ તાલીમ સંઘ સાથે સંકળાયેલ ઉપરોક્ત પ્રકારની સંસ્થાઓનું માળખું, વ્યવસ્થાતંત્ર, સંસ્થામાં પ્રાપ્ય ભૌતિક સગવડો, ચલાવવામાં આવતા અભ્યાસક્રમો, પ્રશિક્ષણની વ્યવસ્થા અને શિક્ષણની ગુણવત્તાની સુધારણાના સંદર્ભમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, અને શિક્ષણ સાથે સંકળાયેલ અન્ય સૌ કાર્યકરો વિશે અભ્યાસ કરવો.

(૩) ૨૧મી સદીમાં સંભવિત પરિવર્તનના સંદર્ભમાં રાષ્ટ્રની ગ્રામપ્રજાની સામાજિક તથા આર્થિક સ્થિતિને ખ્યાલમાં રાખી નઈ તાલીમની સંસ્થાઓની વિશિષ્ટતાઓ, મર્યાદાઓ, પ્રશ્નો અને ખાસ ધ્યાન આપવા જેવી બાબતોનો અભ્યાસ કરી, સમગ્ર નઈ તાલીમના કાર્યક્રમોની જરૂરી સુધારણા તેમજ પુનર્રચના કરવા આવશ્યક ફેરફારો સૂચવવા.

(૪) માનવ શક્તિની જરૂરિયાતોનું સર્વેક્ષણ કરી વિવિધ કક્ષાના કાર્યકર્તાઓને તાલીમ આપવી તેમજ તેમની શક્તિના વિકાસ માટે પ્રશિક્ષણ વ્યવસ્થા કરવી.

(૫) નઈ તાલીમ શિક્ષણ વ્યવસ્થાની સુધારણા માટે જે લઘુત્તમ આગત (input) જરૂરી હોય તે નક્કી કરવા અને આ પ્રોજેક્ટ દ્વારા જે ઉણપો શોધી કાઢવામાં આવે તેને નિવારવા માટે પ્રયત્નો કરવા.

(૬) દેશમાં સમગ્ર શિક્ષણવ્યવસ્થાની પુનર્રચના માટે શૈક્ષણિક આયોજકો અને નીતિ નિયમના ઘડવૈયાઓને ભાવિ આયોજનમાં સહાયરૂપ થવું.

(૭) નઈ તાલીમ શિક્ષણ વ્યવસ્થાની સ્થાનિક સમાજ પર થયેલી અને થતી સામાજિક અને શૈક્ષણિક અસરોનો અભ્યાસ કરવો.

**નિદર્શ :**

ગુજરાત રાજ્યની કુલ ૬૫૩ આશ્રમશાળાઓ પૈકી ૫૯૭ આશ્રમશાળાઓને પ્રશ્નાવલિ મોકલવામાં આવી જેમાંથી ૨૯૦ આશ્રમશાળાઓએ પ્રશ્નાવલિ ભરી પરત મોકલી, જેના આધારે પ્રસ્તુત અહેવાલમાં પૃથક્કરણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**ઉપકરણ :**

વિવિધ પ્રકારની નઈ તાલીમની સંસ્થાઓનું સર્વેક્ષણ કરવા પ્રશ્નાવલિઓ તૈયાર કરવામાં આવી હતી. જે નીચે મુજબ છે.

(૧) આશ્રમશાળાઓ માટેની પ્રશ્નાવલી

(૨) ઉત્તર બુનિયાદી અને ઉચ્ચત્તર બુનિયાદી વિદ્યાલયો માટેની પ્રશ્નાવલિ

(૩) નઈ તાલીમ મહાવિદ્યાલયો (ગ્રામવિદ્યાપીઠો) માટેની પ્રશ્નાવલિ

(૪) પ્રાથમિક બુનિયાદી અધ્યાપન મંદિરો માટેની પ્રશ્નાવલિ

(૫) સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજો (GBTCs) માટેની પ્રશ્નાવલિ.

**તારણો :**

(૧) આશ્રમશાળાઓમાં લગભગ બધી જ આશ્રમશાળાઓ મિશ્ર પ્રકારની છે

(૨) કુમારોની સરખામણીમાં કન્યાઓની સંખ્યા ઘણીજ ઓછી છે

(૩) ઉપરના ધોરણમાં જતાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ વધતું જાય છે

(૪) મોટાભાગની આશ્રમશાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળ્યો હતો.

(૫) આધુનિક શિક્ષણમાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોની ઉપયોગીતા ઘણી જ હોવા છતાં આશ્રમશાળાઓમાં પૂરતા પ્રમાણમાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો અભાવ જોવા મળ્યો હતો.

## અભ્યાસ-૧

શીર્ષક : બૈતૂલ જિલ્લાની આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિ તથા સામાન્ય વિદ્યાર્થીઓના વિજ્ઞાન, કૃષિ તથા ટેકનોલોજીમાં રૂચિ પ્રત્યેનો વિશ્લેષણાત્મક અભ્યાસ

અભ્યાસક : ડૉ. રામસહાય નાયક

સંસ્થા : આદિમજાતિ અનુસંધાન, મધ્યપ્રદેશ

વર્ષ : ૧૯૯૯

**હેતુઓ :**

(૧) આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી તથા સામાન્ય વિદ્યાર્થીઓનો વિજ્ઞાનમાં રૂચિ પ્રત્યેનો અભ્યાસ કરવો.

(૨) આશ્રમ શાળાઓમાં અભ્યાસ કરતાં આદિવાસી તથા સામાન્ય વિદ્યાર્થીઓનો ટેકનોલોજીમાં રૂચિ પ્રત્યેનો અભ્યાસ કરવો.

(૩) આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતાં આદિવાસી તથા સામાન્ય વિદ્યાર્થીઓનો કૃષિમાં રૂચિ પ્રત્યેનો અભ્યાસ કરવો.

**નિદર્શ :**

બૈતૂલ જિલ્લામાં આવેલી પાઢર, બૈતૂલ, ચિચૌલી તથા ભીમપુરની આશ્રમ વિદ્યાલયોમાં ધોરણ-૯ અને ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો નિદર્શમાં સમાવેશ કરેલ હતો. પ્રત્યેક આશ્રમશાળામાંથી ૨૫ આદિવાસી જાતિના અને ૨૫ સામાન્ય વિદ્યાર્થીઓ એમ ચાર શાળાઓમાંથી ૧૦૦-૧૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરેલ હતો.

**તારણો :**

(૧) સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે વધારે રૂચિ ધરાવતા હતાં.

(૨) આદિવાસીના વિદ્યાર્થીઓ કૃષિ પ્રત્યે વધારે રુચિ ધરાવતા હતા.

(૩) સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓની વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યેની વધારે રૂચિનું કારણ હતું તેમની સામાજિક અને આર્થિક સ્થિતિ તેમજ તેમના માતા-પિતાનું શિક્ષિત હોવું તે પણ જવાબદાર કારણ હતું.

(૪) આદિવાસીના વિદ્યાર્થીઓની કૃષિ પ્રત્યેની વધારે રૂચિનું કારણ હતું તેમની આસપાસની સ્થિતિ તેમજ તેમના માતા-પિતાનું નિરક્ષર હોવું અને ખેતીકામ કરવું તે પણ એક જવાબદાર કારણ હતું.

## અભ્યાસ-૨

શીર્ષક : ગુજરાત રાજયના આદિવાસી બાળકોને મળતી શૈક્ષણિક સવલતોને લગતો અભ્યાસ તેમજ અધવચ્ચેથી અભ્યાસ પડતો મૂકવાના કારણોની તપાસ.

અભ્યાસ લેખક : બી.એલ. કુમાર

અનુવાદક : હરીશ જોષી

સંસ્થા : ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડેવલોપમેન્ટ રિસર્ચ, અમદાવાદ

વર્ષ : ૨૦૦૧

**હેતુઓ :**

(૧) આદિવાસી શિક્ષણના વિકાસ અને ઉત્તેજન માટે ઉપલબ્ધ શાળાકીય સુવિધાઓની તપાસ અને સાથે સાથે એ વાતની પણ સમીક્ષા કરવી કે ઉપલબ્ધ સુવિધાઓ પર્યાપ્ત છે અથવા નહિ.

(૨) આશ્રમશાળાઓની કામકાજની પદ્ધતિનો અભ્યાસ, બીજી શાળાઓ કરતાં એ કઈ રીતે જુદો પડે છે.

(૩) પ્રાથમિક નિશાળોમાં શાળા છોડવાના કારણો અને તેનું પ્રમાણ.

(૪) જુદા જુદા શૈક્ષણિક પ્રેકર કાર્યક્રમોનો કેવી રીતે અમલ થાય છે તેની સમીક્ષા.

(૫) આદિવાસી બાળકો આ સવલતોથી કેટલા પ્રમાણમાં લાભાવિન્ત થાય છે તે સમજવું.

(૬) શૈક્ષણિક પ્રેરક કાર્યક્રમોને કેવી રીતે વધુ અસરકારક બનાવી શકાય તે અંગેની નીતિ વિષયક ભલામણો કરવી.

**નિદર્શ :**

પ્રસ્તુત અભ્યાસ માટે ચાર જિલ્લાઓ દાહોદ, વલસાડ, નર્મદા અને બનાસકાંઠાના ચાર તાલુકા દાહોદ, કપરાડા, રાજપીપળા અને પાલનપુરનો નિદર્શમાં સમાવેશ કરેલ.

આશ્રમશાળાઓ દ્વારા આવરેલા વિદ્યાર્થીઓ :

અભ્યાસના વિસ્તારમાં આવેલી ૫૫માંથી ૧૬ આશ્રમશાળાઓ (નવી અને જૂની બંને પ્રકારની) પસંદ કરાઈ. જેમાં ૧૩ આશ્રમશાળાઓ એવી હતી જયાં ધો.૧ થી ૭ સુધીનું શિક્ષણ અપાતું હતું. જયારે ૩ ઉત્તર બુનિયાદી શાળાઓ હતી. જેમાંથી કુલ ૧૯૨૬ જેટલા વિદ્યાર્થીઓનો પ્રસ્તુત સંશોધનમાં સમાવેશ કરેલ હતો.

**ઉપકરણ :**

ઘરોની યાદી, રહેઠાણ અંગેની અનુસૂચિ તેમજ શાળા-છાત્રાલયોની અનુસૂચિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**તારણો :**

(૧) મોટાભાગની આશ્રમશાળાઓએ તેમની ક્ષમતા કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલો.

(૨) ઘણી આશ્રમશાળાઓ પાસે શિક્ષણકાર્ય તેમજ રહેવા માટે મર્યાદિત જગ્યા હતી. અમુક નિશાળોમાં શિક્ષકો અને બીજા કર્મચારીઓ માટે રહેવા માટેના મકાનો ન હતાં.

(૩) નિશાળોને અપાતી ગ્રાન્ટ મુજબ દરેક વિદ્યાર્થીને વર્ષમાં ૨ ગણવેશ આપવાના હોય છે. પણ મોટાભાગના વિદ્યાર્થીઓ ગણવેશ વગર આવતા હતાં. ગણવેશ પહેરનાર બાળકોનું પ્રમાણ ૩૦ થી ૪૦ ટકા જેટલું જ હતું.

(૪) મોટાભાગની આશ્રમશાળાઓમાં વીજળીની વ્યવસ્થા હોવા છતાં ઓરડાઓમાં પ્રકાશની પૂરતી વ્યવસ્થા ન હતી. લગભગ બધી જ શાળાઓમાં પંખાઓ ન હતાં.

(૫) ૧૩ આશ્રમશાળાઓમાં પુસ્તકાલયની સુવિધાઓ હતી. પરંતુ કોઈપણ જાતના રેકર્ડ રાખવામાં આવતા ન હતાં.

(૬) મોટાભાગની આશ્રમશાળાઓ પાસે ખેતીની જમીન તેમજ ખેતીના પૂરતા ઓજારો ન હતાં.

(૭) શિક્ષણની ગુણવત્તાના સંદર્ભમાં આશ્રમશાળાઓ અને બીજી શાળાઓ વચ્ચે કોઈ ખાસ તફાવત જોવા મળ્યો ન હતો. બંને પ્રકારની શાળાઓના વિદ્યાર્થીઓની જાણકારી અને સમજના સ્તરમાં તેમજ પરિણામોમાં કોઈ ખાસ તફાવત ન હતો.

(૮) મોટા અને મધ્યમ કદના ગામડાંઓમાં આદિવાસી બાળકોના શિક્ષણ માટે બેવડા પ્રયત્નો કરવામાં આવ્યા છે. જયારે ખૂબ દૂરના ગામડાંઓના બાળકો માટે એક પણ પ્રકારની વ્યવસ્થા ન હતી. આદિવાસી વિસ્તારોના માત્ર ૧૦ ટકાથી ઓછા વિસ્તારોમાં આશ્રમશાળાઓ હતી.

(૯) આશ્રમશાળાઓનો વહીવટ સ્વૈચ્છિક સંસ્થાઓ કરતી હોય છે. આદિવાસી શિક્ષણના પ્રસાર માટે બધી સંસ્થાઓ એકસરખી નિષ્ઠા નથી ધરાવતી. અમુક સંસ્થાઓ આ માટે પ્રતિબધ્ધ દેખાય છે. જયારે અમુક સંસ્થાઓ આર્થિક અને રાજકીય લાભ મેળવવા માટે આમા સંલગ્ન છે.

(૧૦) વિદ્યાર્થીદીઠ જે માસિક રૂા.૩૮૦ની ગ્રાન્ટ અપાય છે તે ભોજન અને અન્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે અપૂરતી છે. દવાઓ માટે પણ બાળક દીઠ અપાતી રકમ ઓછી છે.

(૧૧) આશ્રમશાળાના શિક્ષકોની સેવાઓ પેન્શનપાત્ર ન હોવાના કારણે જ, સારી તક મળે ત્યારે આ શિક્ષકો પંચાયતની અથવા બીજી શાળાઓમાં જોડાઈ જાય છે.

## અભ્યાસ-૩

શીર્ષક : ગુજરાતની અનુસૂચિત જનજાતિઓની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ (એક મૂલ્યાંકન અભ્યાસ)

સંપાદન : ડૉ. ઠાકોરભાઈ ભા. નાયક

સંસ્થા : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

વર્ષ : ૧૯૮૯

**હેતુઓ :**

(૧) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના સ્રોત કયા છે ?

(૨) ઉ.બુ. આશ્રમશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓમાં કઈ જાતિના વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં પ્રવેશ મેળવે છે? અને તેમના વાલીઓની આર્થિક સ્થિતિ કેવી છે.

(૩) ઉ.બુ. આશ્રમશાળાની આદિવાસી સમાજમાં મહિલા શિક્ષણમાં પ્રગતિ હાંસલ થઈ છે કે કેમ ?

(૪) ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ કેટલું છે ?

(૫) ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓનું ન્યુ.એસ.એસ.સી.નું પરિણામ કેટલું આવે છે.

(૬) એસ.એસ.સી.ના અભ્યાસ બાદ કેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લે છે.

(૭) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના હાલના શિક્ષણથી વાલીઓને અને વિદ્યાર્થીઓને સંતોષ છે ?

(૮) આદિવાસીઓના શિક્ષણમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની ઉપયોગીતા કેટલી છે.

(૯) ઉ.બુ. આશ્રમશાળાઓ નિયમ પ્રમાણે ચાલે છે કે કેમ ?

(૧૦) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના પ્રશ્નો કયા છે? અને તેના સંભવિત ઉકેલો શું હોઈ શકે ?

(૧૧) રાજયમાં નવી કેટલી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની જરૂર છે ?

**નિદર્શ :**

ગુજરાતની કુલ ૮૮ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાંથી સ્વૈચ્છિક નિદર્શનથી વડોદરા, પંચમહાલ, ભરૂચ અને સુરત જિલ્લાની એક એક ઉત્તર બુનિયાદી આશ્રમશાળાને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી. અભ્યાસ માટે પસંદ થયેલ દરેક ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાંથી ૩૦ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પસંદ કર્યા હતાં. જેમાં ૧૦ આશ્રમશાળામાં અભ્યાસ કરતા હોય તેવા, ૧૦ અભ્યાસ છોડી વ્યવસાયમાં રોકાયેલા હોય તેવા અને ૧૦ આશ્રમશાળામાં અભ્યાસ કરી આગળ અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ હતાં. ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભણતા કે ભણી ગયેલા વિદ્યાર્થીઓના ૧૦ વાલીઓનો સંપર્ક કરી તેમના અભિપ્રાયો પણ મેળવ્યા હતાં.

**ઉપકરણ :**

(૧) પ્રશ્નાવલિ : - ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની પ્રાથમિક માહિતી મેળવવા પ્રશ્નાવલિ.
- ભૌતિક સગવડ અને સરકાર તરફથી મળતી ગ્રાન્ટ અંગેની માહિતી એકત્ર કરવા પ્રશ્નાવલિ.

(૨) અનુસૂચિ : - ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા વિશેની માહિતી એકત્ર કરવા અનુસૂચિ જેમાં તેમના અભિપ્રાય સંબંધી મુદ્દાઓ.

(૩) નિરીક્ષણ : - પ્રાર્થનાસભામાં, શ્રમકાર્યમાં સાથે રહીને ભોજન સમયે સાથે રહીને સહભાગી નિરીક્ષણ
- છાત્રાલયમાં કઈ રીતે રહે છે, આખો દિવસ કેવા પ્રકારના કામો કરે છે વગેરે માહિતી મેળવવા અસહભાગી નિરીક્ષણ.

**તારણો :**

(૧) ગુજરાતમાં દરેક જિલ્લામાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો પ્રમાણસર વિકાસ થયો નથી. વસ્તી અને શાળા સંખ્યાની દૃષ્ટિએ અસમાનતા વધુ જોવા મળે છે.

(૨) જે ગામોમાં ભૌતિક સવલત વધુ હોય તેવા ગામોમાં જ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા શરૂ થઈ છે.

(૩) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો સમાજ સાથે સંપર્ક ઓછો જણાય છે.

(૪) આદિમજૂથ અને અન્ય આદિવાસી જાતિઓ કે જે પછાત છે તે જાતિઓના વિદ્યાર્થીઓ બીજી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ કરતાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં અભ્યાસ કરે છે.

(૫) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં દાખલ થતા વિદ્યાર્થીઓમાં ગરીબ અને સમૃધ્ધ કુટુંબના વિદ્યાર્થીઓનું પ્રમાણ સરખું હતું. ગરીબ કુટુંબની કન્યાઓ અને પૈસાદાર કુટુંબના કુમારો ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં દાખલ થયા હતા.

(૬) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભણી ગયેલી વ્યક્તિઓમાં વ્યવસાયિક વિભિન્નતા જોવા મળે છે.

(૭) માધ્યમિક શિક્ષણની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતા ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સ્થગિતતા અને બગાડનું પ્રમાણ ઓછું જણાયું છે.

(૮) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ નાપાસ થવાથી અભ્યાસ છોડી દે છે.

(૯) વર્તમાન સમયમાં અનુસૂચિત જનજાતિની કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધ્યો નથી. કન્યા

શિક્ષણના વિકાસમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓએ અપેક્ષિત સિધ્ધિ હાંસલ કરી નથી.

(૧૦) ઓછી આવકવાળા કુટુંબના સભ્યોમાં માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધારવામાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓએ મહત્વની ભૂમિકા ભજવી છે.

(૧૧) નવી શરૂ થતી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા પાસે નિયમ પ્રમાણેની જમીન હોતી નથી.

(૧૨) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભૌતિક સુવિધા ઓછી અને ભોજન પણ પૌષ્ટિક જણાતું નથી.

(૧૩) ઉત્તરદાતા વાલીઓ પોતાના બાળકો ઉત્તર બુનિયાદી પ્રકારની શાળામાં કે માધ્યમિક શાળામાં ભણે તે નક્કી કહી શકતા નથી.

(૧૪) એકંદરે પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં અભ્યાસ કરી માધ્યમિક શિક્ષણ લેવા ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં દાખલ થયેલ કુમારોનું ધોરણ દસનું પરિણામ સારું આવે છે.

(૧૫) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભણતાં કુમાર અને કન્યાઓમાં ધોરણ આઠ નવમાં કુમાર કરતાં કન્યાઓ અને ધોરણ દસમાં કન્યા કરતાં કુમાર વધુ પ્રમાણમાં પાસ થાય છે.

## અભ્યાસ-૪

શીર્ષક : આશ્રમશાળાઓનો મૂલ્યાંકન અભ્યાસ

અભ્યાસક : નિયામકશ્રી,
મૂલ્યાંકન વિભાગ, ગાંધીનગર

સંસ્થા : મૂલ્યાંકન નિયામકશ્રીની કચેરી,
ગુજરાત સરકાર, ગાંધીનગર.

વર્ષ : ૧૯૮૭

**હેતુઓ :**

(૧) આશ્રમશાળા શિક્ષણમાં આશ્રમશાળાઓની મહત્તમ મંજૂર સંખ્યાનો કેટલો ઓછો ઉપયોગ થઈ રહ્યો છે, કેટલા પ્રમાણમાં અપવ્યય થઈ રહેલ છે (એટલે કે અધવચ્ચેથી વિદ્યાર્થીઓનું અભ્યાસ છોડી દેવાનું પ્રમાણ કેટલું છે ?)

(૨) આ યોજનાના લાભ, સંબંધિત વિસ્તારમાં રહેતા ઓછી આવક ધરાવતા જૂથના કુટુંબો સુધી પહોંચી રહેલ છે કે નહિ તે તપાસવું.

(૩) આદિજાતિઓ તેમજ અન્ય પછાત વર્ગના સમુદાયોમાં સાક્ષરતાનો દર ઊંચો લાવવામાં થયો છે કે કેમ તે તપાસવું.

(૪) લાભાર્થી પરિવારોના આર્થિક ઉત્કર્ષ માટે થયા છે કે કેમ તે તપાસવું.

**નિદર્શ :**

શરૂઆતમાં આશ્રમશાળાઓની પસંદગી યાદચ્છિક નિદર્શન પદ્ધતિથી કરાઈ. જે આશ્રમશાળાઓ ઓછામાં ઓછા દસ વર્ષ પહેલાં જ શરૂ થઈ હતી તેને જ ધ્યાનમાં લેવામાં આવી હતી. આશ્રમશાળાઓની પસંદગી માટે ૭ આદિવાસી જિલ્લાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. આ સાત જિલ્લાઓનું વિભાજન ત્રણ પ્રદેશોમાં નીચે મુજબ કરવામાં આવ્યું હતું.

- ભરૂચ, સુરત, ડાંગ અને વલસાડ - દક્ષિણ ગુજરાત
- વડોદરા અને પંચમહાલ - મધ્ય ગુજરાત
- સાબરકાંઠા - ઉત્તર ગુજરાત

આ ત્રણે પ્રદેશોમાંથી પ્રત્યેક વિભાગમાંથી એક એવો જિલ્લો પસંદ કરવામાં આવ્યો હતો, જયાં આશ્રમશાળાઓની સંખ્યા સૌથી વિશેષ હોય. દરેક પ્રકારમાંથી સંબંધિત સંખ્યાના પ્રમાણમાં કુલ નવ આશ્રમશાળાઓ પસંદ કરવામાં આવી હતી. તે પછી બિન આદિજાતિ વિસ્તારમાંથી અનુસૂચિત જનજાતિઓ માટેની આશ્રમશાળાઓ પૈકી એક વધારે આશ્રમશાળા પણ પસંદ કરવામાં આવી હતી.

જે આશ્રમશાળાઓ પસંદ કરવામાં આવી હતી તે પ્રત્યેકમાંથી ૩૦ વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. તેમજ જે તે ગામમાંથી દસ એવાં કુટુંબો પસંદ કરવામાં આવ્યા જેમણે આશ્રમશાળાની યોજનાનો લાભ લીધેલ નથી.

**ઉપકરણ :**

- આ કાર્યક્રમના અમલ સાથે સંકળાયેલ અધિકારીઓ તેમજ બિન સરકારી વ્યક્તિઓ સાથે ચર્ચા-વિચારણા કરીને યોજનાની સંસ્થાકીય અને કાર્ય પદ્ધતિ અંગેની બાબતોનો અભ્યાસ.
- કાર્યક્રમના અમલ સાથે સંકળાયેલ અધિકારીઓ તથા બિન સરકારી વ્યક્તિઓ પાસેથી પ્રશ્નાવલિનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરવી.
- પસંદ કરવામાં આવેલ આશ્રમશાળા માટે તેમજ યોજનાનો લાભ લીધો હોય કે ન લીધો હોય તેવા કુટુંબો માટે અનુસૂચિનો ઉપયોગ કરવો.
- પસંદ કરવામાં આવેલ આશ્રમશાળાઓની નજીકમાં આવેલી આશ્રમશાળામાંથી પણ માહિતી એકત્ર કરવી.

**તારણો :**

(૧) રાજયના તમામ જિલ્લાઓમાં બુનિયાદી શાળાઓ આવેલી છે. તેમ છતાં અનુસૂચિત બુનિયાદી આશ્રમશાળાઓ ૭ આદિવાસી વિસ્તારના જિલ્લાઓ સહિતના કુલ માત્ર ૯ જિલ્લાઓમાં કાર્ય છે.

(૨) આશ્રમશાળાઓમાં અપવ્યયનું પ્રમાણ ભટકતી જાતિઓમાં સૌથી વિશેષ છે. તે પછીના ક્રમ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ આવે છે.

(૩) શરૂઆતના ધોરણોમાં તમામ આશ્રમશાળાઓનું માળખું એક સમાન નથી.

(૪) જેમ જેમ ઉપરના ધોરણમાં જોઈએ તેમ તેમ શાળામાંથી બાળકને ઉઠાડી દેવાનો દર નીચો જતો જાય છે. સૌથી ઊંચો દર ધોરણ-૧નો છે, ત્યારબાદ ધોરણ-૨નો ક્રમ આવે છે.

(૫) આશ્રમશાળા છોડવાનું મુખ્ય કારણ છે અન્ય શાળામાં અભ્યાસ કરવા માટે જોડાવાનું અન્ય કારણોમાં આર્થિક પરિસ્થિતિ, આગળ અભ્યાસ કરવાની અનિચ્છા તેમજ માતા-પિતાને ખેતીવાડીમાં મદદ કરવા જેવા કેટલાંક કારણો જણાયાં છે.

(૬) કેટલીક આશ્રમશાળાઓમાં શાળાની મુલાકાત સમયે ઘણાં સારા પ્રમાણમાં અનાજનો જથ્થો સંગ્રહાલયેલો જોવા મળ્યો હતો.

(૭) પસંદ થયેલ આશ્રમશાળાઓના કુલ ૪૩ શિક્ષકો પૈકી ૨૪ અનુસૂચિત જનજાતિ સમુદાયના હતા, જ્યારે બાકીના ૧૯ પૈકીના ૬, ૪ અને ૯ શિક્ષકો અનુક્રમે અનુસૂચિત જાતિ, બક્ષીપંચ (SEBC) તથા અન્ય સમુદાયોના હતાં.

(૮) પસંદ કરવામાં આવેલ આશ્રમશાળાઓની ખેતી માટેની જમીન ૩.૩ એકરથી માંડી ૨૩ એકર સુધીની હતી. પરંતુ ખેતી માટે ઉપયોગમાં લઈ શકાય તેવી જમીન ૨.૦૦ એકરથી માંડી ૧૯ એકર સુધીની હતી.

(૯) આશ્રમશાળામાં અપાતી તાલીમને સંબંધ છે ત્યાં સુધી આશ્રમશાળાઓમાં માત્ર ખેતીવાડીની તાલીમ આપવામાં આવતી હતી.

(૧૦) ઉત્તરબુનિયાદી આશ્રમશાળાઓમાં સામાન્યતઃ અંગ્રેજી વિષયનો અભ્યાસ કરવામાં આવતો નથી.

(૧૧) વધતા જતા ભાવોને જોતાં, આશ્રમશાળાઓના હાલનું અનુદાનનું ધોરણ, વિદ્યાર્થીઓની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે પર્યાપ્ત નથી.

(૧૨) પસંદ કરવામાં આવેલ પરિવારોનો મુખ્ય વ્યવસાય ખેતી અથવા ખેતમજૂરી હોવાનું જણાયું છે.

(૧૩) લાભાર્થી પરિવારોનો સાક્ષરતા દર બિનલાભાર્થી પરિવારો કરતાં ઘણો ઊંચો છે.

(૧૪) માતા-પિતાઓને આશ્રમશાળાઓ માટે વિશેષ લગાવ હોય તેવું માલુમ પડ્યું છે. કારણ કે એક જ પરિવારનાં વધુને વધુ પરિવારો આશ્રમશાળાઓનો લાભ લઈ રહેલ છે.

(૧૫) શિસ્ત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નિયમિતતા, નિયમબધ્ધતા વગેરે ક્ષેત્રે આશ્રમશાળાના શિક્ષણની વિદ્યાર્થીઓ ઉપર નોંધપાત્ર અસર દેખાય છે.

(૧૬) સામાન્ય અભિપ્રાય એવો છે કે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું જ્ઞાન આશ્રમશાળાના વિદ્યાર્થીઓના જ્ઞાનની સરખામણીમાં નબળું છે.

### ૩.૧.૦ પ્રસ્તુત અભ્યાસનું જુદાપણું :

ભારત સરકાર દ્વારા ગુજરાતની આશ્રમશાળાઓ અંગે અગાઉ કોઈ અભ્યાસ કરવામાં આવેલ નથી. પ્રસ્તુત અભ્યાસ એ ગુજરાતની આશ્રમશાળાઓના મૂલ્યાંકનનો ભારત સરકારનો સર્વપ્રથમ પ્રયાસ છે. પ્રસ્તુત અભ્યાસના વિવિધ હેતુઓમાંનો એક હેતુ આશ્રમશાળાના વિદ્યાર્થીઓની ધોરણ પ્રમાણેની લાયકાત જાણવાનો છે. જે રજૂ કરેલ અગાઉના કોઈપણ અભ્યાસમાં જોવા મળેલ નથી. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર ચકાસવાના હેતુસર મૂલ્યાંકન કસોટીની રચના કરી તેનો અભ્યાસના ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.

અભ્યાસનો અન્ય એક હેતુ આશ્રમશાળાની સમસ્યાઓ અને તેના સંભવિત ઉકેલો વિચારવા તે છે. આ અનુસંધાનમાં આશ્રમશાળા સાથે જોડાયેલ વિવિધ સ્તર પર કાર્યરત આશ્રમશાળાના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ સંચાલકશ્રીઓના આશ્રમશાળા સંચાલન, વહીવટ, શિક્ષણ, ઉત્કૃષ્ઠિકરણ વિષયક મંતવ્યો જાણવાના ઉદ્દેશથી ચર્ચાસભાનું આયોજન કરી તેમના મંતવ્યો લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના અંતર્ગત અહેવાલને વધુ વાસ્તવલક્ષી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આશ્રમશાળાથી આદિવાસી શિક્ષણમાં શું પરિવર્તન આવ્યું છે તે જાણવું. અભ્યાસના આ હેતુને ધ્યાનમાં રાખી દસકાવાર અને જિલ્લાવાર બંનેને પ્રાધાન્ય મળે તે રીતે આશ્રમશાળાઓની પસંદગી કરવામાં આવી છે. જેથી સમય જતા આશ્રમશાળાની પરિસ્થિતિ તેમજ શિક્ષણમાં શું બદલાવ આવ્યો છે ? અને જુદા જુદા જિલ્લાઓમાં આશ્રમશાળાઓ આદિવાસી લોકોના જીવનમાં કયા બદલાવ લાવી શકી છે ? તે જાણી શકાય.

આમ, આશ્રમશાળાઓની જિલ્લાવાર અને દસકાવાર પસંદગી, મૂલ્યાંકન કસોટીની રચના તેમજ ચર્ચાસભાનું આયોજન આ બધી બાબતો પ્રસ્તુત અભ્યાસને અગાઉ થયેલ વિવિધ અભ્યાસોથી અલગ તારવી આપે છે.

# પ્રકરણ-૪

## આશ્રમશાળા કલેવર


૪.૦.૦ ભૌતિક બાબતો

૪.૦.૧ મકાન

૪.૦.૨ રહેઠાણની વ્યવસ્થા

૪.૦.૩ અન્ય સુવિધાઓ

૪.૦.૪ જમીન અને પશુપાલન

૪.૦.૫ બાળકોને અપાતી સગવડ

૪.૧.૦ શૈક્ષણિક બાબત

૪.૧.૧ વિદ્યાર્થીઓની સંખ્યા

૪.૧.૨ કર્મચારી સંખ્યા અને લાયકાત

૪.૧.૩ શૈક્ષણિક પ્રક્રિયા

૪.૧.૪ શૈક્ષણિક સુવિધા અંગે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

૪.૧.૫ વિદ્યાર્થીઓની શૈક્ષણિક લાયકાત

૪.૨ વહીવટીય બાબત

## પ્રકરણ-૪

## આશ્રમશાળા કલેવર

### ૪.૦.૦ ભૌતિક બાબતો :

આશ્રમશાળામાં સૌથી મહત્વની અને પાયાની વાત વાતાવરણની છે. આશ્રમશાળાની મુલાકાત લેનારને ત્યાંનું વાતાવરણ ગમી જવું જોઈએ. વાલીઓને પણ વિશ્વાસ થવો જોઈએ કે જયાં તે પોતાના બાળકોને મૂકી રહ્યા છે ત્યાં તેમના બાળકો સુરક્ષિત છે તેમ જ અહીં બાળકોનું ચારિત્ર્ય ઘડતર અને જીવન ઘડતર થશે. ઉપરાંત બાળક કેળવાશે, નવું શીખશે અને સમાજના અન્ય લોકો સાથે તાલમેલ જાળવી પોતાનું જીવન ઉત્તમ રીતે જીવી શકશે. ટૂંકમાં આશ્રમશાળા ઈંટ-માટીનું મકાન ન રહેતાં સંસ્કાર ઘડતર અને કેળવણીનું ધામ લાગવું જોઈએ.

આશ્રમશાળાની સગવડતા અને તેમાં ઉપલબ્ધ સવલતો, બાળકોને અપાતી સુવિધા, તેમને અપાતું શિક્ષણ અને તેના કાર્યકરો વગેરે બાબતોને નજરમાં રાખી આશ્રમશાળાનું ભૌતિક કલેવર કેવું છે તેની ચર્ચા અહીં કરી છે.

### ૪.૦.૧ મકાન :

અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૬ આશ્રમશાળાઓમાંથી ફક્ત ૬ આશ્રમશાળાઓ ભાડાના મકાનમાં ચાલતી હતી. જયારે બાકીની ૬૦ આશ્રમશાળાઓમાંથી ૪૪ આશ્રમશાળાઓના મકાનની માલિકી સંસ્થાની હતી. જયારે ૧૬ આશ્રમશાળાઓના મકાનની માલિકી સરકારની હતી. મકાનની સ્થિતિ પરથી જે તે આશ્રમશાળાની આર્થિક સધ્ધરતા વિશે કેટલેક અંશે ખ્યાલ મેળવી શકાય. લગભગ ૫૦% એટલે કે ૩૩ આશ્રમશાળાના મકાન અર્ધપાકા હતાં અને આ ૩૩માંથી ૧૯ આશ્રમશાળા દક્ષિણ ગુજરાતમાં આવેલી છે. આશ્રમશાળાના મકાનની સ્થિતિ કોઠા નં.૪.૧માં દર્શાવેલ છે.

કોઠા નં.૪.૧

આશ્રમશાળા મકાનની સ્થિતિ

| મકાનનો પ્રકાર | ઝોન | | | | |
|---|---|---|---|---|---|
| | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિનઆદિવાસી વિસ્તાર | કુલ |
| પાકું ધાબાવાળું | ૮<br>૮૮.૮૯ | ૧૬<br>૬૧.૫૪ | ૪<br>૧૮.૧૮ | ૬<br>૬૬.૬૭ | ૩૪<br>૫૧.૫૨ |
| અર્ધપાકું | ૧<br>૧૧.૧૧ | ૯<br>૩૪.૬૨ | ૧૯<br>૮૬.૩૬ | ૪<br>૪૪.૪૪ | ૩૩<br>૫૦.૦૦ |
| કાચું | ૦<br>૦.૦૦ | ૩<br>૧૧.૫૪ | ૧<br>૪.૫૫ | ૨<br>૨૨.૨૨ | ૬<br>૯.૦૯ |
| **કુલ** | **૯**<br>**૧૦૦.૦૦** | **૨૬**<br>**૧૦૦.૦૦** | **૨૨**<br>**૧૦૦.૦૦** | **૯**<br>**૧૦૦.૦૦** | **૬૬**<br>**૧૦૦.૦૦** |

**૪.૦.૨ રહેઠાણની વ્યવસ્થા :**

કુલ ૬૬ આશ્રમશાળાઓમાંથી ૪૫ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓના રહેવાની અને અભ્યાસની વ્યવસ્થા શાળાના વર્ગમાં જ જોવા મળી હતી. જયારે ૧૮ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ માટે રહેઠાણની વ્યવસ્થા શાળાથી અલગ હતી. જયારે ૩ આશ્રમશાળાઓ એવી હતી કે જેમાં કેટલાક વિદ્યાર્થીઓ શાળાના વર્ગમાં જ રહેતા હતા, જયારે કેટલાંક વિદ્યાર્થીઓ માટે અલગ વ્યવસ્થા હતી. અભ્યાસ હેઠળની આશ્રમશાળાઓમાં ૨૪ આશ્રમશાળાઓમાં એક રૂમમાં ૩૦ બાળકોને રાખવામાં આવતા હતા. જયારે ૭ આશ્રમશાળાઓ એવી હતી કે જેમાં એક રૂમમાં ૬૦ બાળકો રહેતા હતાં. કેટલીક આશ્રમશાળામાં ઉંમર પ્રમાણે, કેટલીકમાં જાતિ પ્રમાણે કેટલીકમાં ધોરણ પ્રમાણે, કેટલીકમાં ગામ પ્રમાણે તો કેટલીકમાં વિસ્તાર પ્રમાણે બાળકોને વિભાજીત કરી એક રૂમમાં રાખવામાં આવતા હોય છે. દરેક રૂમમાં પૂરતો પ્રકાશ મળી રહે છે કે નહિ તે અંગે રૂબરૂમાં તપાસ કરતાં ૮ આશ્રમશાળાઓ જેમાં ૪ દક્ષિણ ગુજરાતની, ૨ મધ્ય ગુજરાતની અને ૨ ઉત્તર ગુજરાતની એવી હતી કે જયાં રૂમના પ્રમાણમાં લાઈટ કે બલ્બની પૂરતી સુધિા ન હોવાથી પૂરતો પ્રકાશ મળી રહેતો ન હતો.

રહેઠાણના રૂમો સિવાયના અન્ય રૂમ જોઈએ તો ફક્ત ૪૨ આશ્રમશાળાઓમાં રસોડાની વ્યવસ્થા જોવા મળી હતી, જયારે ૫૧ આશ્રમશાળાઓમાં ભોજનાલય તેમજ ૫૫ આશ્રમશાળાઓમાં કોઠારરૂમની વ્યવસ્થા જોવા મળી. ફક્ત ૫ આશ્રમશાળામાં જ કોમ્પ્યુટર રૂમની સુવિધા હતી.

**૪.૦.૩ અન્ય સુવિધાઓ :**

રહેઠાણની સુવિધાની સાથે જરૂરી એવી અન્ય સુવિધાઓ જેવી કે, પીવાનું પાણી, વપરાશનું પાણી, વીજળી, શૌચાલય, ગેસપ્લાન્ટ વગેરે અંગેની માહિતી નીચે કોઠા નં.૪.૨ માં દર્શાવેલ છે.

**કોઠા નં.૪.૨**

**વિવિધ સુવિધાઓ**

| ક્રમ | વિગત | હા | ના<br>સ્થિતિ | વર્તમાન સ્થિતિ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ચાલુ સ્થિતિ | મધ્યમ હાલત | બંધ | કુલ |
| ૧. | ગેસપ્લાન્ટ | ૬ | ૬૦ | ૦૪ | - | ૦૨ | ૦૬ |
| ૨. | પીવાનું પાણી | ૬૬ | ૦૦ | ૬૫ | - | ૦૧ | ૬૬ |
| ૩. | શૌચાલય | ૬૫ | ૦૧ | ૬૦ | ૦૧ | ૦૪ | ૬૫ |
| ૪. | વીજળી | ૬૬ | ૦૦ | ૬૬ | - | - | ૬૬ |
| ૫. | વપરાશનું પાણી | ૬૫ | ૦૧ | ૬૩ | ૦૧ | ૦૧ | ૬૫ |

ઉપરોક્ત કોઠામાં જોઈ શકાય છે કે ૬૬માંથી ૬૫ આશ્રમશાળાઓમાં શૌચાલયની સુવિધા હતી, પરંતુ તેમાંથી ૪ માં તે બંધ હાલતમાં જોવા મળ્યા હતાં. ઘણી આશ્રમશાળામાં વપરાશનું પાણી હતું, પરંતુ શૌચાલયોમાં પાણીના કનેકશનનો તેમજ લાઈટનો અભાવ જોવા મળ્યો હતો તેમજ બાળકો શૌચાલયનો ઉપયોગ ન પણ કરતા હોય તેવી આશ્રમશાળાઓ પણ જોવા મળી હતી. વીજળીની તેમજ પીવાના પાણીની વ્યવસ્થા લગભગ બધેજ જોવા મળી હતી. પરંતુ પીવાના પાણી અંગે ચોખ્ખાઈ તેમજ સભાનતા જોવા મળી ન હતી. ફક્ત ૬ જ આશ્રમશાળાઓમાં ગેસપ્લાન્ટની વ્યવસ્થા જોવા મળી જેમાંથી ૨માં તે બંધ હાલતમાં જોવા મળી હતી.

**૪.૦.૪ જમીન અને પશુપાલન :**

અભ્યાસમાં આવરી લીધેલ આશ્રમશાળાઓમાંથી ૫૭ (૮૬.૩૬%) આશ્રમશાળાઓ પાસે જમીન હતી. જયારે ૯ (૩૧.૬૪%) આશ્રમશાળાઓ પાસે જમીન ન હતી. જે આશ્રમશાળાઓ પાસે જમીન હતી તેમાંથી ફક્ત ૨૯ (૪૩.૯૪%) આશ્રમશાળામાં ખેતી માટે સાધનો વસાવવામાં આવ્યા હતાં, જયારે ૨૮ (૪૨.૪૨%) આશ્રમશાળાઓ પાસે ખેતી માટેના સાધનો ન હતા. ઉપરાંત ૯ આશ્રમશાળામાં જ પશુપાલન કરવામાં આવતું હતું. બાકીની ૫૭ આશ્રમશાળામાં પશુપાલન કરવામાં આવતું ન હતું.

આશ્રમશાળાઓ માટે સરકારશ્રી તરફથી ખેતીના સાધનો, બળદગાડા, બળદ, ગાય વગેરેની ખરીદી માટે લાભ આપવામાં આવતો હોવા છતાં મોટા ભાગની આશ્રમશાળાઓએ આ લાભ લીધો નથી.

**૪.૦.૫ બાળકોને અપાતી સગવડ :**

આશ્રમશાળાયઓને નિભાવ ગ્રાન્ટ લેખે વિદ્યાર્થીદીઠ રૂા.૬૦૦ મળતા હોય છે. જેમાંથી તેમને વિદ્યાર્થીઓને વિવિધ સુવિધાઓ આપવાની હોય છે. આશ્રમશાળામાં રહેતા બાળકોને સંસ્થા તરફથી અપાતી સુવિધાઓની વિસ્તૃત માહિતી કોઠા નં.૪.૩ માં દર્શાવેલ છે.

કોઠા નં.૪.૩

સંસ્થા તરફથી અપાતી સગવડો

| ક્રમ | વિગત | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિનઆદિવાસી વિસ્તાર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ન્હાવાનો સાબુ | ૯ | ૧૮ | ૧૮ | ૯ | ૫૪.૦૦ |
| | ટકા | ૧૦૦.૦૦ | ૬૯.૨૩ | ૮૧.૮૨ | ૧૦૦.૦૦ | ૮૧.૮૨ |
| ૨. | કપડાં ધોવાનો સાબુ | ૮ | ૨૫ | ૨૨ | ૮ | ૬૩.૦૦ |
| | ટકા | ૮૮.૮૯ | ૯૬.૧૫ | ૧૦૦.૦૦ | ૮૮.૮૯ | ૯૫.૪૫ |
| ૩. | માથામાં નાખવાનું તેલ | ૭ | ૨૪ | ૨૨ | ૯ | ૬૨.૦૦ |
| | ટકા | ૭૭.૭૮ | ૯૨.૩૧ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૯૩.૯૪ |
| ૪. | ગણવેશ | ૮ | ૨૦ | ૧૮ | ૯ | ૫૩.૦૦ |
| | ટકા | ૮૮.૮૯ | ૭૬.૯૨ | ૭૭.૨૭ | ૮૮.૮૯ | ૮૦.૩૦ |
| ૫. | પુસ્તકો | ૮ | ૨૬ | ૨૨ | ૯ | ૬૫.૦૦ |
| | ટકા | ૮૮.૮૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૯૮.૪૮ |
| ૬. | નોટબુક | ૬ | ૪ | ૧૦ | ૪ | ૨૪.૦૦ |
| | ટકા | ૬૬.૬૭ | ૧૫.૩૮ | ૪૫.૪૫ | ૪૪.૪૪ | ૩૬.૩૬ |
| ૭. | થાળી વાટકી,ગ્લાસ | ૫ | ૧૭ | ૧૮ | ૫ | ૪૫.૦૦ |
| | ટકા | ૫૫.૫૬ | ૬૫.૩૮ | ૮૧.૮૨ | ૫૫.૫૬ | ૬૮.૧૮ |
| ૮. | ગાદલું | ૪ | ૧૦ | ૧૫ | ૩ | ૩૨.૦૦ |
| | ટકા | ૪૪.૪૪ | ૩૮.૪૬ | ૬૮.૧૮ | ૩૩.૩૩ | ૪૮.૪૮ |
| ૯. | ઓઢવાનું | ૩ | ૧૮ | ૧૬ | ૫ | ૪૨.૦૦ |
| | ટકા | ૩૩.૩૩ | ૬૯.૨૩ | ૭૨.૭૩ | ૫૫.૫૬ | ૬૩.૬૪ |
| ૧૦. | ઓશીકું | ૧ | ૭ | ૧૪ | ૩ | ૨૫.૦૦ |
| | ટકા | ૧૧.૧૧ | ૨૬.૯૨ | ૬૩.૬૪ | ૩૩.૩૩ | ૩૭.૮૮ |
| ૧૧. | ચાદર | ૨ | ૧૪ | ૧૭ | ૪ | ૩૭.૦૦ |
| | ટકા | ૨૨.૨૨ | ૫૩.૮૫ | ૭૭.૨૭ | ૪૪.૪૪ | ૫૬.૦૬ |
| ૧૨. | શેતરંજી | ૩ | ૧૯ | ૧૨ | ૨ | ૩૬.૦૦ |
| | ટકા | ૩૩.૩૩ | ૭૩.૦૮ | ૫૪.૫૫ | ૨૨.૨૨ | ૫૪.૫૫ |
| ૧૩. | પલંગ | ૧ | ૨ | ૨ | ૨ | ૭.૦૦ |
| | ટકા | ૧૧.૧૧ | ૭.૬૯ | ૯.૦૯ | ૨૨.૨૨ | ૧૦.૬૧ |
| ૧૪. | ઊંટ/ઘોડા | ૦ | ૭ | ૧૧ | ૧ | ૧૯.૦૦ |
| | ટકા | ૦.૦૦ | ૨૬.૯૨ | ૫૦.૦૦ | ૧૧.૧૧ | ૨૮.૭૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૫. | સ્ટૂલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ |
| | ટકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬. | ટેબલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ |
| | ટકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭. | ખુરશી | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૦૦ |
| | ટકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮. | પ્રસાધનના સાધનો | ૦ | ૦ | ૪ | ૧ | ૫.૦૦ |
| | ટકા | ૦.૦૦ | ૦.૦૦ | ૧૮.૧૮ | ૧૧.૧૧ | ૭.૫૮ |
| | **કુલ** | **૯** | **૨૬** | **૨૨** | **૯** | **૬૬.૦૦** |
| | | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** |

ઉપરના કોઠા પરથી જોઈ શકાયછે કે, બાળકોને ગણવેશ આપવો ફરજીયાત હોવા છતાં ફક્ત ૫૩ આશ્રમશાળાઓમાં જ ગણવેશ આપવામાં આવે છે. જયેમાં મધ્ય ગુજરાતની ૨૬માંથી ૨૦ અને દક્ષિણ ગુજરાતની ૨૨માંથી ૧૭ આશ્રમશાળાઓમાં જ ગણવેશ આપવામાં આવે છે. કુલ ૪૫ (૬૮.૧૮%) આશ્રમશાળાઓમાં થાળી-વાટકી-ગ્લાસ, ૩૨ (૪૮.૪૮%) માં ગાદલું, ૪૨ (૬૩.૬૪%) આશ્રમશાળામાં ઓઢવાનું, ૨૫ (૩૭.૮૮%) માં ઓશીકું, ૩૭ (૫૬.૦૬%) આશ્રમશાળામાં ચાદર અને ૩૬ (૫૪.૫૫%) આશ્રમશાળામ શેતરંજીની સુવિધા આપવામાં આવે છે. જયારે બાકીની આશ્રમશાળાઓમાં આ દરેક વસ્તુ બાળકોએ પોતાની રીતે લાવવાની હોય છે. ફક્ત ૧૯ (૨૮.૭૯%) આશ્રમશાળામાં જ બાળકોને પોતાનો સામાન રાખવા કબાટ/ઘોડાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. અનય આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ પોતાનો સામાન તેમની સાથે લાવેલ પેટીમાં જ રાખતા જોવા મળ્યા હતા. એકપણ આશ્રમશાળામાં ટેબલ, ખુરશી કે સ્ટૂલની વ્યવસ્થા જોવા મળી ન હતી. ઉપરાંત ફક્ત ૫ (૭.૫૮%) આશ્રમશાળામાં જ છોકરીઓને પ્રસાધનના સાધનો આપવામાં આવતા હતા. જેમાં દક્ષિણ ગુજરાતની ૪ અને બિનઆદિવાસી વિસ્તારની ૧ આશ્રમશાળાનો સમાવેશ થાય છે. કુલ ૬૬ આશ્રમશાળાઓમાંથી ૬૫માં બાળકોને પુસ્તકો તેમજ ૨૪માં નોટબુકો આપવામાં આવતી હતી. ઉપરાંત કપડાં ધોવાનો સાબુ અને માથામાં નાખવાનું તેલ મોટાભાગની આશ્રમશાળાઓમાં આપવામાં આવતું હતું.

**૪.૧.૦ શૈક્ષણિક બાબત :**

આદિવાસી પ્રજામાં શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે આશ્રમશાળાએ એક ઉત્તમ માધ્યમ છે. આથી આશ્રમશાળાની ભૌતિક બાબતોની સાથે સાથે તેનું શૈક્ષણિક પાસું તેમજ બાળકોના વિકાસ માટે કરવામાં આતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો આવશ્યક છે. અહીં આશ્રમશાળામાં બાળકોને પૂરા પાડવામાં આવતા શૈક્ષણિક વાતાવરણ અંગેની તેમજ આશ્રમશાળાની શૈક્ષણિક પરિસ્થિતિને લગતી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે.

### ૪.૧.૧ વિદ્યાર્થીઓની સંખ્યા :

આશ્રમશાળામાં બધા ધોરણોમાં થઈને માન્ય સંખ્યા સુધીના બાળકોને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવતી હોય છે. અભ્યાસમાંની આશ્રમશાળાઓમાં ૩ આશ્રમશાળાઓ ૧૦૦ની, ૫૧ આશ્રમશાળાઓ ૧૨૦ની, ૨ આશ્રમશાળાઓ ૧૨૫ની ૨-૨ આશ્રમશાળાઓ ૧૩૦ અને ૧૪૦ની અને ૬ આશ્રમશાળાઓ ૧૫૦ સંખ્યાની માન્યતા ધરો છે. માન્ય સંખ્યા અંગેની વિગત કોઠા નં.૪.૪માં દર્શાવેલ છે. ઉપરાંત વર્ષ ૨૦૧૦-૧૧માં આ આશ્રમશાળા દીઠ અભ્યાસ કરતાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ મુલાકાત વખતે શાળામાં હાજર વિદ્યાર્થીઓની સંખ્યા કોઠા નં.૪.૫માં દર્શોલ છે.

**કોઠા નં.૪.૪**

**માન્ય સંખયાની માહિતી**

| માન્ય સંખ્યા | ઝોન | | | | |
|---|---|---|---|---|---|
| | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિનઆદિવાસી વિસ્તાર | કુલ |
| ૧૦૦ | ૧<br>૧૧.૧૧ | ૦<br>૦.૦૦ | ૧<br>૪.૫૫ | ૧<br>૧૧.૧૧ | ૩<br>૪.૫૫ |
| ૧૨૦ | ૫<br>૫૫.૫૬ | ૨૧<br>૮૦.૭૭ | ૧૭<br>૭૭.૨૭ | ૮<br>૮૮.૮૯ | ૫૧<br>૭૭.૨૭ |
| ૧૨૫ | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ | ૨<br>૯.૦૯ | ૦<br>૦.૦૦ | ૨<br>૩.૦૩ |
| ૧૩૦ | ૦<br>૦.૦૦ | ૨<br>૭.૬૯ | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ | ૨<br>૩.૦૩ |
| ૧૪૦ | ૦<br>૦.૦૦ | ૨<br>૭.૬૯ | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ | ૨<br>૩.૦૩ |
| ૧૫૦ | ૩<br>૩૩.૩૩ | ૧<br>૩.૮૫ | ૨<br>૯.૦૯ | ૦<br>૦.૦૦ | ૬<br>૯.૦૯ |
| **કુલ** | ૯<br>૧૦૦.૦૦ | ૨૬<br>૧૦૦.૦૦ | ૨૨<br>૧૦૦.૦૦ | ૯<br>૧૦૦.૦૦ | ૬૬<br>૧૦૦.૦૦ |

કોઠા નં.૪.૫

વર્ષ ૨૦૧૦-૧૧ની કુલ સંખ્યા તેમજ હાજર સંખ્યાની માહિતી

| વિદ્યાર્થીઓની સંખ્યા | ઝોન | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઉત્તર ગુજરાત | | મધ્ય ગુજરાત | | દક્ષિણ ગુજરાત | | બિન આદિવાસી વિસ્તાર | | કુલ | |
| | વર્ષ ૨૦૧૦ -૧૧ની સંખ્યા | હાજર સંખ્યા | વર્ષ ૨૦૧૦ -૧૧ની સંખ્યા | હાજર સંખ્યા | વર્ષ ૨૦૧૦ -૧૧ની સંખ્યા | હાજર સંખ્યા | વર્ષ ૨૦૧૦ -૧૧ની સંખ્યા | હાજર સંખ્યા | વર્ષ ૨૦૧૦ -૧૧ની સંખ્યા | હાજર સંખ્યા |
| ૦ | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૧ થી ૧૦૦ | ૦ | ૨ | ૩ | ૧૩ | ૩ | ૭ | ૧ | ૨ | ૭ | ૨૪ |
| ટકા | ૦.૦૦ | ૨૨.૨૨ | ૧૧.૫૪ | ૫૦.૦૦ | ૧૩.૬૪ | ૩૧.૮૨ | ૧૧.૧૧ | ૨૨.૨૨ | ૧૦.૬૧ | ૩૬.૩૬ |
| ૧૦૧ થી ૧૨૦ | ૪ | ૪ | ૬ | ૫ | ૪ | ૩ | ૦ | ૦ | ૧૪ | ૧૨ |
| ટકા | ૪૪.૪૪ | ૪૪.૪૪ | ૨૩.૦૭૮ | ૧૯.૨૩ | ૧૮.૧૮ | ૧૩.૬૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૧.૨૧ | ૧૮.૧૮ |
| ૧૨૧ થી ૧૫૦ | ૩ | ૧ | ૧૨ | ૬ | ૧૪ | ૧૧ | ૬ | ૬ | ૩૫ | ૨૪ |
| ટકા | ૩૩.૩૩ | ૧૧.૧૧ | ૪૬.૧૫ | ૨૩.૦૮ | ૬૩.૬૪ | ૫૦.૦૦ | ૬૬.૬૭ | ૬૬.૬૭ | ૫૩.૦૩ | ૩૬.૩૬ |
| ૧૫૧ થી વધુ | ૨ | ૨ | ૫ | ૨ | ૧ | ૦ | ૨ | ૧ | ૧૦ | ૫ |
| ટકા | ૨૨.૨૨ | ૨૨.૨૨ | ૧૯.૨૩ | ૭.૬૯ | ૪.૫૫ | ૦.૦૦ | ૨૨.૨૨ | ૧૧.૧૧ | ૧૫.૧૫ | ૭.૫૮ |
| કુલ | ૯ | ૯ | ૨૬ | ૨૬ | ૨૨ | ૨૨ | ૯ | ૯ | ૬૬ | ૬૬ |
| ટકા | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત બંને કોઠા પરથી જોઈ શકાય છે કે ૧૫૦ની માન્યતા ધરાવતી કુલ ૬ આશ્રમશાળાઓ છે, જ્યારે અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૬૬માંથી ૧૦ આશ્રમશાળાઓમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતાં. જેમાં મધ્ય ગુજરાતની કુલ ૨૬માંથી ૫ આશ્રમશાળાઓ છે. ઉપરાંત ૧૨૦થી વધુ એટલે કે ૧૨૧ થી ૧૫૦ સુધીની માન્યતા ધરાવતી કુલ ૧૨ આશ્રમશાળાઓ છે, જ્યારે ૩૫ જેટલી આશ્રમશાળાઓમાં ૧૨૧ થી ૧૫૦ વિદ્યાર્થીઓ ૨૦૧૦-૨૦૧૧માં અભ્યાસ કરતા હતા, એટલે કે ૨૩ આશ્રમશાળાઓમાં માન્યતા કરતાં વધુ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. જેમાં મધ્ય ગુજરાતમાં ૧૨૧ થી ૧૫૦ સંખયા સુધીની માન્યતા ધરાવતી ૫ આશ્રમશાળાઓ સામે ૧૨ આશ્રમશાળાઓમાં ૧૨૧ થી ૧૫૦ સંખ્યા જોવા મળી તે જ પ્રમાણે દક્ષિણ ગુજરાતમાં ૪ આશ્રમશાળાને બદલે ૧૪ અને બિન આદિવાસી વિસ્તારની શૂન્ય (૦) આશ્રમશાળાને બદલે ૬ આશ્રમશાળાઓમાં ૧૨૧ થી ૧૫૦ સંખ્યા જોવા મળી.

ઉપરાંત કોઠા નં.૪.૫ પરથી એ પણ જોઈ શકાય છે કે ૧ આરમ્શાળા એવી હતી કે જ્યાં મુલાકાત દરમયાન કોઈ વિદ્યાર્થીઓ હાજથર ન હતાં અને ૨૪ આશ્રમશાળામાં ૧૦૦થી પણ ઓછા વિદ્યાર્થીઓ હાજર હતા. અભ્યાસ દરમ્યાન મુલાકાત સમયે ઘણી આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ હાજર જોવા મળતા ન હતાં. આવી આશ્રમશાળાઓમાં એકથી વધુ વખત મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અંગેની માહિતી મેળવવામાં આવી છે.

અભ્યાસમાં લીધેલ કુલ ૬૬ આશ્રમશાળાઓમાં વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ ૮૫૫૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતાં. જેમાં અનુસૂચિત જનજાતિના ૮૪૨૧, અનુ.જાતિના ૨૪, સા.શૈ.પછાતવર્ગના ૧૦૮ અને અન્યના ૦૪ વિદ્યાર્થીઓ છે. ઉપરાંત અનુસૂચિત જનજાતિના કુલ ૮૪૨૧ વિદ્યાર્થીઓમાંથી આદિમજૂથના ક્ત ૩૩૯ વિદ્યાર્થીઓ જેમાં ૧૯૨ કુમાર અને ૧૪૭ કન્યાઓ જોવા મળી હતી. આ દરેકની માહિતી નીચે કોઠા નં.૪.૬માં દર્શાવેલ છે.

**કોઠા નં.૪.૬**
**કુલ સંખ્યાનું સામાજિક વર્ગ પ્રમાણે વર્ગીકરણ**

| **સામાજિક વર્ગ** | **સંખ્યા** |
|---|---|
| અનુસૂચિત જનજાતિ | ૮૪૨૧ |
| અનુસૂચિત જાતિ | ૨૪ |
| સા.શૈ. પછાત વર્ગ | ૧૦૮ |
| અન્ય | ૦૪ |
| **કુલ** | **૮૫૫૭** |
| આદિમજૂથના બાળકો | |
| કુમાર | ૧૯૨ |
| કન્યા | ૧૪૭ |
| **કુલ** | ૩૩૯ |

### ૪.૧.૨ કર્મચારી સંખ્યા અને લાયકાત :

આશ્રમશાળાને સુવ્યવસ્થિત ચલાવવા માટે કાર્યકરોની જરૂર હોય છે. આશ્રમશાળામાં સમયની કોઈ પાબંદી નથી. એટલે કે ૨૪ કલાક કામ કરવાનું હોય છે. આ ઉપરાંત આશ્રમશાળાનો શિક્ષક તાલીમ પામેલો હોવો જોઈએ. આ શિક્ષકે ભણાવવા ઉપરાંત માર્ગદર્શક, વાલી તેમજ એક મનોવૈજ્ઞાનિક તરીકેની કામગીરી બજાવવાની હોય છે.

સરકારશ્રીએ મંજૂર કર્યા પ્રમાણે આશ્રમશાળામાં ૧૨૦ની માન્ય સંખ્યા માટે નીચે કોઠા નં.૪.૭માં દર્શાવ્યા મુજબ કર્મચારીઓ હોવા જોઈએ.

**કોઠા નં.૪.૭**

| ક્રમ | કર્મચારી | પ્રાથમિક આશ્રમશાળા | ઉત્તરબુનિયાદી આશ્રમશાળા |
|---|---|---|---|
| ૧ | શિક્ષક-આચાર્ય | ૪ | ૫ |
| ૨. | રસોયા | ૧ | ૧ |
| ૩. | મદદનીશ રસોયા | ૧ | ૧ |
| ૪. | રસોડા નોકર | ૧ | ૧ |
| ૫. | કમાડી | ૧ | ૧ |
| ૬. | કલાર્ક | - | ૧ |
| ૭. | પટાવાળા | - | ૧ |
| ૮. | ફિલ્ડ આસિસ્ટન્ટ | - | ૧ |
| | **કુલ** | **૦૮** | **૧૨** |

અભ્યાસમાં લીધેલ ૬૬ આશ્રમશાળાઓમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા અંગેની વિસ્તૃત માહિતી કોઠા નંબર ૪.૮માં દર્શાવેલ છે.

**કોઠા નં.૪.૮**
**કર્મચારીઓની સંખ્યા**

| ક્રમ | કર્મચારી | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | આચાર્ય | ૬૫ | ૧૨.૮૫ |
| ૨. | મદદનીશ શિક્ષક | ૨૦૫ | ૪૦.૫૧ |
| ૩. | શિક્ષણ સહાયક/વિદ્યા સહાયક | ૧૦ | ૧.૭૮ |
| ૪. | કમાઠી | ૭૯ | ૧૫.૬૧ |
| ૫. | રસોઈયા | ૮૨ | ૧૬.૨૧ |
| ૬. | રસોડા નોકર | ૪૦ | ૭.૯૧ |
| ૭. | કલાર્ક | ૧૨ | ૨.૩૭ |
| ૮. | ખેતમદદનીશ | ૦૧ | ૦.૨૦ |
| ૯. | ફિલ્ડ આસિસ્ટન્ટ | ૦૩ | ૦.૫૯ |
| ૧૦ | પટાવાળા | ૦૯ | ૧.૭૮ |
| | **કુલ** | **૫૦૬** | **૧૦૦.૦૦** |

ઉપરોક્ત કોઠા નં.૪.૮ પ્રમાણે અભ્યાસમાં લીધેલ ૫૪ પ્રાથમિક આશ્રમ શાળામાં ૮ લેખે ૪૩૨ તેમજ ૧૨ ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ૧૨ લેખે ૧૪૪ કર્મચારીગણ એટલે કે કુલ ૫૭૬ કર્મચારીઓ હોવા જોઈએ. જયારે કોઠા નં.૪.૮ માં દર્શાવ્યા પ્રમાણે કર્મચારીઓની કુલ સંખ્યા ફકત ૫૦૬ જ છે, એટલે કે દેખતી રીતે જ કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો છે. આમ, આંકડાકીય રીતે જોતાં આશ્રમશાળાઓમાં પૂરતા પ્રમાણમાં કર્મચારીઓ નથી હોતા તેવું કહી શકાય. ઉપરાંત ક્ષેત્રકાર્ય દરમયાન પણ આ બાબત વધુ ચિંતાજનક જણાઈ હતી તેમજ આશ્રમશાળામાં સેવા આપતા કર્મચારીઓ પાસેથી પણ કર્મચારીઓનો અભાવ છે તેવી તકલીફ પડે છે તે બાબત પર વધુ ભાર અપાયો હતો.

બાળકોના ભવિષ્યનું ઘડતર કરનાર શિક્ષક શૈક્ષણિક સજ્જતા ધરાવતો હોવો જોઈએ. એટલે કે, તે પૂરતી શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તે ખૂબજ જરૂરી છે. અહીં જે આશ્રમશાળાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે તેમાં આચાર્ય, શિક્ષણ સહાયક, વિદ્યા સહાયક અને મદદનીશ શિક્ષક એમ કુલ ૨૮૦ શિક્ષકોનો સમાવેશ થાય છે. આ ૨૮૦ શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગેની સ્થિતિ નીચે કોઠા નંબર ૪.૯માં દર્શાવેલ છે.

**કોઠા નં.૪.૯**
**શિક્ષકોની શૈક્ષણિક લાયકાત**

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | એ.ટી.ડી. | ૩૩ | ૧૧.૭૯ |
| ૨. | પી.ટી.સી. | ૩૭ | ૧૩.૨૧ |
| ૩. | એમ.એ.બી.એડ. | ૧૧૯ | ૪૨.૫૦ |
| ૪. | બી.એ.બી.પી.એડ | ૫૫ | ૧૯.૬૪ |
| ૫. | બી.આર.એસ.બી.એડ્ | ૧૧ | ૩.૯૩ |
| ૬. | બી.એસ.સી.બી.એડ્ | ૧૩ | ૪.૬૪ |
| ૭. | એમ.કોમ. બી.એડ્ | ૦૪ | ૧.૪૩ |
| ૮. | એમ.એ. | ૦૨ | ૦.૭૧ |
| ૯. | એસ.વાય.બી.એ. | ૦૧ | ૦.૩૬ |
| ૧૦. | કૃષિ ડિપ્લોમા | ૦૫ | ૧.૭૯ |
| | **કુલ** | **૨૮૦** | **૧૦૦.૦૦** |

શિક્ષકોની શૈક્ષણિક લાયકાત દર્શાવતો કોઠો જોતાં જણાય છે કે ઘણાં શિક્ષકોની લાયકાત એવી છે કે જે શિક્ષક તરીકે પૂરતી નથી. કોઠામાં જોઈ શકાય છે કે બે શિક્ષકો એવા છે કે જેઓ ફક્ત

એમ.એ.ની ડિગ્રી જ ધરાવે છે. જ્યારે ૫ શિક્ષકો કૃષિ ડિપ્લોમા થયેલા છે. જ્યારે ૧ શિક્ષક એસ.વાય.બી.એ.ની જ ડિગ્રી ધરાવે છે. આ દરેક વ્યક્તિ શિક્ષક તરીકેની કોઈપણ લાયકાત ધરાવતા ન હોવા છતાં તેઓ આશ્રમશાળામાં ભણાવે છે. આ ઉપરાંત ૫૫ શિક્ષકો બી.એ.બી.પી.એડ્ તેમજ ૧૧૯ શિક્ષકો એમ.એ.બી.એડ્. અને ૪ શિક્ષકો એમ.કોમ.બી.એડ્. ની ડિગ્રી ધરાવે છે.

આ ઉપરાંત કર્મચારીઓની અન્ય લાયકાતમાં તેઓ કોમ્પ્યુટરની તાલીમ મેળવેલ છે કે નહિ તે અંગે તપાસ કરતાં ૩૫ આશ્રમશાળાના શિક્ષકો M.S. Office, CCC, COPA, તેમજ કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન ધરાવતા હતા. જ્યારે ૩૧ આશ્રમશાળાના શિક્ષકો આ અંગે કોઈ જ્ઞાન ધરાવતા નહતાં.

આશ્રમશાળાના શિક્ષકોને આદિવાસી બાળકો સાથે કામ કરવાનું હોવાથી ત્યાંની સ્થાનિક આદિવાસી બોલીથી તેઓ પરિચિત હોવા જરૂરી છે. ૬૩ આશ્રમશાળાઓમાં કેટલાંક શિક્ષકો સ્થાનિક આદિવાસી બોલીથી પરિચિત હતાં.

આશ્રમશાળાઓ અંગે એક વાત એ પ્રચલિત છે કે, સંચાલકમંડળ પોતાના સગા-સંગાસંબંધીઓને જ પોતાની શાળામાં લેતા હોય છે. કેટલેક અંશે આ વાત સાચી જણાય છે કારણ કે ૬૬માંથી ૧૧ આશ્રમશાળાઓમાં રક્ત/લગ્ન સંબંધથી જોડાયેલ વ્યક્તિઓ જોવા મળ્યા હતા. ઉપરાંત ૨૦ આશ્રમશાળાના સંચાલક મંડળમાંથી કોઈ વ્યક્તિ સીધા રાજકારણમાં જોડાયેલ હોય તેવું પણ જોવા મળ્યું હતું.

### ૪.૧.૩ **શૈક્ષણિક પ્રક્રિયા :**

દરેક આશ્રમશાળામાં પ્રાથમિક જિલ્લા શાળામાં ભણાવવામાં આવતા દરેક વિષયો ભણાવવામાં આવતા હતા. પરંતુ પૂરતા વર્ગખંડ અને પૂરતા શિક્ષકોને અભાવે ફક્ત ૩૦ આશ્રમશાળામાં જ વર્ગો ટાઈમ ટેબલ પ્રમાણે લેવામાં આવતા હતા. આશ્રમશાળામં બાળક અને શિક્ષક ત્યાં જ રહેતા હોવાથી વિદ્યાર્થીઓ માટે વધારાના કોચીંગ કલાસની વ્યવસ્થા કરવી શક્ય બને છે તેમજ તે જરૂરી પણ છે. પરંતુ ફકત ૧૭ આશ્રમશાળાઓ જ એવી હતી કે જ્યાં શાળાના સમય બાદ વધારાના કોચીંગ કલાસીસની વ્યવસ્થા હતી કે જ્યાં બાળકોને બધા જ વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હોય છે.

અભ્યાસમાં આવરી લીધેલ ૬૬માંથી ૩૫ આશ્રમશાળાઓ એવી હતી કે જ્યાં પ્રવેશ મહોત્સવ અને ગુણોત્સવ કાર્યક્રમ કરવામાં આવતા હતા. પ્રવેશ મહોત્સવમાં રેલી, વાલી મિટીંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે જેવા કાર્યક્રમો તેમજ ગુણોત્સવ કાર્યક્રમમાં વાંચલ, લેખન, ગણન દ્વારા મૂલ્ય, વૈકલ્પિક પ્રશ્નનાવલિ ટેસ્ટ, આરોગ્ય તપાસ, સાંસ્કૃતીક પ્રવૃત્તિ જેવા કાર્યક્રમો કરવામાં આવે છે.

### ૪.૧.૪ શૈક્ષણિક સુવિધા અંગે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ :

બાળકના સર્વાંગી વિકાસ માટે તે વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લે તે ખૂબ જ જરૂરી છે અને તે માટે તેને પૂરતી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી ખૂબ જ આવશ્યક છે. અભ્યાસમાં લીધેલ ૬૬ આશ્રમશાળાઓમાંથી ૪૭ આશ્રમશાળાઓમાં ગ્રંથાલયની સુવિધા જોવા મળી હતી પરંતુ પૂરતા પુસ્તકો તેમજ વાંચન સામગ્રીનો અભાવ જોવા મળ્યો હતો અને તેને કારણે જ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો દંવારા તેનો નહિવત ઉપયોગ જોવા મળ્યો હતો. ૪૦ આશ્રમશાળાઓ એવી હતી કે જેમાં વિજ્ઞાન પ્રયોગના સાધનો વસાવેલા જોવા મળ્યા હતા, જયારે ૨૬ આશ્રમશાળામાં આવા કોઈ જ સાધનો હતા નહિ. આ આશ્રમશાળાઓમાં વિજ્ઞાન શિક્ષક દ્વારા કોઈ જ પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવતું ન હતું.

જેટલા પ્રમાણમાં દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ વધુ કરવામાં આવે તેટલા પ્રમાણમાં બાળકો વધુ સરળતાથી શીખી શકે છે. લગભગ ૫૯ જેટલી આશ્રમશાળામાં વિવિધ ચાર્ટ અને મોડેલ જેવા શૈક્ષણિક સાધનોનો ઉપયોગ થતો હતો. ૪૨ આશ્રમશાળામાં ટેપરેકોર્ડર તેમજ રેડિયોનો ઉપયોગ થતો હતો. પરંતુ અદ્યતન ટેકનોલોજીવાળા સાધનો જેવાં કે ઓ.એચ.પી. સ્લાઈડ પ્રોજેકટ, ડી.વી.ડી., કોમ્પ્યૂટર વગેરેનો ઉપયોગ થતો ન હતો. તેમજ આ સાધનો આશ્રમશાળાઓમાં જોવા મળ્યા ન હતા.

આદિવાસી લોકો તેમના પરંપરાગત ગીતો તેમજ નૃત્યો માટે ફક્ત ભારતમાં જ નહિ પરંતુ પૂરા વિશ્વમાં જાણીતા છે. આશ્રમશાળામાં ભણતાં બાળકો તેની લોકસાંસ્કૃતિને સરળતાથી સમજી શકે તે માટે આશ્રમશાળામાં વિવિધ સંગીતના સાધનો હોવા જરૂરી છે. આ અંગે મળેલ માહિતી મુજબ ૬૩ આશ્રમશાળામાં મંજીરા, ૫૯ આશ્રમશાળામાં ઢોલક, ૫૩ આશ્રમશાળામાં ખંજરી, ૨૮ આશ્રમશાળામાં હારમોનિયમ જોવા મળ્યા હતા. તેમજ ૬૧ આશ્રમશાળાઓમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિયમિત રીતે આયોજન કરવામાં આવતું હતું.

૬૪ આશ્રમશાળાઓ એવી હતી કે જયાં બાળકોને રમવા માટે રમતના મેદાનની તેમજ વિવિધ રમત-ગમતના સાધનોની વ્યવસ્થા હતી. જેમાંથી ૫૩ આશ્રમશાળામાં ખંજરી, ૨૮ આશ્રમશાળામાં હારમોનિયમ જોવા મળ્યા હતા. તેમજ ૬૧ આશ્રમશાળાઓમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિયમિત રીતે આયોજન કરવામાં આવતું હતું.

૬૪ આશ્રમશાળાઓ એવી હતી કે જયાં બાળકોને રમવા માટે રમતના મેદાનની તેમજ વિવિધ રમત-ગમતના સાધનોની વ્યવસ્થા હતી. જેમાંથી ૫૩ આશ્રમશાળાઓમાં નિયમિત રીતે રમતોત્સવની ઉજવણી કરવામાં આવતી હતી. ૪૮ આશ્રમશાળાઓમાં વાલી સંમેલન, ૫૧ આશ્રમશાળામાં વાર્ષિકતોત્સવ, ૫૧ આશ્રમશાળામાં પ્રવાસ પર્યટન તેમજ ૩૪ આશ્રમશાળા દ્વારા બીજી સંસ્થાની મુલાકાત જેવી વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી. જે અંગેની માહિતી કોઠા નં.૪.૧૦ માં દર્શાવેલ છે.

કોઠા નં.૪.૧૦
વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

| વિગત | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિનઆદિવાસી વિસ્તાર | કુલ |
|---|---|---|---|---|---|
| પ્રાર્થના | ૯<br>૧૦૦.૦૦ | ૨૬<br>૧૦૦.૦૦ | ૨૨<br>૧૦૦.૦૦ | ૯<br>૧૦૦.૦૦ | ૬૬<br>૧૦૦.૦૦ |
| વાર્ષિકત્સવ | ૫<br>૫૫.૫૬ | ૨૫<br>૯૬.૧૫ | ૧૩<br>૫૯.૦૯ | ૮<br>૮૮.૮૯ | ૫૧<br>૭૭.૨૭ |
| રમતોત્સવ | ૮<br>૮૮.૮૯ | ૨૫<br>૯૬.૧૫ | ૧૪<br>૬૩.૬૪ | ૬<br>૬૬.૬૭ | ૫૩<br>૮૦.૩૦ |
| વાલી સંમેલન | ૬<br>૬૬.૬૭ | ૨૨<br>૮૪.૬૨ | ૧૩<br>૫૯.૦૯ | ૭<br>૭૭.૭૮ | ૪૮<br>૭૨.૭૩ |
| વિદ્યાર્થી સંમેલન | ૩<br>૩૩.૩૩ | ૧૯<br>૭૩.૦૮ | ૧૦<br>૪૫.૪૫ | ૨<br>૨૨.૨૨ | ૩૪<br>૫૧.૫૨ |
| ઉત્સવ ઉજવણી | ૮<br>૮૮.૮૯ | ૨૨<br>૮૪.૬૨ | ૧૨<br>૫૪.૫૫ | ૮<br>૮૮.૮૯ | ૫૦<br>૭૫.૭૬ |
| બીજી સંસ્થાની મુલાકાત | ૩<br>૩૩.૩૩ | ૧૭<br>૬૫.૩૮ | ૧૧<br>૫૦.૦૦ | ૩<br>૩૩.૩૩ | ૩૪<br>૫૧.૫૨ |
| પ્રવાસ પર્યટન | ૫<br>૫૫.૫૬ | ૨૦<br>૭૬.૯૨ | ૧૯<br>૮૬.૩૬ | ૭<br>૭૭.૭૮ | ૫૧<br>૭૭.૨૭ |
| **કુલ** | **૯**<br>**૧૦૦.૦૦** | **૨૬**<br>**૧૦૦.૦૦** | **૨૨**<br>**૧૦૦.૦૦** | **૯**<br>**૧૦૦.૦૦** | **૬૬**<br>**૧૦૦.૦૦** |

સરકાર તરફથી યોજાતા વિવિધ કાર્યક્રમોમાં ૩૪ આશ્રમશાળાઓ એવી હતી કે ભાગ લેતી હતી જયારે ૩૨ આશ્રમશાળાઓ ભાગ લેતી ન હતી. જિલ્લા/તાલુકા કક્ષાએ યોજાતા વિવિધ મહોત્સવમાં ભાગ લેવા આશ્રમશાળાના વિદ્યાર્થીઓ જાય છે કે નહિ તે અંગે માહિતી મેળતા લગભગ બધે થી નકારાત્મક ઉત્તરો મળ્યા હતા. આ અંગે શિક્ષકો અને આચાર્ય સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ વિવિધ શાળાઓ વચ્ચે થતી સ્પર્ધાઓમાં આશ્રમશાળાના બાળકોને સમાવવામાં આવતા નથી કારણ કે આશ્રમશાળાનો સમાવેશ શિક્ષણ વિભાગ અંતર્ગત નહિ પરંતુ આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત કરવામાં આવે છે.

### ૪.૧.૫ વિદ્યાર્થીઓની શૈક્ષણિક લાયકાત :

આશ્રમશાળાના વિદ્યાર્થીઓની તેમના ધોરણ પ્રમાણેની શૈક્ષણિક લાયકાત ચકાસવાના આશયથી તેમની મૂલ્યાંકન કસોટી લેવામાં આવી હતી. જેમાં ધોરણ ૬,૭,૮ અને ૯ના કુલ ૧૧૮૯ વિદ્યાર્થીઓએ કસોટી આપી હતી. ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોને લગતા દસ-દસ પ્રશ્નોના કુલ ૪૦ માર્કસ અને ગુજરાતી, હિન્દી અને સામાન્યજ્ઞાનને લગતા કુલ ૧૦ માર્કસના પ્રશ્નો એમ કુલ ૫૦ માર્કસની કસોટી લેવાઈ હતી. ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજીમાં વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણની વિગતો કોષ્ટક નં.૪.૧૧માં દર્શાવેલ છે.

**કોઠા નં. ૪.૧૧**

**ગુણોનું મૂલ્યાંકન**

| માર્કસ | વિષય | | | |
|---|---|---|---|---|
| | **વિજ્ઞાન** | **ગણિત** | **સામાજિક વિજ્ઞાન** | **અંગ્રેજી** |
| ૦ | ૦૮ | ૩૧ | ૧૧ | ૧૨૫ |
| ૧-૩ | ૨૨૨ | ૪૭૦ | ૨૪૮ | ૫૧૫ |
| ૪-૫ | ૩૯૧ | ૪૨૭ | ૪૧૭ | ૩૩૫ |
| ૬-૧૦ | ૫૬૭ | ૨૬૧ | ૫૧૩ | ૨૧૪ |
| **કુલ** | **૧૧૮૯** | **૧૧૮૯** | **૧૧૮૯** | **૧૧૮૯** |

ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાય છે કે કુલ ૧૧૮૯ વિદ્યાર્થીઓમાંથી ૨૩૦ વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં, ૫૦૧ ગણિતમાં, ૨૫૯ સામાજિક વિજ્ઞાનમાં અને ૬૪૦ વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં નાપાસ થયા છે. જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. ઉપરાંત ગણિત અને અંગ્રેજી જેવા વિષયો કે જે ઉચ્ચ અભ્યાસ માટે ખૂબ જ આવશ્યક વિષયો છે તેમાં પણ વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણ પરથી તે વિષયોમાં તેમની નબળાઈ સ્પષ્ટપણે જોઈ શકાય છે. જેના પરથી આદિવાસી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસમાં મુશ્કેલીઓ શા માટે પડે છે તે જાણી શકાય છે.

### ૪.૨ વહીવટીય બાબત :

કોઈપણ એકમની સફળતાનો આધાર તેના કુશળ વહીવટ ઉપર રાખે છે. ઉપરાંત એકમના વહીવટકર્તા તેમજ તેના કર્મચારીઓ વચ્ચેના સુમેળભર્યા સંબંધો પણ તેની સફળતા માટે કારણભૂત બાબત છે. આશ્રમશાળાઓ એ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવાતી વ્યવસ્થા છે. સ્વૈચ્છિક સંસ્થાઓના સંચાલકોની કુશળતા તેમજ સંચાલકોનો આશ્રમશાળાના આચાર્ય, શિક્ષકો તેમજ અન્ય કાર્યકરો સાથેના વ્યવહાર પર આશ્રમશાળાની સફળતાનો આધાર રહેલો છે.

અભ્યાસ હેઠળની ૬૬ આશ્રમશાળાઓમાંથી ૪૩ આશ્રમશાળા એવી હતી કે જયાં વહીવટીય

બાબતો સંદર્ભે કોઈ નિયંત્રણ સમિતિની રચના કરવામાં આવી ન હતી. એટલે કે આ આશ્રમશાળાઓમાં વહીવટ માટે કોઈ પદ્ધતિસરનું માળખું રચવામાં આવ્યું ન હતું.

આચાર્ય તેમજ શિક્ષકોએ આશ્રમશાળામાં ચોવીસ કલાક રહેનાર વ્યક્તિઓ છે. આથી આશ્રમશાળાના વહીવટ અને હિસાબને લગતા રેકોર્ડસ તેમની પાસે આશ્રમશાળામાં હોવા જરૂરી છે. મુલાકાત દરમિયાન ૧૨ આશ્રમશાળાઓ એવી હતી કે જેના હિસાબી રેકોર્ડસ સંચાલકો તેમજ સંચાલક સંસ્થા પાસે હતાં અને મુલાકાત વખતે આ આશ્રમશાળાના હિસાબી રેકોર્ડસ જોવા મળ્યા ન હતાં. ગ્રાન્ટ અંગેની માહિતી મેળવતા આશ્રમશાળાના કર્મચારીઓમાં સંચાલકો પ્રત્યે રોષ જોવા મળ્યો. તેમના મત મુજબ ગ્રાન્ટ અંગે તેમને કોઈ જ માહિતી આપવામાં આવતી નથી. ઉપરાંત રોજબરોજની ચીજવસ્તુઓ તેમજ અનાજ-શાકભાજી જેવી ચીજવસ્તુઓની ખરીદી પણ ૬૪ આશ્રમશાળાઓમાં સંચાલકો દ્વારા કરવામાં આવતી હતી તેવું જોવા મળ્યું. આ અંગે કર્મચારીઓને કોઈ સત્તા આપવામાં આવતી ન હતી. ઉપરાંત કર્મચારીઓના કહેવા મુજબ રોજબરોજના તેમજ કેટલાક આકસ્મિક ખર્ચાઓને પહોંચી વળવા માટે પણ તેમની પાસે કોઈ નાણાંકીય સગવડ ઉપલબ્ધ હોતી નથી. આમ, આશ્રમશાળાઓમાં વહીવટીય કેન્દ્રીકરણ જોવા મળ્યું હતું.

અભ્યાસ હેઠળની ૨૮ આશ્રમશાળાઓ એવી હતી કે જયાં કર્મચારીઓને નિયમિત રીતે પગાર ચૂકવવામાં આવતો ન હતો. જયારે ફક્ત ૪૮ આશ્રમશાળાઓમાં જ કર્મચારીઓને EL, CL, ML અને LTC જેવી રજાઓની સુવિધા આપવામાં આવતી હતી. આ અંગે પણ કર્મચારીઓમાં રોષ જોવા મળતો હતો.

# પ્રકરણ-૫

# આશ્રમશાળા વ્યવસ્થાના વિવિધ અંગો


૫.૦.૦ આશ્રમશાળા વ્યવસ્થા અને શિક્ષકો

૫.૧.૦ આશ્રમશાળા વ્યવસ્થા અને વિદ્યાર્થીઓ

# પ્રકરણ-૫
# આશ્રમશાળા વ્યવસ્થાના વિવિધ અંગો

## ૫.૦.૦ આશ્રમશાળા વ્યવસ્થા અને શિક્ષકો :

આશ્રમશાળાનું એક અંગ તે શિક્ષકો અને આચાર્ય છે. આશ્રમશાળામાં શિક્ષકે ભણાવવાનું કામ રવા ઉપરાંત બાળકો માટે માર્ગદર્શક, બાળકના વાલી તરીકે અને એક મનોવૈજ્ઞાનિક તરીકે એમ દરેક રીતે નિપૂણતા કેળવવી જરૂરી છે. આશ્રમશાળામાં કામ કરતાં શિક્ષકો અને આચાર્યનો આશ્રમશાળા પ્રત્યેનો અભિપ્રાય તેમજ આશ્રમશાળા વ્યવસ્થામાં તેમને નડતી મુશ્ેલીઓ તેના સંભવિત ઉકેલો વગેરે જાણવાના આશયથી પ્રસ્તુત અભ્યાસમાં આચાર્ય અને શિક્ષકો પાસેથી પણ પત્રક ભરાવવામાં આવ્યું હતું. જે અંતર્ગત કુલ ૧૨૨ શિક્ષકો અને ૬૨ આચાર્ય પાસેથી માહિતી મેળવવામાં આવી છે.

આશ્રમશાળામાં સમયની કોઈ પાબંદી નથી એટલે કે શિક્ષકોએ ૨૪ કલાક કામ કરવાનું હોય છે અને તેથી જ આશ્રમશાળામાં કામ કરતા શિક્ષકને અનેક મુશ્કેલીઓ નડતી હોય છે. જેવી કે, તેમના પોતાના બાળકને કભણાવવાની મુશ્કેલી, ઘરથી દૂર અંતરિયાળ વિસ્તારમાં રહેવાની મુશ્કેલી તેમ જ આ વિસ્તારનાં સુવિધાઓનો અભાવ વગેરે. ઉપરાંત કેટલીક વહીવટીય મુશ્કેલીઓ જેવી કે, નિયમિત પગાર ન મળતો હોય, નોકરીની અસલામતી, ઉચ્ચતમ પગાર ધોરણ અને પેન્શન ન મળવાથી પડતી મુશ્કેલી વગેરેનો પણ તેમણે સામનો રવો પડતો હોય છે. તેથી જ કુલ ૧૨૨ માંથી ૧૦૪ શિક્ષો એવા હતા કે જેમણે આશ્રમશાળા સિવાય અન્ય શાળામાં કામ મળે તો ત્યાં કામ કરવાનું તેઓ વધુ પસંદ કરશે તેવું જણાવ્યું હતું. એટલે કે આ શિક્ષકો અન્ય કોઈ સ્થળે કામ ન મળતા કઆશ્રમશાળામાં જોડાયા હોય તેવું લાગતું હતું. આશ્રમશાળામાંથી વધુ પ્રમાણમાં શિક્ષકો નોકરી છોડી દેતાં હોવાથી શિક્ષકોનો શૈક્ષણિક અનુભવ ઘણો જ ઓછો જોવા મળ્યો હતો. શિક્ષકોને તેમના શૈક્ષણિક અનુભવ અંગે પૂછતા નીચે બતાવેલ કોઠા નં.૫.૧ પ્રમાણેની માહિતી મળી હતી.

**કોઠા નં.૫.૧**

**કુલ શૈક્ષણિક અનુભવ**

| શૈક્ષણિક અનુભવ વર્ષ | | ઝોનનું નામ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિન આદિવાસી વિસ્તાર | કુલ |
| ૧ | સંખ્યા | ૨ | ૩૩ | ૫૦ | ૧૮ | ૧૦૩ |
| | ટકા | ૧૦૦.૦૦ | ૯૪.૨૪ | ૭૬.૯૨ | ૯૦.૦૦ | ૮૪.૪૩ |
| ૨ | સંખ્યા | ૦ | ૨ | ૧૩ | ૧ | ૧૬ |
| | ટકા | ૦.૦૦ | ૫.૭૧ | ૨૦.૦૦ | ૫.૦૦ | ૧૩.૧૧ |
| ૧૦ | સંખ્યા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| | ટકા | ૦.૦૦ | ૦.૦ | ૧.૫૪ | ૦.૦૦ | ૦.૮૨ |
| ૧૧ | સંખ્યા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| | ટકા | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૫૪ | ૦.૦૦ | ૦.૮૨ |
| ૧૫ | સંખ્યા | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| | ટકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૦૦ | ૦.૮૨ |
| **કુલ** | **સંખ્યા** | **૨** | **૩૫** | **૬૫** | **૨૦** | **૧૨૨** |
| | **ટકા** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૦૦.૦૦** |

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવશે કે ૧૨૨માંથી ૧૦૩ શિક્ષકો એટલે કે ૮૪.૪૩% શિક્ષકોને માત્ર ૧ વર્ષનો જ અનુભવ હતો, જયારે ૧૬ એટલે કે ૧૩.૧૧% શિક્ષકોને ૨ વર્ષનો અનુભવ હતો. ફક્ત ૩ શિક્ષકો જ એવા હતાં કે જેઓ ૧૦ કે તેથી વધુ વર્ષનો અનુભવ ધરાવતા હતાં. આમ, અભ્યાસની આશ્રમશાળામાં અનુભવી શિક્ષકોને અભાવ જોવા મળતો હતો.

આ શિક્ષકોના અભ્યાસ અંગે જાણતા ૧૫ શિક્ષકો પી.ટી.સી., ૬૫ શિક્ષકો બી.એડ્., ૧૭ શિક્ષકો બી.પી.એડ્, ૮ શિક્ષકો ડી.પી.એડ. થયેલા હતાં. જયારે ૧૧ શિક્ષકો એ.ટી.ડી. અને ૪ શિક્ષકો એગ્રીકલ્ચરની ડિગ્રી ધરાવતા હતાં. ઉપરાંત ૧ શિક્ષકે એમ.એ.ની ડિગ્રી મેળવેલી હતી અને ૧ શિક્ષક ફક્ત ટી.વાય.બી.એસ.સી. પાસ થયેલ હતાં.

શિક્ષકો આશ્રમશાળામાંથી નોકરી છોડી દે છે તે અંગે આચાર્યના અભિપ્રાય હકારાત્મક જોવા મળ્યા હતા અને આ અંગે વિવિધ ૩૦ ઉત્તરો મળ્યા હતાં. જેમાં ૨૩ ઉત્તરો શિક્ષકોની ૨૪ કલાકની નોકરી હોવાના કારણે તેઓ નોકરી છોડી દે છે તેમ જણાવતા હતા. આ ઉપરાંત પગાર ધોરણમાં વિસંગતતા અને અનિયમિતતા, પ્રાથમિક શાળાના શિક્ષકોની જેમ હક ન મળતા, રજાઓનો લાભ ન મળતા, ગૃહમાતા-ગૃહપતિ ભથ્થું ઓછું મળવાથી જેવા કારણો પણ જાણવા મળ્યા હતાં.

આશ્રમશાળામાં કાર્ય કરતા શિક્ષકો અને આચાર્યએ પરિસરમાં જ રહેવાનું ફરજીયાત હોય છે. આમ છતાં આ અંગે જોવા મળેલી પરિસ્થિતિ નીચે કોઠા નં. ૫.૨ માં દર્શાવેલ છે.

કોઠા નં.૫.૨

આશ્રમશાળાના શિક્ષકો અને આચાર્યની પરિસર અંગે માહિતી

| | ઉત્તર ગુજરાત | | મધ્ય ગુજરાત | | દક્ષિણ ગુજરાત | | બિન આદિવાસી વિસ્તાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | શિક્ષકો | આચાર્ય | શિક્ષકો | આચાર્ય | શિક્ષકો | આચાર્ય | શિક્ષકો | આચાર્ય | શિક્ષકો | આચાર્ય |
| આશ્રમશાળા પરિસરમાં | ૦૨ | ૦૭ | ૩૧ | ૨૧ | ૬૧ | ૨૧ | ૧૪ | ૦૬ | ૧૦૮ | ૫૫ |
| પરિસરની બહાર | ૦ | ૦ | ૦૪ | ૦૪ | ૦૪ | ૦૧ | ૦૬ | ૦૨ | ૧૪ | ૦૭ |
| કુલ | ૦૨ | ૦૭ | ૩૫ | ૨૫ | ૬૫ | ૨૨ | ૨૦ | ૦૮ | ૧૨૨ | ૬૨ |

ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાય છે કે કુલ ૧૨૨ શિક્ષકોમાંથી ૧૪ શિક્ષકો તેમજ કુલ ૬૨ આચાર્યમાંથી ૦૭ આચાર્ય એવા હતા કે જે આશ્રમશાળા પરિસરની બહાર નિવાસ કરતા હતા.

આશ્રમશાળામાં શિક્ષકોની કાર્યક્ષમતા ઓછી હોવા માટે લગભગ બધા જ શિક્ષકો તેમજ આચાર્યનું એવું માનવું હતું કે આશ્રમશાળામાં ગૃહમાતા/ગૃહપતિની અલગ વ્યવસ્થા હોવી જોઈએ અને તેઓ પોતાનું પૂરતું ધ્યાન શિક્ષણ પાછળ આપી શકે. ઉપરાંત વહીવટીય કેન્દ્રીકરણ અંગે પણ શિક્ષકો તેમજ આચાર્યએ રોષ પ્રગટ કર્યો હતો. આચાર્યના કહેવા મુજબ રોજબરોજના ખર્ચાઓ માટે પણ તેમણે સંચાલકો ઉપર આધાર રાખવો પડતો હોય છે. જેમાં ફેર લાવવો ખૂબ જ જરૂરી છે. ઉપરાંત વિદ્યાર્થીદીઠ અપાતા માસિક ભથ્થામાં પણ વધારો કરવો ખૂબ જ જરૂરી છે તેવું લગભગ ૯૦% શિક્ષકો તેમજ આચાર્ય જણાવતા હતા. કે જેથી વિદ્યાર્થીઓને અપાતી વિવિધ સુવિધાઓમાં વધારો કરી શકાય. તેમજ આશ્રમશાળાની ભૌતિક સુવિધાઓમાં પણ વધારો કરવાની વ્યવસ્થા હોવી જોઈએ તેવું મંતવ્ય પણ જાણવા મળ્યું હતું.

### ૫.૧.૦ આશ્રમશાળા વ્યવસ્થા અને વિદ્યાર્થીઓ :

આશ્રમશાળા વ્યવસ્થાના મુખ્ય લાભાર્થી તે વિદ્યાર્થીઓ છે. તેથી આશ્રમશાળા વ્યવસ્થા પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ સમજવાના ઉદ્દેશથી અભ્યાસમાં સમાવેલ દરેક શાળામાંથી જુદી જુદી કક્ષાના કુલ ૩૭૬ જેટલા વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. જેમાં ૧૮૫ વિદ્યાર્થીઓ અને ૧૯૧ વિદ્યાર્થીનીઓ હતી. કુલ ૩૭૬ વિદ્યાર્થીઓમાં ધોરણ-૫ ના ૧૦૩, ધો.૬ના ૧૦૬, ધો.૭ના ૧૦૯, ધો.૮ના ૨૬, ધોઅ૯ના ૨૨ અને ધો.૧૦ના ૧૦ વિદ્યાર્થીઓનો સમાવેશ રેલ છે.

ઘણી નાની ઉંમરમાં પોતાના ઘર અને માતા-પિતાથી અલગ થઈ બાળક આશ્રમશાળામાં શિક્ષણ લેવા આવતું હોય છે. તેથી આશ્રમશાળામાં રહેતું બાળક પોતાના વાતાવરણથી અલગ વાતાવરણમાં રહેતા ઘણી મુશ્કેલીઓ અનુભવતા હોય તે સ્વાભાવિક છે. પોતાને પડતી મુશ્કેલીઓ

અંગે લગભગ ૧૧૬ જેટલા વિદ્યાર્થીઓએ, એક થી વધુ ઉત્તર આપ્યા હતાં. જેમાં ૮૭ વિદ્યાર્થીઓ ભોજન અંગેની મુશ્કેલી તેમજ ૬૯ વિદ્યાર્થીઓ રહેવાની મુશ્કેલીને મહત્વ આપતા હતાં. આ ઉપરાંત વાતાવરણ અંગેની મુશ્કેલી માટે ૩૦ અભ્યાસ અંગેની મુશ્કેલી માટે ૧૭ શારીરિ શ્રમ અંગેની મુશ્કેલી માટે ૫ તેમજ પાણી અંગેની મુશ્કેલી માટે ૨ ઉત્તરો મળ્યા હતાં. આ અંગેની વિસ્તૃત માહિતી કોઠા નં.૫.૩માં દર્શાવેલ છે.

**કોઠા નં.૫.૩**

**વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ**

**આશ્રમશાળામાં કોઈ મુશ્કેલી છે ?**

| | ઝોન | | | | |
|---|---|---|---|---|---|
| | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિન-આદિવાસી | કુલ |
| હા | ૧૭<br>૩૧.૪૮ | ૨૨<br>૨૬.૧૯ | ૫૫<br>૪૧.૬૭ | ૨૨<br>૨૦.૭૫ | ૧૧૬<br>૩૦.૮૫ |
| ના | ૩૭<br>૬૮.૫૨ | ૬૨<br>૭૩.૮૧ | ૭૭<br>૫૮.૩૩ | ૮૪<br>૭૯.૨૫ | ૨૬૦<br>૬૯.૧૫ |
| **કુલ** | **૫૪**<br>**૧૦૦.૦૦** | **૮૪**<br>**૧૦૦.૦૦** | **૧૩૨**<br>**૧૦૦.૦૦** | **૧૦૬**<br>**૧૦૦.૦૦** | **૩૭૬**<br>**૧૦૦.૦૦** |

**આશ્રમશાળામાં કોઈ મુશ્કેલી છે ?**

| | ઝોન | | | | |
|---|---|---|---|---|---|
| | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિન-આદિવાસી | કુલ |
| રહેવાની | ૧૧<br>૬૪.૭૧ | ૧૧<br>૫૦.૦૦ | ૩૧<br>૫૬.૩૬ | ૧૬<br>૭૨.૭૩ | ૬૯<br>૫૯.૪૮ |
| ભોજન | ૯<br>૫૨.૯૪ | ૧૬<br>૭૨.૭૩ | ૪૨<br>૭૬.૩૬ | ૨૦<br>૯૦.૯૧ | ૮૭<br>૭૫.૦૦ |
| શારીરિક શ્રમ | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ | ૫<br>૯.૦૯ | ૦<br>૦.૦૦ | ૫<br>૪.૩૧ |
| અભ્યાસ | ૩<br>૧૭.૬૫ | ૭<br>૩૧.૮૨ | ૫<br>૯.૦૯ | ૨<br>૯.૦૯ | ૧૭<br>૧૪.૬૬ |
| વાતાવરણ | ૧૨<br>૭૦.૫૯ | ૪<br>૧૮.૧૮ | ૧૩<br>૨૩.૬૪ | ૧<br>૪.૫૫ | ૩૦<br>૨૫.૮૬ |
| પાણી | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ | ૨<br>૩.૬૪ | ૦<br>૦.૦૦ | ૨<br>૧.૭૨ |
| **કુલ** | **૧૭**<br>**૧૦૦.૦૦** | **૨૨**<br>**૧૦૦.૦૦** | **૫૫**<br>**૧૦૦.૦૦** | **૨૨**<br>**૧૦૦.૦૦** | **૧૧૬**<br>**૧૦૦.૦૦** |

આશ્રમશાળામાં ભણતા બાળકોની આર્થિક સ્થિતિ ઘણી નબળી જોવા મળતી હોય છે. આ બાળકોનાં માતા-પિતામાં સ્થળાંતરનું પ્રમાણ પણ ઘણું વધારે જોવા મળતું હોય છે. તેથી જ ઘરનું બાળક જયારે આશ્રમશાળામાં અભ્યાસ કરતું હોય ત્યારે ઘરના અન્ય સભ્યોને પડતી મુશ્કેલી અંગે પૂછતાં ૭૮ વિદ્યાર્થીઓએ હકારાત્મક ઉત્તર આપ્યા હતાં, જયારે ૨૯૮ વિદ્યાર્થીઓએ નકારાત્મક ઉત્તર આપ્યા હતાં. ૭૮ વિદ્યાર્થીઓએ આપેલ હકારાત્મક ઉત્તરમાં ખેતીકામ/પશુપાલન, ઘરકામ તેમજ ઘરના બાળકોની સંભાળ જેવી મુશ્કેલીઓ અંગે જણાવ્યું હતું. જેની આંકડાકીય રજૂઆત કોઠા નં.૫.૪માં વિસ્તૃતથી દર્શાવેલ છે.

**કોઠા નં.૫.૪**

**ઘરના અન્ય સભ્યોને પડતી મુશ્કેલીઓ**

**તમે આશ્રમશાળામાં અભ્યાસ કરો છો તેનાથી તમારા કુટુંબમાં કોઈ મુશ્કેલી ઊભી થાય છે ?**

| | ઝોન | | | | |
|---|---|---|---|---|---|
| | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિન આદિવાસી | કુલ |
| હા | ૨૪<br>૪૪.૪૪ | ૯<br>૧૦.૭૧ | ૪૨<br>૩૧.૮૨ | ૩<br>૨.૮૩ | ૭૮<br>૨૦.૭૪ |
| ના | ૩૦<br>૫૫.૫૬ | ૭૫<br>૮૯.૨૯ | ૯૦<br>૬૮.૧૮ | ૧૦૩<br>૯૭.૧૭ | ૨૯૮<br>૭૯.૨૬ |
| કુલ | ૫૪<br>૧૦૦.૦૦ | ૮૪<br>૧૦૦.૦૦ | ૧૩૨<br>૧૦૦.૦૦ | ૧૦૬<br>૧૦૦.૦૦ | ૩૭૬<br>૧૦૦.૦૦ |

| | ઝોન | | | | |
|---|---|---|---|---|---|
| | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિન આદિવાસી | કુલ |
| ખેતીકામ/પશુપાલન | ૧૫<br>૬૨.૫૦ | ૬<br>૬૬.૬૭ | ૨૪<br>૫૭.૧૪ | ૩<br>૧૦૦.૦૦ | ૪૮<br>૬૧.૫૪ |
| ઘરકામ | ૨૩<br>૯૫.૮૩ | ૭<br>૭૭.૭૮ | ૩૦<br>૭૧.૪૩ | ૨<br>૬૬.૬૭ | ૬૨<br>૭૯.૪૯ |
| ઘરના બાળકોની સંભાળ | ૬<br>૨૫.૦૦ | ૫<br>૫૫.૫૬ | ૧૯<br>૪૫.૨૪ | ૧<br>૩૩.૩૩ | ૩૧<br>૩૯.૭૪ |
| કુલ | ૨૪<br>૧૦૦.૦૦ | ૯<br>૧૦૦.૦૦ | ૪૨<br>૧૦૦.૦૦ | ૩<br>૧૦૦.૦૦ | ૭૮<br>૧૦૦.૦૦ |

**કોઠા નં.૫.૫**
**વિદ્યાર્થીઓ ક્યાં સુધી અભ્યાસ કરવા માગે છે**

| | ઝોન | | | | |
|---|---|---|---|---|---|
| | ઉત્તર ગુજરાત | મધ્ય ગુજરાત | દક્ષિણ ગુજરાત | બિન આદિવાસી | કુલ |
| ધો.૪ સુધી | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ | ૦<br>૦.૦૦ |
| ધો.૭ સુધી | ૪<br>૭.૪૧ | ૦<br>૦.૦૦ | ૬<br>૪.૫૫ | ૨<br>૧.૮૯ | ૧૨<br>૩.૧૯ |
| ધો.૧૦ સુધી | ૬<br>૧૧.૧૧ | ૧<br>૧.૧૯ | ૧૩<br>૯.૮૫ | ૪<br>૩.૭૭ | ૨૪<br>૬.૩૮ |
| ધો.૧૨ સુધી | ૮<br>૧૪.૮૧ | ૯<br>૧૦.૭૧ | ૩૨<br>૨૪.૨૪ | ૧૧<br>૧૦.૩૮ | ૬૦<br>૧૫.૯૬ |
| કોલેજ સુધી | ૧<br>૧.૮૫ | ૩<br>૩.૫૭ | ૭<br>૫.૩૦ | ૧૦<br>૯.૪૩ | ૨૧<br>૫.૫૯ |
| નોકરી મળે ત્યાં સુધી | ૭<br>૧૨.૯૬ | ૫૪<br>૬૪.૨૯ | ૩૦<br>૨૨.૭૩ | ૪૧<br>૩૮.૬૮ | ૧૩૨<br>૩૫.૧૧ |
| જયાં સુધી ભણાય ત્યાં સુધી | ૨૮<br>૫૧.૮૫ | ૧૭<br>૨૦.૨૪ | ૪૪<br>૩૩.૩૩ | ૩૮<br>૩૫.૮૫ | ૧૨૭<br>૩૩.૭૮ |
| **કુલ** | **૫૪**<br>**૧૦૦.૦૦** | **૮૪**<br>**૧૦૦.૦૦** | **૧૩૨**<br>**૧૦૦.૦૦** | **૧૦૬**<br>**૧૦૦.૦૦** | **૩૭૬**<br>**૧૦૦.૦૦** |

ઉપરોક્ત કોઠા નં.૫.૫ પરથી જોઈ શકાય છે કે ૩૩.૭૮% વિદ્યાર્થીઓ જયાં સુધી ભણાય ત્યાં સુધી ભણવા માંગે છે એટલે કે તેઓ પોતાના ભવિષ્ય અંગે કોઈ નિર્ણય લઈ શકતા ન હતાં. ઉપરાંત ૩.૧૯% વિદ્યાર્થીઓ ધો.૭ સુધી અભ્યાસ કરવા માંગતા હતાં. એટલે કે લગભગ ૨૫.૫૩% વિદ્યાર્થીઓ શિક્ષણના મહત્વને સમજી શક્યા ન હતા અને તેથી જ તેઓ પોતાના ભવિષ્યને સુધારવા માટે નહીં પરંતુ કોઈના કહેવાથી શિક્ષણ લઈ રહ્યા હોય તેવું જણાય છે. જયારે ૫.૫૯% વિદ્યાર્થીઓ કોલેજ સુધી અને ૩૫.૧૧% વિદ્યાર્થીઓ નોકરી મળે ત્યાં સુધી અભ્યાસ કરવા માંગતા હતા. એટલે કે ૪૦.૭૦% વિદ્યાર્થીઓ જ શિક્ષણના મહત્વને સમજી પોતાના ભવિષ્યને સુધારવાના હેતુસર અભ્યાસ કરી રહ્યા હોય તેવું જાણવા મળ્યું હતું.

આશ્રમશાળા સ્થાપવા પાછળનો હેતુ આદિવાસીઓમાં શિક્ષણનો વધારો કરવાનો છે. આદિવાસી કુટુંબોની આર્થિક સ્થિતિ તેમજ સ્થળાંતરના વધુ પ્રમાણના કારણે તેમના બાળકોને કુટુંબમાંથી શિક્ષણનું વાતાવરણ મળતું હોતું નથી. જેથી આશ્રમશાળામાં આવેલ બાળકને સંતોષપૂર્ણ

શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવામાં આવે તે ખૂબજ આવશ્યક છે અને તો જ નાની ઉંમરમાં માતા-પિતાથી અલગ થઈ આશ્રમશાળામાં આવેલ બાળકની અભ્યાસ પ્રત્યેની રૂચિમાં વધારો કરી શકાય. અભ્યાસમાં આવરી લીધેલ વિદ્યાર્થીઓમાં લગભગ ૮૦.૩૨% વિદ્યાર્થીઓ આશ્રમશાળાના શિક્ષણથી સંતુષ્ટ હતાં. જયારે ૮.૭૮% વિદ્યાર્થીઓને સંતોષ ન હતો તેમજ ૧૦.૯૦% વિદ્યાર્થીઓએ આ અંગે કોઈ જવાબ આપ્યો ન હતો. શૈક્ષણિક વાતાવરણની સાથે યોગ્ય વાતાવરણ બાળકને પૂરું પાડવામાં આવે તો જ બાળક આશ્રમશાળામાં રહેવાનું પસંદ રશે. લગભગ ૯૧.૪૯% વિદ્યાર્થીઓને આશ્રમશાળામાં રહેવું ગમતું હતું, જયારે ૮.૫૧% વિદ્યાર્થીઓને આશ્રમશાળામાં રહેવું પસંદ ન હતું.

# પ્રકરણ-૬
# તારણો - સૂચનો

૬.૦.૦ તારણો

૬.૧.૦ સૂચનો

## પ્રકરણ-૬
## તારણો - સૂચનો

અભ્યાસ અંતર્ગત થયેલ વિશ્લેષણ પરથી કેટલાક સ્પષ્ટ તારણો નીકળે છે. જે અહીં દર્શાવેલ છે.

(૧) આદિવાસી શિક્ષણનું પ્રમાણ આશ્રમશાળાઓના કારણે વધ્યુ છે તેથી આશ્રમશાળાને શિક્ષણના અભિન્ન અંગ ગણીને એને સુયોગ્ય રીતે વધારવા અને વિકસાવવા પ્રયત્નો થવા જોઈએ.

(૨) ગુજરાતના દરેક જિલ્લામાં આશ્રમશાળાનો પ્રમાણસર વિકાસ થયો નથી, વિસ્તાર અને આદિવાસી વસતિ દૃષ્ટિએ અસમાનતા ઘણી છે.

(૩) એવું જોવામાં આવ્યું છે કે ઘર દસ વર્ષના દાયકામાં પ્રાથમિક તેમજ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ઉત્તરોત્તર વધારો જ થતો ગયો છે. પરંતુ દરેક દાયકામાં થતા વધારાના પ્રમાણપત્રમાં ઘણોજ તફાવત જોવા મળે છે.

(૪) એવું જોવા મળ્યું છે કે જે ગામોમાં ભૌતિક સવલત હોય તેવા ગામોમાં જ આશ્રમશાળા શરૂ થાય છે.

(૫) બાળકોને રહેવા માટે જે જરૂરી સગવડ હોવી જોઈએ તે ઊભી કરવામાં સંચાલકો નિષ્ફળ ગયા છે.

(૬) મુલાકાત દરમ્યાન કેટલીક આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી ન હતી.

(૭) આશ્રમશાળામાં બાળકોની હાજરી રજીસ્ટર સંખ્યા કરતાં ઘણી જ ઓછી જોવા મળી હતી. આમ છતાં આગલા માસની સરેરાશ હાજરી મોટાભાગે દરેક આશ્રમશાળામાં પૂરેપૂરી હોય તેવું બને છે.

(૮) માન્ય સખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓ રખાતા હોય તેવી આશ્રમશાળાઓ પણ જોવા મળી હતી.

(૯) કેટલીક આશ્રમશાળાઓ પાસે નિયમ મુજબ જમીન જોવા મળી ન હતી.

(૧૦) સરકારશ્રી તરફથી ખેતીના સાધનો, બળદગાડા, બળદ, ગાય વગેરેની ખરીદી માટે લાભ આપવામાં આવતો હોવા છતાં મોટાભાગની આશ્રમશાળાઓ એ આ લાભ લીધો ન હતો.

(૧૧) હાલમાં અપાતા અનુદાનમાં ભોજનખર્ચ સાથે પાણી, બળતણ, વીજળી વગેરે જેવા ખર્ચાઓનો પણ સમાવેશ થતો હોવાથી બાળકોને પૂરતો અને પૌષ્ટિક ખોરાક મળતો નથી.

(૧૨) આંકડાકીય રીતે જોતા આશ્રમશાળામાં કર્મચારીઓનો અભાવ જોવા મળતો હતો.

(૧૩) ઘણા શિક્ષકો એવા હતા કે જેઓ શિક્ષક તરીકેની કોઈપણ લાયકાત ધરાવતા ન હોવા છતા તેઓ આશ્રમશાળામાં ભણાવતા હતાં.

(૧૪) એક જ સંચાલક મંડળ દ્વારા એક કરતાં વધુ આશ્રમશાળાઓ સ્થાપવામાં આવી હોય તેવું જોવા મળ્યું હતું.

(૧૫) ઘણી આશ્રમશાળામાં પીવાના પાણીની સુવિધા પૂરતી ન હોય તેવું જોવામાં આવ્યું.

(૧૬) મુલાકાત સમયે હિસાબને લગતા રેકોર્ડસ આશ્રમશાળામાં જોવા મળ્યા ન હતાં. આ માટે સંચાલકો તેમજ સંચાલક સંસ્થા પાસેથી માહિતી મેળવવી પડી હતી.

(૧૭) મોટાભાગની આશ્રમશાળાઓમાં વહીવટ માટે કોઈ પદ્ધતિસરનું માળખું રચવામાં આવ્યું ન હતું.

(૧૮) આશ્રમશાળાના કર્મચારીઓમાં સંચાલકો પ્રત્યે શેષ જોવા મળ્યો હતો.

(૧૯) આશ્રમશાળામાં સ્ટાફની ભરતીની પ્રક્રિયા લાંબી હોવાથી શિક્ષકોનો અભાવ રહે છે.

(૨૦) હાલની પગાર ગ્રાન્ટને લગતી પદ્ધતિ અમલમાં (આશ્રમશાળા અધિકારી- તકેદારી- ટ્રેઝરી - આશ્રમશાળા સંચાલક) છે તે યોગ્ય નથી.

(૨૧) ગણિત અને અંગ્રેજી વિષયોમાં વિદ્યાર્થીઓ નબળા જણાયા.

(૨૨) અન્ય વિષયોમાં પણ વિદ્યાર્થીઓની તેમની ધોરણ પ્રમાણેની લાયકાત નબળી જણાઈ.

(૨૩) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા થતી વિવિધ સ્પર્ધાઓમાં આદિજાતિ આશ્રમશાળાના બાળકોને પ્રવેશ આપવામાં આવતો નથી.

**૬.૧.૦ સૂચનો :**

આશ્રમશાળા વ્યવસ્થાને વધુ સુદઢ બનાવવા જરૂરી એવા સૂચનો અહીં દર્શાવેલ છે.

(૧) આશ્રમશાળાની નવી મંજૂરી વસતિ, વિસ્તારને ખ્યાલમાં રાખી આપવી જોઈએ.

(૨) એક સંચાલક મંડળ નીચે કેટલી સંસ્થાઓ આપવી તેનું મર્યાદાનું ધોરણ નક્કી કરવું જોઈએ.

(૩) આશ્રમશાળા શરૂ થયા પછી નિશ્ચિત સમય મર્યાદામાં જમીન, મકાન અને અન્ય પાયાની સુવિધાઓ ઊભી કરે જ તે અંગેનું ધોરણ નક્કી કરવું જોઈએ અને એ સમય મર્યાદામાં વ્યવસ્થા ઊભી ન રે તો માન્યતા રદ કરવી જોઈએ.

(૪) નવી આશ્રમશાળાઓ જે તે શૈક્ષણિક વર્ષની શરૂઆતથી જ ચાલુ થયા તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૫) શિક્ષકોની નિમણૂંક સમયે આશ્રમી કેળવણી પ્રત્યેની તેમની નિષ્ઠાની સાથે ન્યૂનતમ શૈક્ષણિક લાયકાતને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

(૬) બાળકો અને શિક્ષકોના નિવાસ સ્થાન તેમજ અન્ય જરૂરી સાધનો માટે પ્રવર્તમાન ભાવાંકને ધ્યાનમાં રાખીને નાણાંની જોગવાઈ કરવી જોઈએ.

(૭) માન્ય સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓને રાખતી આશ્રમશાળાઓની મંજૂરી રદ કરવી જોઈએ.

(૮) આશ્રમશાળાઓનું નિરંતર નિરિક્ષણ થવું જોઈએ.

(૯) આશ્રમશાળામાં સ્ટાફની ભરતીની પ્રક્રિયામાં સુધારો લાવવો ખૂબજ જરૂરી છે.

(૧૦) આશ્રમશાળા અંગેના નિયમોની વિસ્તૃત માહિતી આશ્રમશાળાના સંચાલકો તેમજ કાર્યરોને મળી રહે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

(૧૧) આશ્રમશાળાને શિક્ષણ વિભાગ હસ્તક મૂકીને બધા જ લાભો આપી શકાય. આ અંગે સરકારશ્રીએ વિચારણા કરવી જોઈએ.

(૧૨) વિદ્યાર્થીઓને સામાન્ય લક્ષી શિક્ષણની સાથે આશ્રમશાળામાં રહે છે તો તેમના સર્વાંગી વિકાસ માટે હાથ-પગની કેળવણી મળે તેવી પ્રવૃત્તિ સાથે શિક્ષણ આપવું જોઈએ.

(૧૩) આશ્રમશાળાને આચાર્યને ૩૦% રકમ શાળા તથા છાત્રાલયના નાના મોટા તાત્કાલિક કરવા પડતા ખર્ચા માટે ફાળવવા જોઈએ. જેવાં કે દવાખાના ખર્ચ, કન્ટીજન્સી વગેરે જેથી આ માટે સંચાલકો પર નિર્ભર ન રહેવું પડે.

(૧૪) પગાર ગ્રાન્ટ આશ્રમશાળા અધિકારીશ્રી દ્વારા ચૂકવવામાં આવે તો સમય મર્યાદામાં વેતન ચૂકવાય.

(૧૫) ભોજન ગ્રાન્ટનો વખતો વખત અભ્યાસ કરી મોંઘવારી સાથે તેને વધારવી જોઈએ અને સરકાર બાળકદીઠ જે રકમ આપે તે બાળક માટે જ ખર્ચાય તે જોવું જોઈએ.

(૧૬) આશ્રમશાળાના નિરિક્ષણ માટે વાલીમંડળ તેમજ સમાજમાંથી સભ્યો લઈ સમિતિ બનાવવી જોઈએ.

(૧૭) શિક્ષકોએ આશ્રમશાળાની પ્રવૃત્તિઓ એવી રીતે વિસ્તારવી કે જેથી આશ્રમશાળા આજુબાજુના વિસ્તારથી અલિપ્ત ન રહે.

(૧૮) વર્ષમાં એકાદવાર અન્ય આશ્રમશાળાની મુલાકાત ગોઠવવી જોઈએ અને તેમાંથી પોતાની આશ્રમશાળામાં જરૂરી ફેરફાર કરવા જોઈએ. આવી મુલાકાત દર વર્ષે અલગ અલગ સ્થળે ગોઠવવા જોઈએ. સંચાલકોએ પણ બીજી આશ્રમશાળા જોઈ પોતાને ત્યાંની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૧૯) સંચાલકોએ વહીવટીય બાબતોમાં આશ્રમશાળાના કાર્યકરોને (આચાર્યને) પણ સામેલ કરવા જોઈએ.

(૨૦) જે તે વિસ્તારમાં ઉજવાતા તહેવારો પ્રમાણે રજાઓનું કેલેન્ડર બનાવી તેનો અમલ કરાવવો જોઈએ કે જેથી વિદ્યાર્થીઓની હાજરીનો પ્રશ્ન હલ કરી શકાય.